ડોલ્ફિ[illegible]

વિહાર [illegible]

કાવ્ય વિનોદ.

ચતુર્થ વીહાર (ભાગ ચોથો)

કુંજ ૧૨૧ થી ૧૫૦

પ્રાચીન હીંદી કાવ્યોનો અપુર્વ સંગ્રહ.

લેખક

મરહુમ મી૦ અમરચંદ પી૦ પરમાર

પ્રકાશક

છગનલાલ એમ૦ ચોહાણ.

સંવત ૧૯૬૮ સન ૧૯૧૧

કીમત ૧૨ આના.

મુંબઈ.

મુંબઈ, કોટ, ફ્રીયર રોડ, નં૦ ૮, મુંબઈ
સમાચાર છાપખાનામાં કબસરૂ માણેકજી
બરજોરજી મીનોચેરહોમજીએ
છાપ્યું છે.

મુંબઈ.



પુસ્તક મળવાનાં ઠેકાણા.

અમરચંદ પી૦ પરમાર
નં૦ ૧૩૧ ગુલાલવાડી-મુંબઇ.

મેસર્સ એન. એમ. ત્રીપાઠીની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ-મુંબઇ.

મેસર્સ મેઘજી હીરજીની કું૦
પાયધુની-મુંબઇ.

શેઠ રામચંદ વીરચંદ શરાફ
ત્રાંબાકાંટા-મુંબઇ.

કાવ્ય વિનોદ.

પ્રથમ વીહાર (પહેલો ભાગ.)

૪૭ કુંજો સુધી.

સાક્ષર રા૦ રા૦ રણછોડભાઈ ઉદયરામે

સંશોધન કરેલી.

બીજી આવૃત્તી તદન નવી પદ્ધતી ઉમદા
સાઈઝ પાકું પુઠું તથા સુંદર ટાઈપમાં
છપાઈ તૈયાર થવા આવી છે.

કીંમત ૧૦ આના.

બીજા તથા ત્રીજા ભાગની જુજ નકલો
બાકી રહી છે.

કીં૦ રૂ૦ ૧

ચારે ભાગ સાથે લેનારને રૂા. ૩ થી આપ
વામાં આવશે. પોસ્ટેજ જુદું સમજવું.

શ્રી માધવાચાર્ય પ્રણીત

સર્વ દર્શન સંગ્રહ.

**પ્રો૦ મણીલાલ નભુભાઈ ધ્યાદીના
તરજુમાવાળો.**

પંદર દર્શન(ધર્મ)નું અપુર્વ સ્વરૂપ.

ગુજરાતી ભાષામાં આ ગ્રંથ સંપાદન છે.

દરેક ધર્મનું રહસ્ય જાણવું એ માણસ માત્રની ફરજ છે.

મુળ કીં૦ રૂ૧૦ પ. ઘટાડેલી કીં૦ રૂ ૨–૮–૦

અમરચંદ પી૦ પરમાર
ગુલાલવાડી–મુંબઈ

મેઘજી હીરજીની કું૦
પાયધુની–મુંબઈ.

અક્ષરના ક્રમવાર અનુક્રમણિકા.

અ.

ક

ખ.

ગ.

ઠ

ત

દ

ધ

ન.

પ.

ફ

બ

ભ

મ

ય

ર

લ

વ

શ.

સ.

હ

કાવ્યવિનોદ.

(ચતુર્થ વિહાર—ચોથો ભાગ.)

૧૨૧. કુંજ.

ઘડો અને પણિહારી.

એક સ્ત્રી પાણી ભરીને આવતાં થાકી ગઇ ત્યારે ઘડાને કહેવા લાગી :-

તું તો ઘડા કુંભારકા,
નિત ઉઠ દુઃખ દે મુજકું;
રીસ અઇસી આવે મુજે,
ફોર ડારૂં તુજ કું.-૧૦૬૯.

ભાવાર્થ:-તું કુંભારના ઘરનો ઘડો રોજ ઉઠીને મને દુઃખજ દે છે! મને એવો ગુસ્સો આવે છે કે, જાણે તને ફોડી નાંખું!

લહેરો અને કાળા નાગો શોભે છે; કપાળમાં નાનો ચંદ્ર શોભે છે, અને ગળામાં મનુષ્યોના માથાની મુંડમાળ આવી રહી છે; ' શાલિગ્રામ કહે છે કે, એવી સામગ્રી સહિત મહાદેવ એક અમાવાસ્યાને દિને કુબેરની નગરી (અલકા)માં આવ્યા ત્યાં ગણુપતિ તેના કપાળના ચંદ્રને જોવા લાગ્યા.

વાંઝણી જે પાર્વતી (ગણુપતિને ગર્ભમાં ધારણ કરેલા નહિ.) તેના પુત્ર જે ગણેશ તે બજારની અંદર અમાવાસ્યાની રાત્રિને વિષે ચંદ્રમાને જુએ છે !

દોહા.

સુમનવરન વિન રસ ચુને,
નિગુન બનાયો હાર;
જગુન છમહુ ભો ! સુજન હે,
મીર માલ સ્વીકાર.—૧૦૭૩

ભાવાર્થ:—રસને છાંટયા વગર અને ફુલરૂપી અક્ષરોને એકઠા કર્યા વગર નિગુન (કવિતામાં ગુણ રહિત; ફૂલમાં ગુન એટલે.

દોરી-દોરી વગરનો) હાર બનાવવામા આ તો મીર કવિ કહે છે કે, * * * *

દોહા.

દાન પાઇ દોહિ બઢે કે,
હરિ કૈ હરી નાથ;
ઉન બઢિ ઉંચો પગ કિયો,
ઈન બઢિ ઉંચો હાથ.-૧૦૭૪.

હરિનાથ.

ભાવાર્થ:-દાન મેળવ્યા પછી બે જણ ઉંચે દરજ્જે ચઢયા; એક વામન અવતારમાં શ્રી કૃષ્ણ, અને એક હરિનાથ કવિ. બલિ રાજા પાસે દાન લઇને શ્રી કૃષ્ણે પગ એવો લાંબો કર્યો કે, ત્રણ પાંવડામાં આખી સૃષ્ટિ ચાંપી દીધી, તેથી તેણે તો પગ લાંબો કર્યો અને જોધપુરના રાજા માનસિંહ જે મહા દાનેશ્વરી અને કવિ હતા તેમણે બે દોહરાના બે લાખ રૂપીઆ કવિ હરિનાથને આપ્યા; તે રૂપીઆ લઇને બહાર જતાં માગ

લહેરો અને કાળા નાગો શોભે છે; કપાળમાં નાનો ચંદ્ર શોભે છે, અને ગળામાં મનુષ્યો ના માથાની મુંડમાળ આવી રહી છે; શા લિગ્રામ કહે છે કે, એવી સામગ્રી સહિત મહાદેવ એક અમાવાસ્યાને દિને કુબેરની ન ગરી (અલકા)માં આવ્યા ત્યાં ગણપતિ તેના કપાળના ચંદ્રને જોવા લાગ્યા.

વાંઝણી જે પાર્વતી (ગણપતિને ગર્ભમાં ધારણ કરેલા નહિ.) તેના પુત્ર જે ગણેશ તે બજારની અંદર અમાવાસ્યાની રાત્રિને વિષે ચંદ્રમાને જુએ છે!

દોહા.

સુમનવરન વિન રસ ચુને,
નિગુન બનાયો હાર;
જગુન છમહુ ભો! સુજન હે,
મીર માલ સ્વીકાર.–૧૦૭૩.

ભાવાર્થ:–રસને છાંટયા વગર અને ફુલરૂપી અક્ષરોને એકઠા કર્યા વગર નિગુન (કવિતામાં ગુણ રહિત; ફૂલમાં ગુન એટલે.

દોરી-દોરી વગરનો) હાર બનાવવીમા આ તો મીર કવિ કહે છે કે, * * * *

દોહા.

દાન પાઈ દોહિ બઢે કે,
હરિ કૈ હરીનાથ;
ઉન બઢિ ઉંચો પગ કિયો,
ઈન બઢિ ઉંચો હાથ.-૧૦૭૪.

હરિનાથ.

ભાવાર્થ:-દાન મેળવ્યા પછી બે જણ ઉંચે દરજ્જે ચઢવા; એક વામન અવતારમાં શ્રી કૃષ્ણ, અને એક હરિનાથ કવિ. બલિ રાજા પાસે દાન લઈને શ્રી કૃષ્ણે પગ એવો લાંબો કર્યો કે, ત્રણ પાંવડામાં આખી સૃષ્ટિ ચાંપી દીધી, તેથી તેણે તો પગ લાંબો કર્યો અને જોધપુરના રાજા માનસિંહ જે મહા દાનેશ્વરી અને કવિ હતા તેમણે બે દોહરાના બે લાખ રૂપીઆ કવિ હરિનાથને આપ્યા; તે રૂપીઆ લઈને બહાર જતાં માગ

…ારાઓને લાંબો હાથ કરી કરીને વહેંચા આપ્યા. એ વડે એ બંનેની તારીફ થઇ છે.

એ દોહરા નીચે પ્રમાણે છે :–

દોહા.

બલિ બોઇ કીરતિ લતા,
કરન કરી હૈ પાત;
સીંચીં માન મહીપ ને,
જબ દેખી કુમિલાત.–૧૦૭૫.

જાતી જાતીતેં ગુણ અધિક,
સુન્યો ન અજાહૂં કાન;
સેતુ બાંધિ રઘુબર તરે,
હેલા દે નૃપ માન.–૧૦૭૬.

હરિનાથ.

ભાવાર્થ:–બલિ રાજાએ એવું તો દાન કર્યું કે જાણે કીર્તિરૂપ વેલને તેણે

રોપી હોય નહિ ? વળી કરણ રાજા એવો દાનેશ્વરી થયો છે કે તેણે તે દાન વડે એ વેલને બે પાંદડાં ઉગાડયાં, અને જ્યારે તેને કુમલાતી–સુકાતી જોઇ ત્યારે જોધપુરના માનસિંહ રાજાએ તેને પાણીથી સિંચન કરીને જીવતી રાખી.

આજ સુધી જાતિ કરતાં જાતિમાં અધિક ગુણ હોવાનું સાંભળ્યું નથી, પણ શ્રી રામચંદ્રજી જેવા (લંકા અને રામેશ્વરની વચ્ચે) સેતુ–પુલ બાંધીને તરી ગયા, ત્યારે રાજા માનસિંહ માત્ર હેલા પાડવામાંજ તરી ગયા. કવિઓ વગેરેને હેલા પાડીને એટલે બોલાવીને આપતાં આપતાં જ એટલે જે કવિ તેમની પાસે જઇ ચઢે તેમનેજ નહિ પણ યોગ્ય પુરૂષોને શોધી શોધીને ઇનામ વગેરે આપવાથી આ લોકમાં કીર્તિ મેળવીને તરી ગયા અને પર લોક પણ સુધાર્યું.

દોહા. (રાજનીતિ.)

ખેતી, પાતી, બીનતી,
ઔ ઘોડેકા તંગ;
અપને હાથ સમ્હારિયે,
લાખ લોગ હો સંગ.—૧૦૭૭.

ભાવાર્થ:—લાખો લોકની સંગતિ હોય તે છતાં પણ ખેતી, પત્ર, અરજ અને ઘોડાનો તંગ તો આપણેજ હાથે સમ્હારવાં જોઇએ. (ખેતી જાતે કરવી, પત્ર હાથે લખવો, વિનંતી—અરજ પોતેજ કરવી, અને ઘોડાનો તંગ ખેંચવામાં કોઇનો ભરોસો કરવો નહિ, કારણકે ઢીલો તંગ ઘણીવાર મરણનું કારણ થઇ પડે છે.)

પરોપકાર.

કવિત.

જીવન અપાર જાકી, જાતકો ન આવે થાહ,
કીયે કોષ ભાંતિ ભાંતિ, રતનોંકી ઢેરી હૈ;
સંપતિકે સાગર જગતમેં કહ્યાન ક્હે,
ઔરનકોં દિજીયે બડાઇ સબ તેરી હ;

અંગ અંગ પુરન, તરંગનતૈં છાય રહ્યો,
સોહે ચંદ તાત એક, બાત ઘટ ઘેરી હૈ;
બાટકે બટાઉ પ્યાસે, પૂછે તીર કૂપ કહાં?
અહે! ક્ષાર સાગર! બડાઇ ધિઃકક્ તેરી હૈ.
—૧૦૭૮.

ભાવાર્થઃ—કવિ કલ્યાણ એક રાજા પાસે ગયા, પણ કંઇપણ કદર થઇ નહિ. ફરતા ફરતા એક સમુદ્ર કિનારે આવ્યા. ત્યાં પાણીની તૃષા લાગી તો પાણી ખારૂં જોઇ, આસપાસ કૂવો જોવા લાગ્યા. આખરે કવિરાજ સમુદ્રને કહે છેઃ—

જેનું મોટું જીવન છે, અને જેના પાણીનો પાર મળતો નથી, વળી જાત જાતનાં રત્નો એકઠાં કરી મોટા ઢગલા કર્યા છે; લક્ષ્મીના સમુદ્ર, દુનિયામાં તને કલ્યાણરૂપ કહે છે. (કલ્યાણ કવિ કહે છે.) જો એ વસ્તુઓ તું બીજાને આપશે તોજ તેમાં તારી મોટાઇ છે. તારૂં પૂરૂં અંગ (સદા ભરપૂર) છે, તરંગ—મોજાંથી છવાઇ રહ્યો છે; વળી ચંદ્રમા જેવા સુપુત્રનો તું પિતા છે; એટલું બધું છતાં પણ એક વાત તારામાં ઘટે છે, અને તે એ કે રસ્તાનો ચાલનાર મુસાફર તારે કિનારે આવીને પણ એમ પૂછશે

કે અહીં મીઠા પાણીનો કૂવો કયાં છે? હે સાગર! તું મોટો કહેવાયો પણ તારી બડાઇને ધિઃક્કાર છે. (અર્થાત્ તારૂં પાણી પીવાના કામમાં આવતું નથી.)

શાંતરસ. (પરમ પુરૂષ દશા).

કવિત.

કીચસો કનક જાકે, નીચસો નરેશપદ,
મીચસી મિતાઇ ગરવાઇ જાકે ગારસી;
જહરસી જોગ જાનિ, કહરસી કરા માનિ,
હુહરસી હૌંસ પુદ્ગલ છબી છારસી;
જાલસો જગ વિલાસ, ભાલસો ભુવન વાસ,
કાલસો કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસો સુજસ જાન, બીઠસો બખત માન,
ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી.—
૧૦૭૯.

ભાવાર્થ:—જે કંચનને કાદવ સરખું જાણે છે, રાજગાદીને નીચપદ સરખી, કોઇથી સ્નેહ કરવો તેને મરણ સમાન, મોટાઇને લીપવાની ગાર જેવી, કિમિયા વગેરે જોગને ઝેર સમાન, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને આશા સ

માન, પૂજ્યતા થવાની હોંસને અનર્થ સમાન, પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી, જગતના ભોગવિલાસને જાળ જેવા, ઘરવાસને ભાલા સમાન, કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન, લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન, કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી અને પુણ્યના ઉદયને વિષ્ટા સમાન જાણે છે, એવી જેની રીતિ હોય, તેને બનારસીદાસ વંદના કરે છે.

કવિત.

તુમનેહી દીની મન ઇંદ્રીયકું ચંચલતા,
તુમનેહી કહી ઇન્હે જીતે સોઇ બલી હે;
તુમનેહી કહી પુત્ર દારા બિન ગતિ નાહિ,
તુમનેહી કહી યહી કું દેહુકી ગલી હે;
તુમનેહી કહી માયા ત્યાગકે વિરાગ ધરો,
તુમનેહી કહી માયા સબસેંહી ભૂલી હે;
નિપટનિરંજની અવર કોઇ માલિક ના,
જાકે આગે નાથ ન્યાય! હમ તુમ મલી હે.—
૧૦૮૦.

ભાવાર્થ:—હે, પ્રભુ! તમેજ મન અને ઇંદ્રિયોને ચંચળતા બક્ષી છે, અર્થાત્ તેઓના વિષય બનાવ્યા: તમે એમ પણ કહ્યું છે કે, તેને જીતે તે બળવાન છે: એકવાર કહો છો કે સ્ત્રી અને પુત્ર વગર ગતિ નથી; અને વળી કહો છો કે, એજ છોકરાં ફંદામાં નાખનારાં છે; તમોએ કહ્યું છે કે, માયા છોડીને વૈરાગ્યને ધારણ કરો અને વળી કહો છો કે, બધામાં માયા બળવાન છે.

નિપટનિરંજની કહે છે કે, તમારા કરતાં મોટો બીજો કોઇ માલિક નથી કે, જેની આગળ હે નાથ—પ્રભુ! તમારો ને અમારો ઇન્સાફ કરાવીએ.

૧૨૨. કુંજ.

સમસ્યા પૂર્તી.

કબ વાહન સ્વામિકે સાસ ચઢો ?

ગણનાયકકી પ્રતિમા અતિ સુંદર,
  જૈસે નિજ હાથ વિરંચિ ગઢો;
[illegible] અંગ સુરંગ સિંદૂર બસૈ,
  એકદંત અનૂપમ રૂપ મઢો;
બળદેવજૂ મોદક ફૂલનતે,
  કિય પૂજન દેખિ પ્રમોદ બઢો;
તિલ અક્ષત ભક્ષન મૂષ ગયો,
  તબ વાહન સ્વામિકે સાસ ચઢો.—

૧૦૮૧.

ભાવાર્થ:—બ્રહ્માએ ગણેશની અતિ સુંદર પ્રતિમા બનાવીને આખે શરીરે સિંદૂર અને એક દાંત સુંદર શોભી રહ્યો છે. લાડુ અને ફૂલ વડે પૂજા કરીને આનંદ વધ્યો. તેના ઉપર ચઢેલા તલ અને ચોખા એક ઉંદર ખાઇ ગયો. એ રીતે સ્વામી જે ગણેશ, તેનું વાહન જે ઉંદર તે સ્વામીના માથા ઉપર ચઢ્યો.

૧૨૨. કુંજ.

૧ ૨ ૩ ૪
૧. કમળ કરિ હરિ કોકિલ,
૫ ૬ ૭ ૮
દીપ મૃગ શશિયર વીષધર,
૮ ૭ ૬ ૫
૨. શ્યામ શરદ થલ દિયલ,
૪ ૩ ૨ ૧
અંબ વન સિંહલ સરવર;
૧ ૨ ૩ ૪
૩. રકત મદ ભૂખ રસાલ,
૫ ૬ ૭ ૮
શીખ ત્રઠ રાંકાં નોકુલ,
૮ ૭ ૬ ૫
૪. જીનત મધ લઘુ તિમિર,
૪ ૩ ૨ ૧
બસંત યુવ બિનંકુશ કોમળ,
૧ ૨ ૩ ૪
૫. પે ગત કટિ સ્વર,
૫ ૬ ૭ ૮
નાસિકા, નેનાં ભાલ વેણી બની;
કર સિંગાર ભીષ્મક સુતા,
મિલે કાન અરૂ રૂકમની.—૧૦૮૨.

શબ્દાર્થ.

૧ ૨ ૩ ૪
૧. કમળ હાથી સિંહ કોયલ,
૫ ૬ ૭ ૮
દીવો હરિણ ચંદ્ર સાપ,
૮ ૭ ૬ ૫
૨. કાળો શરદ સ્થળ દેવળ,
૪ ૩ ૨ ૧
આંબો જંગલ સિંહલદ્વીપ સરોવર;
૧ ૨ ૩ ૪
૩. લાલ મદવાળો ભૂખ્યો રસાળ,
૫ ૬ ૭ ૮
અખંડિત નાસતું નિર્મળ કાંચળીવિના,
૮ ૭ ૬ ૫
૪. જુવાન મધ્યરાત્રિ બાળ અંધારૂ,
૪ ૩ ૨ ૧
વસંત જુવાન અંકુશવિના કોમળ;
૧ ૨ ૩ ૪
૫. પગ ચાલ કમર કંઠ
૫ ૬ ૭ ૮
નાક, આંખ કપાળ ચોટલો.

ભાવાર્થ:—(આ કાવ્યને મળતા કાવ્ય માટે જુઓ કાવ્યવિનોદ પ્રથમ વિહાર-કાવ્ય ૧૩૬ મું. અર્થ સમજવાનો ખુલાસો તેમાં વીસ્તારપૂર્વક આપ્યો છે.)

ઉપર જે અંક મૂકયા છે, તેના અર્થના અંકો નીચે મૂકયા છે, તે પ્રથમ ધ્યાનમાં લેવા.

આખી લીટીના બબે કટકા કર્યા છે; પણ ખરૂં જોતાં છ લીટી સમજવી. અર્થ સમજવાનો ખુલાસો એવો છે કે પહેલી લીટીનો ૧ નો અંક. તેમજ બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી લીટીના ૧ ના અંકવાળા શબ્દોને પાસે પાસે મૂકી જવા, જેથી એકજ અંગના વર્ણનનાં વિશેષણો સાથેજ આવી જશે; એજ પ્રમાણે ૨ ના અંકવાળા શબ્દોને દરેક લીટીમાંથી લઇ પાસે પાસે મૂકવા; એમ ૮ સુધીના અંકો લેવા.

ભિષ્મકની પુત્રી રૂક્ષ્મણી શૃંગાર સજીને જાય છે, અને એ રીતે શ્રીકૃષ્ણની સાથે મળે છે, તે શૃંગાર કેવો છે?

પહેલી લીટીમાં મૂકેલા આઠ શબ્દો નો ક્રમ પ્રથમ ધ્યાનમાં લઇને પછી બી જી લીટીથી ઉલટો ક્રમ લેવો, એટલે છે

લ્લા (આઠમા) શબ્દને પહેલો, સાતમાને બીજો એમ કરવું. દરેક લીટીએ એ પ્રમાણે ન્યદ ઉતર કરવું.

દરેક અંગની શોભાના વિશેષણો એક એકથી ચઢિયાતાં છે.

૧. **પગ**—પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી લીટીમાંના ૧ ના નિશાનવાળા શબ્દને સાથે ગોઠવતાં એવો ભાવાર્થ નીકળે છે કે—તેના પગની પાનીનો રંગ (પાંચમી લીટી) સરોવરમાં ખીલેલા કોમળ લાલ કમળના જેવો છે.

૨. **ચાલ**—(રના નિશાનથી) તેની ચાલ સિંહલદ્વીપના મદથી ઝરતા, અંકુશ વગરના (જંગલમાંના) હાથીના જેવી છે.

૩. **કમર**—તેની કમર જંગલમાંના (પાંજરામાંનો નહિ) ભૂખ્યા જુવાન સિંહના જેવી છે.

૪. **કંઠ**—તેનો કંઠ વસંતઋતુની રસાળ આંબાના વૃક્ષપર બેઠેલી કોયલના જેવો છે.

૫. **નાક**—તેનું નાક દેવળને વિષે અંધારામાં બળતા અખંડિત (શીખાબંધ) દીપક સમાન છે.

૬. **આંખ**–તેની આંખ સ્થળને વિષે ત્રાસથી નાસતાં હરિણનાં બચ્ચાંના જેવી છે.

૭. **કપાળ**–તેનુ કપાળ શરદ્ પૂર્ણિમાના મધ્યરાત્રિએ પ્રકાશતા નિર્મળ ચંદ્રમાના જેવું છે.

૮. **ચોટલો**–તેનો ચોટલો કાંચળી વિનાના કાળા જુવાન નાગના જેવો છે.

એક સ્ત્રી મરતી વખતે કાગડાને કહે છે:–

દોહા.

કાગા નૈન નિકાલ દઉં,
પિયા પાસ લે જાય;
પહિલે દરસ દિખાયકે,
પીછે લીજો ખાય.–૧૦૮૩.

ભાવાર્થ:–હે, કાગડા ! હું મારી આંખો તને કાઢી આપું છું, તે લઇને મારા પ્રિય સ્વામી પાસે જા. પહેલાં એ આંખને પ્યારાનું મ્હોંઢું બતાવજે અને પછી ખાવી હોય તો ખાજે.

દોહા.

જીન નૈનસે દેખતા,
કહાં ગયે વહ નૈન;
તિલ તિલ પ્રીતિ બઢાયકે,
અબ લાગે દુખ દેન.—૧૦૮૪.

ભાવાર્થ:—જે આંખોવડે જોતા હતા તે આંખો હવે કયાં ગઇ? તલતલ (થોડી થોડી) પ્રીતિ વધારીને હવે તે આંખો દુ:ખ દેવા લાગી છે. (પ્રીતિ દ્રઢ થયા પછી આંખની એવીજ સ્થિતિ થાય છે.)

સવૈયા.

કોલ હજાર કરે કિતને ફિર,
એકહુ તો તિનમેં નિબહે ના;
હોય સકે ન રતિ ભર કામ,
બિના બકબાદ ઝબાન રહે ના;
યોં કવિ ગ્વાલ લખે જન લાખ,
પશુ સમ રંચ બિચારહિ હે ના;
હે બિરલો નર યા જગમેં,
જો કહે સો કરે વ કરે સો કહે ના.—
૧૦૮૫.

ભાવાર્થઃ—હજાર કોલ કરે—વચન આપે પણ તેમાં એક પણ નિભાવતા નથી, રતીભાર કામ તો કરે નહિ, અને જીભ હલાવી બકવાદ કર્યાજ કરે (મોટી મોટી બડાઈઓ માર્યા કરે.) કવિ ગ્યાલ કહે છે કે એવા લાખો માણસો જોવામાં આવી ગયાં છે. કે જેઓને જાનવરની માફક સહેજ પણ વિચાર હોતો નથી.

[illegible] માં [illegible] પુરૂષ [illegible] વીરલા [illegible] છે, [illegible] કહે તે કરેજ. અને જે કરે તે મોઢેથી કહે નહિ કે. ફલાણું મેં કર્યું.

બાત કરામાત. (રાજનીતિ.)

કવિત.

બાતહી કહેતેં નાથ, ગોરખસે સિદ્ધ ભયે,
બાતહી કહેતેં પીર, અબલો પૂજાત હેં;
બાતહી કહેતેં બેદબ્યાસ જૂ પ્રસિદ્ધ ભયે,
શાહ શાહજાદે મિલે, બાતહી કહાત હેં;

બાતહી સુનાયે બિષ, બાસક ઉતર જાય,
જાને બિન બાત મૂઢ, કેતો દુઃખ પાત હૈં;
પારસી પુરાણ મંત્ર, બેદહૂ કતેબ બાત,
બાત કહિ આવે તાહિ, બાત કરામાત હૈં.
—૧૦૮૬.

રઘુ.

ભાવાર્થ:-વાત કરી જાણી તો ગોરખ નાથ જેવા સિદ્ધ થયા. અને વાત કરી જા ણવાથી કબીર પીર થઇ [illegible] છે:

વાત [illegible] પ્રસિદ્ધ થયા, અને વાત કહેતાં આવડે તો શાહ અને શાહજાદાઓ મળી શકે છે;

સાપ વગેરેનું ઝેર વાત સંભળાવવા થી (મંત્ર ભણવાથી) ઉતરી જાય છે. અને વાત નહિ જાણવાથી મૂર્ખ માણસ કેટલું દુઃખ પામે છે;

ફારસી, પુરાણ, મંત્ર, વેદ વગેરે કેટલી બધી બાબતોમાં વાત કરતાં આવડવી જોઇએ. ખરે! વાતજ કરામાત—ચમત્કાર છે.

દોહા. (વિયોગ શૃંગાર.)

અરે પપીહા બાવરે,
આધી રૈન ન કૂક;
ધીરે ધીરે સુલગતી,
સો તેને દીની ફૂંક.—૧૦૮૭.

ભાવાર્થ:—અરે ! ગાંડા બપૈયા ! પિયુ, પિયુ કરીને અડધી રાત્રે શા માટે બોલે છે ? મારો વિરહાગ્નિ જે ધીમે ધીમે સળગતો હતો તેને તેં બોલીને ફૂંક મારી તેથી એકદમ ભડકો લઇ ઉઠયો.

અજબ જમાનો.

આદમીકો આદમી,
તરસાય પાનીકે લિયે;
યેહ સીતમ ઇસ ચાર-
દિનકી જીંદગાનીકેલિયે ?—
૧૦૮૮.

ભાવાર્થ:— પાણીને વાસ્તે આદમી આદમીને તરસાવે છે. અરે ! આવો જુલમ માત્ર ચાર દહાડાની જીંદગાનીને વાસ્તે ?

કહેતા હય, મેં કરત હું,
કરનેવાલા કોય;
આરંભ્યા અધબીચ રહે,
હરિ કરે સો હોય.—૧૦૮૯.

ભાવાર્થ:—કહે છે કે હું કરૂં છું પણ કરવાવાળો બીજોજ કોઇ છે, કારણકે પ્રભુ કરે છે તેજ થાય છે, અને આરંભેલું કામ વચમાંજ રહી જાય છે.

નહિ હે તેરા કોય,
નહિ તૂં કોયકા;
સ્વારથકા સંસાર,
બન્યા દીન દોયકા.—૧૦૯૦.

ભાવાર્થ:—તારૂં કોઇ નથી, અને તું કોઇનો નથી, બધો સંસાર બે દિવસ માટે સ્વાર્થનો બનેલો છે.

ઇકુલાસમેં ઇદબારમેં,
ઇકબાલમેં ખુશ હયે;
પુરે હયેં વોહી મર્દ,
જો હર હાલમેં ખુશ હયે.—૧૦૯૧.

ભાવાર્થ:-ગરીબીમાં, તવંગરીમાં અને પ્રભુતામાં જે ખુશ છે,-જે માણસ હરેક હાલતમાં ખુશી હોય તેજ પૂરા મર્દ છે.

ચટણી.

રંડી મિંત ન કીજીએ,
  અકલ ભ્રષ્ટ હો જાય.
ભક્તિ ગુમાવે ઈષ્ટકી,
  જીત નરકો ખાય-
જીવંત નરકો ખાય,
  જહાં લગ હોવ સસંગા,
વહાં તલક નરકા નેહ,
  ... પર કરે પ્રસંગા;
કથે સુકવિયા કાન,
  રહે સંતોષે ભૂંડી,
અકલ ભ્રષ્ટ હો જાય,
  મિંત ન કરના રંડી!-૧૦૯૨.

૧૨૩. કુંજ.

દોહા.

જનક ભયે હૈં નાનકા,
ઉધો સૂર શરીર;
કવિ વાલ્મિક તુલસી ભયે,
શુકદેવ ભયે કબીર.

સૂરદાસ સુગુણ કથૈ,
નિર્ગુણ કથૈ કબીર;
રામરત્ન તુલસી કથૈ,
જય જય શ્રી રઘુવીર.–૧૦૯૩

ભાવાર્થ:—આગલા જન્મમાં જે જનક હતા, તેમનો જીવ આ જન્મમાં નાનક રૂપે થયો, અને ઓધવ સૂરદાસ રૂપે જન્મ્યા. કવિ વાલ્મિક તુલસીદાસ રૂપે અને શુકદેવ કબીર થયા.

સૂરદાસજી સુગુણને, કબીર નિર્ગુણને અને રામરત્ન તુલસીદાસજી રામચંદ્રને વર્ણવે છે.

બીરબલ અને ગંગ એક ગુરૂ પાસે ભણુતા હતા તેથી મિત્રતા થઇ ગઇ હતી. જ્યારે બીરબલને પ્રથમજ વજીરપદ મળ્યું, ત્યારે ગંગે તેને કંઇ ભેટ અને મુબારકબાદી મોકલવાનો વિચાર કર્યો. પોતે ગરીબ તેથી ઝુંપડા આગળ બોરડી હતી તેનાં થોડાંએક બોર પાડીને નીચેના કાવ્ય સાથે બીરબલને ભેટ મોકલ્યાં.

દોહા.

આગુ સુદામા કૃષ્ણ થે,
ગંગ બીરબલ ફેર;
તા દિનમેં તાંદુલ હતે,
યહ દીનનમેં બેર.—૧૦૯૪.

ગંગ.

ભાવાર્થ:—આગલા સમયમાં સુદામા અને કૃષ્ણ જગ જાહેર મિત્રો થયા છે, તો આજે તેજ સ્થિતિના ગંગ અને બીરબલ થયા છે. તે વખતે સુદામાએ પોતાની ગરીબાઇને લીધે પૌઆ શ્રીકૃષ્ણને ભેટ આપ્યા હતા તો, આજે હું બોર મોકલું છું.

વળી આ પ્રમાણ પણ છે:—

તબ દ્વારા અબ મધુપુરી,
તબ. સુદામા અબ ટેર;
તબ શ્રીકૃષ્ણ અબ બિશ્નુ હો,
તબ તાંદુલ અબ બેર.—૧૦૯૫.

ભાવાર્થ:—ટેર નામના કવિ મથુરા શ્રી વિશ્નુનાં દર્શન કરવા ગયા, ત્યારે કહ્યું કે, પહેલાં દ્વારામતી-દ્વારકા હતી, આજે મથુરા છે, તે વખતે સુદામા હતા, આજે ટેર છે, ત્યારે શ્રી કૃષ્ણ નામ હતું, આજે વિશ્નુ છે, અને તે વખતે સુદામાએ ચોખા-પૌંઆ ભેટ કર્યા હતા તો આજે બોર ભેટ કરું છું.

તાન હદ્દ મિયાં તાનસેન,
હદ્દ બુદ્ધિ બલબીર;
શાહોંકા શા અકબરાં,
ટોડરમલ્લ વજીર.—૧૦૯૬.

ભાવાર્થ:—તાન લગાવવામાં મિયાં તાનસેન સર્વોપરી છે. બુદ્ધિબળમાં બીરબલ શ્રેષ્ટ છે, શાહોમાં અકબર શ્રેષ્ટ છે, ત્યારે ટોડરમલ્લ વજીર ઉત્તમ છે.

કવિત.

જો હૌં કહૌં રહિયે તૌ પ્રભુતા પ્રકટ હોત,
ચલન કહૌં તૌ હિતહાનિ નાહિ સહને;
ભાવૈ સુ કરહુ તૌ ઉદાસભાવ પ્રાણનાથ,
સાથ લૈ ચલહુ કૈસે લોકલાજ વહને;
કેસોરાયકી સૌં તુમ સુનહુ છબીલે લાલ,
ચલેહી બનત જોપૈં નાહિ રાજ રહને;
જૈસી યે સિખાઓ સીખતુમહીસુજાન પ્રિય,
તુમહી ચલત મોહીં જૈસી કછુ કહને.—
૧૦૯૭.

કેશવ.

ભાવાર્થઃ—પ્રીયના ગમન સમયે નાયિકા કહે છે કે, જો હું કહું કે, આપ રહો, મા જાઓ. તો મારી પ્રભુતા પ્રકટ થાય, અર્થાત્ પતિવ્રતાનો એ ધર્મ નહિ કે, પતિને આજ્ઞા કરે. જો કહું કે, જાઓ તો, સંયોગરૂપ જે હિત તેની હાનિ થાય છે. જો કહું કે, તમને ગમે તેમ કરો તો, હે પ્રાણનાથ ! ઉદાસભાવ જણાય છે. જો "સાથે લઇ ચાલો" એમ કહું તો લોકલાજનો ભાર કેમ વેઠાય? હે છબીલા લા

લ ! તમે સાંભળો, હું કેશવરાય (કેશવ-કૃષ્ણ; કેશવ-કવિ) ના કસમ ખાઇને કહું છું કે, હે રાજ ! જો તમારે જવુંજ પડે તેમજ હોય અને રહેવું નહોય, તો હે ચતુર પ્રિય ! તમારા ગમન સમયે મારે જે કાંઇ વચનો બોલવા ઘટે તે તમેજ મને શીખવો.

દોહા.

જો સુખ ચાહો શરીરકો,
તજો યુવાતેં ચાર;
ચોરી, ચુગલી, જામની,
ઔર પરાઇ નાર.—૧૦૯૮.

ભાવાર્થ:—જો તમારા શરીરને સુખી કરવા ચહાતા હો તો જુવાનીથીજ ચોરી, ચુગલી, (ચાડી) કોઇના જામીન થવું તે, અને પારકી સ્ત્રી, એ ચાર વસ્તુને છોડી દો.

શહેનશાહ અકબરના સેનાપતી આંબેર—જયપૂરના મહારાજ માનસિંહે જ્યારે લંકા (સીલોન) પર ચઢાઇ કરવાનો વિચાર કર્યો, ત્યારે એ વાત તેના લશ્કરી "મન

સબદારોને રૂચીકર થઇ નહિ, અને રાજા માનસિંહનો એ વિચાર કોઇ રીતે બંધ રહે એમ સૌની ઇચ્છા હતી; ખરી વાત છે કે, બેદિલ માણસોને લઇ જે કરવા જઇએ તેની કદી સિદ્ધિ પણ થતી નથી. એ અભિપ્રાયને પામી એક કવિએ તેને કહ્યું કેઃ—

સોરઠા.

માન મહીપતિ! માન,
લંક ગોન કીજો નહિ;
રઘુપતિ દીનો દાન,
વિપ્ર વિભિસન જાનકે.—૧૦૯૯.

ભાવાર્થઃ—હે, રાજા માન! તું મારૂં કહ્યું માન કે લંકાપર જતો નહિ; કારણકે એ લંકા તો રામચંદ્રે વિભિક્ષણને બ્રાહ્મણ જાણીને દાનમાં આપી હતી; બ્રાહ્મણને દાનમાં દીધેલું લેવાય નહિ.

પરિણામ એ આવ્યું કે ચઢાઇ મોકુફ-બંધ રહી. એકજ કવિએ એકજ કાવ્યમાં કેવું મહાન્ કાર્ય બજાવ્યું!

દોહા.

વે ન યહાં નાગર બડે,
જિન આદર તોં આબ;
ફૂલ્યો અનફૂલ્યો ભયો,
ગઁવઇ ગાઁવ ગુલાબ.–૧૧૦૦.

બિહારી.

ભાવાર્થ:–જે તારી સુઘડતાઇ (પાણી) નો આદર સત્કાર કરી શકે એવા અત્રે મોટા ચતુર પુરૂષો નથી. માટે હે, ગુલાબ ! તું ગમાર ગામમાં ફલ્યો, તે નહિ ફૂલ્યા સમાન છે. કારણકે તારી કદર કરનારૂં ત્યાં કોઇ નથી.

મૂર્ખ માણસોમાં ગુણીના ગુણ પ્રકાશિત થઇ શકતા નથી.

દોહા.

કરતે સૂધિ સરાહિકૈ,
રહે સબૈ ગહિ મૌન;
ગંધી ગંધ ગુલાબકો,
ગઁવઇ ગાહક કૌન.–૧૧૦૧.

બિહારી.

ભાવાર્થ:–હાથમાં લઇ સુંઘીને આ બધા ગમારો મુંગા ઉભા થઇ રહ્યા છે; હે, ગાંધી–અત્તરવાળા ! ગુલાબની ખુશબોનો ગામમાં કયો ગમાર ગ્રાહક છે કે જે ખરીદ કરશે ?

એજ પ્રમાણે મૂર્ખોની આગળ ગુણીના ગુણ પ્રકાશવા છે.

કવિત.

કમલાનિવાસી વાકૂં મૂઢમતિ ગતી દીની,
પ્રતાપી ઉદાર વાકૂં કોડી નહિ દીની હે;
કામિની કનક જૈસી મૂરખકે પાલે પરી,
શંખિની અગોચર સો ચતુરકૂં દીની હે;
સમુદ્ર અગાધ નીર ખારો કર દીનો તૂને,
ખગ બગસેં બનાયો, કહા ગતી કીની હે;
કહે વિશ્વનાથ જગદીશકે પરૂં હું પાય,
બિરંચીને કહા કછુ વિજિયાકો પીની હે ?

–૧૧૦૨.

વિશ્વનાથ.

ભાવાર્થ:–ધનવાનને મૂઢ બનાવ્યા, પ્રતાપી અને ઉદાર પુરૂષોને કોડી આપી નથી;

સોના જેવી સ્ત્રી મૂર્ખને પાલવે પડી છે; અગોચર શંખણી ચતુરને મળી; અગાધ સમુદ્રના પાણીને ખારૂં કર્યું, કેવી સ્થિતિ છે કે બગલાં જેવાં પક્ષીઓ બનાવ્યાં છે !

વિશ્વનાથ કવિ કહે છે કે પ્રભુને હુ પગે લાગું છું, (મને માફ કરે) પણ કહ્યા વગર ચાલતું નથી, કે બ્રહ્માએ આવું આવું ઉત્પન્ન કરતી વખતે કાંઇ ભાંગ તો પીધી નહિ હોય !

વિરોધાભાસ.

કામનીકોં તજે સદા હોત નિજ કામ નીકો,
વામ પંથ તજે સદા હોત નિજ વામ હે;
બાસના તજેતેં હોત બાસ નાક લોકનમેં,
રામકો ભજેતેં પાય આતમા આરામ હે;
બસન તજેતેં કદા બસ ન રમેશ હોત,
હોત બસ્ય કામ તજી કીને પર કામ હે;
ગોવિંદ ના સિદ્ધિ હોત મનકે ફિરાયે પર,
મનકે ગહેતેં હોત સિદ્ધિ સબ કામ હે.

—૧૧૦૩.

ભાવાર્થ:–સ્ત્રીને છોડવાથી હંમેશાં પોતાનું કાર્ય ચોખ્ખી રીતે પાર પડે છે. વામ પંથ (મદ્ય, માંસ, મૈથુન આદિ પાંચ મકાર ધારણ કરનારો પંથ) છોડવાથી હંમેશાં પોતાનું ભલું થાય છે. (ડાબો ધોરી–બળદ મજબુત કહેવાય છે.);

વિષયોની વાસના છોડવાથી સ્વર્ગમાં સ્થાન મળે છે, અને રામને ભજવાથી આત્માને આરામ મળે છે;

કપડાંને છોડવાથી કદી પણ ભગવાન વશ થતા નથી. કામ તજીને પારકાં કામ કર્યાં હોય તે પોતાને વશ રહે છે; ગોવિંદ કહે છે, કે મનને ફેરવ્યાથી સિદ્ધિ થતી નથી, પણ મનને પકડી રાખવાથી (કબજે રાખવાથી) સર્વ ઇચ્છાઓ સિદ્ધ થાય છે.

' આ કાવ્યમાં એકના એક શબ્દના જુદા જુદા અર્થ નીકળતા જાય છે. જેમકે કામનીકો,–કામ નીકો; વામ, બસન વગેરે.

૧૨૪. કુંજ.

પ્રેમ-બીન-મૃગ.

એક રજપૂતાણીનો સ્વામી, પોતાની સ્ત્રીની ભલામણ એક મિત્રને કરીને પરદેશ કમાવા ગયો. તે ઘણી મુદત થયા છતાં પાછો ન આવવાથી તે રજપૂતાણી પોતાનું પ્રિય બીન વાજું લઇને પોતાના સ્વામીની શોધમાં નીકળી. જંગલમાં એક તળાવપર મુકામ કર્યો, કારણકે ગામ ત્યાંથી દૂર હતું. રાતની વખતે બીન વગાડવા બેઠી તો કસ્તુરી મૃગો અને તેનો ઉપરી ત્યાં પાણી પીવા આવ્યાં હતાં તે સાંભળી મસ્ત બની ગયાં, અને કુંડાળું વળી ઉભાં થઇ રહ્યાં. થોડી વારે તેઓની નાભીમાંથી કસ્તુરી ઝરી, અને મૃગો ચાલ્યાં ગયાં. એમ રોજ થવા લાગ્યું, અને રજપૂતાણી પણ કસ્તુરી એકઠી કરતી ગઇ; પાસેના ગામમાં જઇ વેચી મોટી કિંમત મેળવી તેવડે તળાવપર એક સુંદર મકાન બાંધીને પોતાના સ્વામીની રાહ જોતી સદાવ્રત માંડીને બેઠી,

પેલો રજપૂત ઘેર આવ્યો અને પાડોશી ઓથી ખબર મળી કે તે તો ચાલી ગઇ છે, જેથી રજપૂત ક્રોધે ભરાઇ તેની શોધમાં ગયો. કોઇએ કહ્યું, કે તે તો રાજાની રાખેલી સ્ત્રી બનીને તળાવપરના મહેલમાં આનંદ કરે છે, તેથી રાતની વખતે એક ઝાડની ઓથે દબાઇ ને તેણે પ્રથમ રાજાને મારવાનો નિશ્ચય કર્યો.

જેવાં મૃગો અને કાલિયર અંધારી રાત્રે આવ્યાં, કે રજપૂતે રાજા સમજીને એક બાણ ફેંક્યું, કે તરતજ કાલિયર (મોટો મૃગ) નીચે પડયો. રજપૂતાણીને ખબર પડતાં બહુ દિલગીર થઇ. કવિ મૃગના મોઢામાં શબ્દ મુકી ઠકરાણીને કહે છે:—

દોહા.

પાન બજન્તે મેં ભગું,
પહૂંચું સિંહલદ્વીપ;
પ્રીત કરી તુજ બીનસેં,
તો શિશ કિયો બક્ષિસ.—૧૧૦૪.

રજપૂતાણી એ સાંભળી ચિંતા કરવા લાગી, તેપરથી મૃગ ફરી કહે છે:—

ચિન્તા મત કરો સુંદરી,
લગ્યો કલેજે ઘાવ;
જબલગ શ્વાસ શરીરમેં,
તબલગ બીન બજાવ.—૧૧૦૫.

રજપૂતાણીને રડતી જોઇ મૃગ વળી કહેવા લાગ્યો:—

અંતરકા તંતર કરો,
માંસ કાટ કર ખાઓ;
મેરે ચામપેં બૈઠકે,
અબ તુમ બિન બજાઓ.—૧૧૦૬.

ભાવાર્થ:—મૃગ કહે છે, કે એક પાંદડું ખખડે તો હું એવો દોડી શકું છું, કે ઠેઠ લંકા પહોંચી જાઉં. પણ તારા બીનથી પ્રીત કરી તો મેં મારું નાસ કર્યું, (મરી ગયો.)

હે, સુંદરિ! હવે નકામી ચિંતા ન કરો; અગરજો ઘાવ તો ઠેઠ કલેજા સુધી પહોંચી ગયો છે, તોપણ જ્યાં સુધી મારા શરીરમાં જીવ છે, ત્યાં સુધી તો તું તારૂં બીન વગાડ.

મારા આંતરડાની એ બીન વાસ્તે તાંત (તાર) બનાવ, વળી મારૂં માંસ કાપીને ખાજે, અને મારી ચામડી (મૃગચર્મ)પર બેસીને હવે સુખેથી બીન વગાડયા કરજે.

આ સાંભળી રજપૂતાણી કહે છે:—

દોહા.

બીન બીન સબ ફુટ ગયે,
તૂટ ગયે સબિ તાર;
સુનનેવાલે મર ગયે,
મરે બજાવનહાર.—૧૧૦૭.

ભાવાર્થ:—બીન વાજું ફુટી ગયું અથવા બીન વગર બધું નકામું છે. અને બધા તારો પણ તૂટી ગયા. જ્યારે સાંભળનારાજ મરી ગયા તો વગાડનારા તો પહેલાં મરી ગયા.

રજપૂત ગુસ્સાનો માર્યો રજપૂતાણી પાસે આવી બધી હકીકત મેળવતાં મોટો પસ્તાવો કરવા લાગ્યો.

કવિત.

એક દિનાં રાધિકા રિસાય ઉઠી કૃષ્ણજાૂસોં,
જાંય બેઠી ચંપકકી ડારહુકે તરરે;
ડારમેંસે કીર એક બોલત હે બાર બાર,
રાધાકૃષ્ણ ! રાધાકૃષ્ણ ! રાધાકૃષ્ણ ! કરરે !
રિસાય ઉઠી લાડલી, ઉડાય દેહોં અરે !
કીર કાટેહૂપેં લોન ભુરકે, ચુપ કયોં ન રહરે ?
તોહિકોં જો પ્રણ હે જુગલ નામ લેવેકો તો,
'કુબ્જાકૃષ્ણ કુબ્જાકૃષ્ણ કુબ્જાકૃષ્ણ' કહરે !!!
૧૧૦૮.

ભાવાર્થ:—કૃષ્ણને કુબ્જા સાથે પ્રીતિ કરતાં જોઇ એકવાર રાધિકા રીસાઇને ચંપાના ઝાડની એક ડાળી નીચે બેઠી.

એ ડાળમાંથી એક પોપટ વારંવાર "રાધાકૃષ્ણ, રાધાકૃષ્ણ" કરીને બોલતો હતો.

પોપટના ઉપર રાધિકાએ રીસ કરી, અને કહ્યું, કે અરે તને ઉડાવી દઉં ! હે,

પોપટ! કપાયલા ભાગ ઉપર મીઠું કેમ ભભરાવે છે? શા માટે ચુપ રહેતો નથી?

જો તને એકલા કૃષ્ણનું નામ ન લેતાં બેવડું (દંપતીનું) નામ દેવાનું પ્રણ (પ્રતિજ્ઞા, આગ્રહ) હોય તો તો "કુબ્જાકૃષ્ણ, કુબ્જાકૃષ્ણ" કરીને બોલ.

ગૂઢ.

સારંગ સોતા નિસ ભરી,
સારંગ ઠેડા બા'ર;
ઉઠ સારંગ સારંગ ગ્રહો,
સારંગ સારંગ માર.—૧૧૦૯.

ભાવાર્થ:—અત્રે સારંગના અર્થ ધણી, ચોર, કમાન અને તીર થાય છે. ઘરનો ધણી ભરનિદ્રામાં સુતો છે, અને બહાર ચોર ઉભા છે, તેને જોઇને સ્ત્રી કહે છે કે હે, પ્રિય! ઉઠો, અને હાથમાં કમાન-કામઠું પકડી, તીર વડે ચોરને મારો.

ગૂઢ.

ત્રાંબા સુત રિપુ તાસ ગુરૂ,
તા ભખકો અસવાર;
તા જનનિ પિય આભરણ,
તા ભખ સુત પ્રભુ જ્વાર.—૧૧૧૦.

ભાવાર્થ:—ત્રાંબા—ગાય; તે ગાયનો પુત્ર બળદ, એ બળદનો રિપુ—શત્રુ જે સિંહ, અને સિંહનો ગુરૂ બિલાડો, તેનું ભક્ષ ઉંદર. એ ઉંદરનો સવાર જે ગણપતિ, તેની માતા તે પાર્વતી, તેનો પ્રિય—સ્વામી જે શંકર, તેનું આભરણ—ઘરેણું જે સાપ, એ સાપનું ભક્ષ જે વાયુ (સાપ પવનભક્ષી કહેવાય છે,) તે વાયુનો સુત જે હનુમાન (પવનપુત્ર,) તેનો પ્રભુ—માલિક જે રામચંદ્ર તેને મારા જુહાર—પ્રણામ હજો.

આ કાવ્યમાં રામચંદ્રજીનું નામ દેવામાં કવિએ બાર શબ્દો લખી કાવ્ય ચતુરાઈ બતાવી છે.

સવૈયા.

યુદ્ધ જુરૈં દૂરયોધનસોં કહિ,
કો ન કરી યમલોક બસીત્યો?
કર્ણ કૃપા દ્વિજ દ્રોણસો બૈરક,
કાલ બચૈ વર કિજૈ પ્રતીત્યો?
ભીમ કહા? બપુરો અરૂ અર્જુન?
નારિ નંગ્યાવતહી બલ બીત્યો!
કેશવ કેવલ કેશવકે મત,
ભૂતલ ભારથ પારથ જીત્યો!!

—૧૧૧૧.

ભાવાર્થ:—દુર્યોધનથી યુદ્ધમાં જોડાઇને કોણે યમલોકમાં વાસ ન કર્યો? કર્ણ તથા કૃપાચાર્ય અને દ્રોણાચાર્ય જેવા બ્રાહ્મણ મહારથીઓથી વેર કરીને ખુદ કાળ—યમ પણ માંડ માંડ બચી શકે, એમ માનવું! બિચારો ભીમ અને અર્જુન શું? તેમની સ્રીને (દ્રૌપદીને સભા વચ્ચે) નગ્ન કરતી વેળાએજ તેમનું બળ ખાલી થયું—અર્થાત્ તેઓ બળ રહિત થઇ ગયા હતા. કેશવદાસ કવિ કહે છે કે કેવળ કેશવ ભગવાન—શ્રીકૃષ્ણના મત—મંત્રલ—સાહ્ય વડેજ પૃથ્વીને વિષે પારથ—અ

ર્જુન મહાભારતનું યુદ્ધ જીત્યો ! સલાહની કિંમત અંકાઇ.

સવૈયા.

રામ રહે ન રહે ઘનશ્યામ,
ન કામકી લોગ કહાનિ કહેરી !
સુંભ નિસુંભ ગયે જગસે,
બલિરાજકો રાજ ન કોઉ લહેરી !
રાવન લંક તજી સતભાવન,
ગાવનકોં અબ ગાથ ગહેરી !
દામ રહે નહિ ધામ રહે નહિ,
"નામ" સદા રનછોડ રહેરી !!!

—૧૧૧૨.

ભાવાર્થ:—રામ તેમ કૃષ્ણ રહ્યા નહિ, માત્ર લોકની કહાણીરૂપ રહી ગયા. સુંભ અને નિસુંભ પણ જગત્માંથી ગયા; અને બલી રાજાનું રાજ લેનારો કોઇ રહ્યો નહિ, રાવણ પણ લંકા તજીને ગયો, માત્ર ગાયનમાં વાત રહી ગઇ ! ધન રહેતું નથી, સ્થાન રહેતું નથી પણ રણછોડ કહે છે કે માત્ર નામ રહે છે.

૧૨૫. કુંજ.

સીતાને હરીને રાવણ લઇ આવ્યા પછી રાવણની સ્ત્રી મંદોદરી અને રાવણની વચ્ચે થયેલા સંવાદ:—

મંદોદરી કહે છે:-

કવિત.

પ્યારી નારી આનકી, અનારી જન ઠાનચાહેં,
આ નકી હૈં બાત યે, કુઠારી નિરબાનકી;
યે મતિ ન દાનકી હૈ ગતિહૂ અજાનકી હૈ,
છોટી ખોટી બાનકી હૈ, લીત પતિ તાનકી;
જાનકી કુચાલ નાથ, જાનકી જવાલ લાયે,
વહ ભકિત ધ્યાનકી હૈ, શકિત ભગવાનકી;
કહે તિય મેરી બાત, જ્ઞાનકી હૈ ધ્યાનકી હૈ,
જાનકી ન લાયે હો, નિશાની ઘર જાનકી.—
૧૧૧૩.

નાથ.

ભાવાર્થ:—બીજાની પ્યારી સ્ત્રીને અ નાડી માણુસ રાખવાને ચાહે છે, એ વાત

નક્કી છે, કે તે નિર્વાણની કુઠારી—કુહાડીજ છે. આવી બુદ્ધિ દાનાઇની નથી, અજ્ઞાનની માત્ર ચાલ છે; એ તેના પતિની સ્ત્રી નાની સરખી ખોટી વાનગી (નમુનો) છે, (ખરો સપાટો તો પછી પડશે.) અથવા હે, પતિ! હવે ખોટી માત્ર બાણની છે. (બાણ વડે વિંધી નાખશે.) તમારી ખોટી ચાલ જાણ્યા છતાં હે, નાથ! તમારા જીવની જ્વાલાને તમો લઇ આવ્યા છો; તે સીતા તો ધ્યાનની ભકિત અને પ્રભુની શકિત છે.

તિય—સ્ત્રી મંદોદરી કહે છે કે મારી વાત જ્ઞાન અને ધ્યાન બન્નેની છે. તમો જાનકી—સીતાને નથી લાવ્યા પણ ઘર જવાની નિશાની લાવ્યા છો.

આ સાંભળી રાવણ કહે છે:—

કવિત.

ગમખૈ હોં સારી બાત નામ દૈ હોં નિજખ્યાત,
પૈહોં કૈતો ઉતપાત સૈહોં નિજ હાનકી;
લૈહોં નહિ દંડ મોંહિ અષ્ટસિદ્ધિ નવો નિદ્ધિ,
દેવપદ છૂતે ના ઉછૈહોં પ્રનઠાનકી;

સકલ ગઈ હોં ચીજ પછિ તૈ હોં કર માજ,
નાથ ના કહે હોં ખીજ પન પજ જાનકી;
સખે સિંધુમે બહે હોંસારી હાન લૈહોં ફેર,
જાન દૈહોં જાન પૈ ન જાન દૈહોં જાનકી.

૧૧૧૪.

ભાવાર્થ:–(આ કાવ્યને મલતા પણ જુદાજ કાવ્ય માટે–જુઓ વિહાર પહેલાની કુંજ ૨૨ મી.) બધી વાતની ગમ ખાઇશ–નામ દીધું છે તો આપઘાત કરીશ. ગમે તેટલો ઉત્પાત યા મારૂં નુકસાન થશે તે હું સહન કરીશ. મને ગમે અષ્ટમા સિદ્ધિ અને નવે નિધિનો દંડ કેમ ન કરો? અર્થાત તે હું આપીશ; ભલે મને દેવપદમાંથી ઉખેડી કેમ ન નાખે? સર્વ ચીજ જતી રહો, પછી ભલે હાથ ઘસીને મને પસ્તાવો થાઓ! નાથ કવિ કહે છે–રાવણ ગુસ્સાથી કહે છે કે મને જાનની પરવા નથી.

બધું સમુદ્રમાં કેમ ન ઘસડાઇ જાય, બધી નુકસાની થશે તે સહન કરીશ; એક વખતે મારો જીવ પણ જવા દઇશ પણ જાનકી (સીતા)ને તો જવા દઇશ નહિ.

કવિત.

પતિની કહત યાતુધાન પતિનીકી બાત,
બાત પતિ રાખો લતિ છાંડો પતિતાનકી;
સાનકી ન બાત જેહે અવસાનકી સહે હે,
જાન દેહોં અભિમાન ઘાત દુખખાનકી;
મેરે અરમાનકી પુંજ યે આસ સુખ રાસ,
નાથ યે નિદાનકી હે બાત તુવ ધ્યાનકી;
સુગતિ સો દાનકી હે ઉન્નતિ સુમાનકી હે,
જાનકી દિયે બિના કુશલ નાંહિ જાનકી.—
૧૧૧૫.

ભાવાર્થ:—રાક્ષસોના પતિ રાવણને તેની સ્ત્રી વાત કહે છે કે હે, પતિ! હવે પતાવી દો અને તેના પતિની સ્ત્રીને છોડી દો; એ વાત કંઇ અક્કલની નથી, અવસાન સંભાળો; અભિમાનને જવા દો, એમાં નુકસાન છે, દુ:ખની ખાણ છે. મારો આરતો રહી જશે, આશા અને સુખનો ભંગ થશે. હે, નાથ! તમારા ધ્યાનની વાત આખરની છે, આપી દેવામાં સુગતિ છે, તમારૂં સારી રીતે માન જળવાઇ રહેશે. જાનકી—સીતાને આપ્યા વગર તમારા જાનની સલામતી નથી.

ત્યારે રાવણ કહે છેઃ—

કવિત.

હરિ જૈસી ભાલવારી હરિ જૈસે બાલવારી,
હરિ જસી ચાલવારી હરિકી કટારી હૈ;
હરિ જૈસે રંગવારી હરિ જૈસે અંગવારી,
હરિ મુખવારી આંખે હરિ અનિયારી હૈ;
હરિ સો ખનકવારી હરિ જૈસે બંકવારી,
હરિ સિર સારી તામેં હરિહી કિનારી હૈ;
કહે કવિ નાથ ઐસી સિય સુતિયાકે સંગ,
નેહ ન કિયા તો યહ જીંદગી અકારી હૈ.
—૧૧૧૬.

ભાવાર્થઃ—અત્રે હરી શબ્દના જુદાજુદા અર્થ લેવા, જેમકે—ચંદ્ર, નાગ, હાથી, સિંહ, કૃષ્ણ, રામ, લીલા વગેરે.

જે સીતાનું કપાળ ચંદ્ર સમાન છે, બાલ નાગ જેવા છે. ચાલ હાથી જેવી, કમર સિંહ જેવી, રંગ અંગ રામ અને કૃષ્ણ જેવા હરિમુખ, અને આંખો હરિઅન-હરિણ જેવી છે.

વાઘના જેવી કમર, જેણે માથે લીલી સાડી ઓઢેલી છે, અને તેમાં લીલીજ કિના

રી છે. નાથ કવિ કહે છે કે તેવી સુત્રિયા-સારી સ્ત્રી-સીતાનો જો ન કરૂં તો આ જીંદગી નકામી છે.

કમનસીબી.

જો દાના માગે તો ખેત આગ સારે હોજાયે,
જો પાની ચાહે તો, દરિયા કનારે હોજાયે.
-૧૧૧૭.

ભાવાર્થ:-એ એવો કમનસીબ છે કે જો તે કોઇ ખેતરમાં દાણા માગવા જાય છે તો ખેતરજ બળી જાય છે, અને જો પાણી માગે છે તો નદી એક બાજુએ હઠી જાય છે.

ભીખ બાવની-શાંતરસ.

છપય્ય.

મંજારી કુલમેદ
રકતકેશર પરસંગા,
નાગરવેલ ખલસંગ,
સહેતમાખી મિલે અંગા:
કસ્તુરી મૃગ નાભિ,
કીટ પાટંબર સોહે,

મણિ બિષધર ઉપજંત,
અફીમ જૂઠા જ ગમો હૈ;
પારિસ બંસ પાખાન હૈ,
સંખ હાડ સબ કો કહૈ;
હરિગુણ હૈ તબ ભીખજન,
નાહીં કુલ કારન ચહ.-૧૧૧૮.

ભાવાર્થ:-મંજારી એટલે માંજર (તુલસી વગેરેની મંજરી) તે ફૂલનો કચરો છે, ફૂલની ગણત્રીમાં નહિ.) લાલ કેશરને પરાયો સંગ કરી રંગ લેવો પડે છે, નાગરવેલને નીચની (ખોળ અથવા ખરાબ ખાતરની) સોબત કરવી પડે છે, મધમાખીના વમનથી મધ થાય છે, કસ્તુરી હરિણની નાભીમાંથી થાય છે, પીતાંબર (રેશમી) કીડાથી થાય છે, મણિ સર્પથી થાય છે. અફીણ એંઠી વસ્તુ છે, પારસ પણ પત્થર છે; સર્વે કોઇ કહે છે કે શંખ એ હાડકું છે પણ એ સર્વે ભગવાનને ચઢે છે તેથી સર્વોત્તમ છે, અને ભીખજન કવિ કહે છે કે તે કારણથી એનું

કુળ શું છે એટલે ઉત્પતિ ક્યાંથી થઇ તે તપાસવાની જરૂર કોઈ જોતું નથી.

ચટણી.

બાવલ, કાજલ, કોયલો,
વળી અફીણની જાત;
ઉંદર, દુર્જન, કામિજન,
નીચ ગણો સાક્ષાત.-૧૧૧૯.

ભાવાર્થઃ-બાવળ, મેસ, કોયલો, અફીણાદિ ઝેર, ઉંદર, દુર્જન અને વ્યભિચારી એઓને સાક્ષાત નીચ ગણવા.

ભગત ભલા પણ ધાનત બૂરી;
મુખમેં રામ બગલમેં છૂરી.-૧૧૨

૧૨૬. કુંજ.

આઘ કવિ અને હાથી.

રાજા એકવાર હાથીખાનું જોવા ગયા, સાથે આઘ કવિ હતા. એક હાથીને સુંઢ વડે માથાપર ધૂળ નાખતો જોઇ રાજાએ પૂછ્યું કે કવિરાજ આ હાથી માથા ઉપર ધૂળ શા માટે નાખે છે?

કવિ બોલ્યા:-

કવિત.

મંજન અથાહ નીર, બાસ હે બિસાલ જહાં,
ઝાર હે અઢાર ભાર, બિંધ્યાચલ પારકે;
મેવા આહાર કાજ, ભલે ભાત ભાંતિનકે,
કરિનિકે યૂથ મધ્ય, કરનો વિહારકે;
વે તો સુખ ગયે, અબ રહે માર અંકુશકે,
જંજીર જરે હે લોહ, પાયમેં પસારકે;
ડારત હે શીસપેં, ઉઠાય ગજરાજ રજ,
ઝુરત હે બારબાર, વે દિન સંભારકે.
—૧૧૨૧.

ભાવાર્થ:—જે જંગલમાં એ હાથી રહેતો હતો ત્યાં ન્હાવાને બેસુમાર પાણી

હતું, રહેવાને મોટી જગ્યા અને વિંધ્યાચળ જેવા પર્વતની અઢાર ભાર વનસ્પતિનાં ઝાડો હતાં; ખાવાને જાતજાતના મેવા મળતા; અને હાથણીઓનાં ટોળાની અંદર વિહાર કરવાને મળતો; તે સુખો ગયાં, હવે તો અંકુશનો માર ખાવાનો રહ્યો, અને પગમાં લોઢાની સાંકળ પડી છે; એ કારણથી પોતાના સુખના આગલા દિવસોને વારેવારે યાદ કરીને ઝૂરતો ઝરતો એ હાથી ધૂળ ઉંચકી ઉંચકીને માથાપર નાખે છે.

કવિત.

અંકાએકી ભેટ ભઈ, તબતેં સકુચિ ગઈ,
મિટિ કુલકાનિ જાની, ઘૂંઘટકો કરિબો;
લગી ટકટકી ઉર, મિટિ ધકધકી ગતી,
થકી મદ છકી ઐસો, પ્રેમકો ઉઘરિબો;
ચિત્ર કેસે કાઢે દોઉ, ઠાડે રહે ગ્વાલ કવિ,
નાહિ ન પ્રવાહ લોગ, લાખનકો લરિબો;
બંસિકો બજવો નટનાગર બિસરિ ગએ,
નાગરિ બિસરિ ગઈ, ગાગરિકો ભરિબો.—

૧૧૨૨.

ભાવાર્થ:—ગોપી અને શ્રી કૃષ્ણને એકાએક મેળાપ થયો, ત્યારથી ગોપી સંકોચાઇ ગઇ, અને કુળની રીત પ્રમાણે ઘુંઘટ પણ કાઢી શકી નહિ. ઠકટકીને શ્રી કૃષ્ણને જોવા લાગી, ચાલ અને છાતી ધડકવા લાગી, અને પ્રેમનો પ્રકાશ એવા પ્રકારે થયો કે મદમાં છાકેલી હતી તોપણ થાકી ગઇ. (મદ ઠેકાણે આવ્યો.)

ગ્વાલ કવિ કહે છે કે—જાણે કોઇએ ચિત્રામણ કાઢયું હોયની! તેમ બન્ને જણ (શ્રી કૃષ્ણ અને ગોપી) ભલે લાખો લોકો બોલે તેની પરવાહ કર્યા વગર ઉભાજ થઇ રહ્યાં.

નટનાગર—શ્રી કૃષ્ણ વાંસલી વગાડતા હતા તે ભૂલી ગયા, તેમજ તે સ્ત્રી જે પાણી ભરવા જતી હતી તે ગાગરનું ભરવું પણ ભૂલી ગઇ.

દોહા.

વિરહ અગ્નિ વિપરીત ગતિ,
કહી ન જાને કોય;
દૂર ભયે દેહી જરે,
નિયરે સીરી હોય.—૧૧૨૩.

ભાવાર્થ:-વિરહાગ્નિ (જુદાઇનું દુ:ખ) ની ગતિ ઉલટીજ હોય છે, કોઇપણ તે કહી શકતું નથી. દૂર જવાથી શરીર બળે છે, અને નજીક હોય ત્યારે ઠંડક રહે છે. (એથી ઉલટું ખરો અગ્નિ દૂર લઇ જતાં ઠંડક વળે છે, અને નજીક લાવતાં ગરમી કરે છે.)

દોહા.

એક કલાધર શિર ધરત,
તન વિષ જરન સિરાત;
ચંદ્રમુખી ચિત્તમેં બસત,
તાતેં મન ન જરાત!-૧૧૨૪.

ભાવાર્થ:-માથા પર એક ચંદ્ર છે તેથી (વિરહને લીધે) શરીર બળીને સંકોચાઇ જાય છે; પણ જો ચંદ્રમુખી સ્ત્રી ચિત્તમાં વસેલી હોય તો મન બળતું નથી.

દોહા.

કહા કરીએ કહા જોરિએ,
થોરે જીવન કાજ;
છોડ છોડ સબ જાત હૈ,
દેહ ગેહ ધન રાજ.-૧૧૨૫.

ભાવાર્થ:-થોડી જીંદગી માટે શું તો કરવું ને શું જોડી રાખવું ? સર્વ શરીર, ઘર, ધન અને રાજ છોડીને ચાલ્યા જાય છે.

દોહા-(અન્યોકિત.)

જનમ જલધિ પાનિપ અમલ,
તો જગ હાવ અપાર;
રહે ગુણી વ્હે ગર પર્યો,
ભલો ન મુકતા હાર.-૧૧૨૬.

બિહારી.

ભાવાર્થ:-જેનો સમુદ્રમાં જન્મ થયેલો છે, પાણીદાર, મેલ રહિત જેનો રંગ છે, સારો ભાવ પૂછાય છે, તે મોતી ગુણી-દોરા સાથે પરોવાયલું રહેલું છે, પણ મુકતાહાર ! (મોતીના હાર !) તું ભલો નથી કારણકે ગુણવાન થઇને પણ (દોરીમાં પરોવાયલો છે તેથી ગુણી) બીજાને ગળે પડયો છે, એમાં તારી હીનતા છે. (ગળામાં હાર પહેરાય છે.)
આ કાવ્યમાં અર્થ બહુ ભેદવાળો છે.

દોહા—(અન્યોક્તિ.)

ગહે કિત ન એકો ગુણ ગરબ,
હંસે સકલ સંસાર;
કુચ ઉંચ પદ લાલચ રહે,
ગરે પરેહૂ હાર.—૧૧૨૭.

બિહારી.

ભાવાર્થ:—હે મોતીના હાર! તું મનમાં એક પણ ગુણનું અભિમાન રાખતો નથી તેથી તને આખો સંસાર હસે છે. કુચરૂપી ઉંચ પદની લાલચથી તું પારકા ગળામાં પડ્યો રહે છે; તારૂં નામજ હાર એટલે હારેલું છે અથવા તું હારીને આખરે બીજાને ગળે પડયો છે.

કોઇ ગુણી પુરૂષ ઉંચ પદવી મેળવવાને રાજા વગેરેને ગળે પડે છે તેના ઉપર આ કાવ્ય છે.

દોહા.

કરહિ કબ અભિષેક કે,
કિન્યૌ વિપ્ર સમાજ;
નિજ ભુજકે બલ તેજતેં,
બિપિન ભયો મૃગરાજ.—૧૧૨૮.

દીન દયાલગિરિ.

ભાવાર્થ:—બ્રાહ્મણોએ મળીને સિંહને કયે દિવસે ગાદીએ બેસાડવાનો અભિષેક કર્યો હતો? પણ પોતાના હાથનાજ બળ વડે તે મૃગરાજ કહેવાઇ જંગલનો રાજા થયો.

દોહા.

કૃપિન ધની નહિ જાચિયે,
બરૂ નિર્ધન દાતાર;
તજિકે કુસુમિત આક અલિ,
કરે કમલ કૃસ પ્યાર.—૧૧૨૯.

ભાવાર્થ:—ધનવાળો હોય પણ તે કંજુસ હોય તો તેને કદી જાચવો નહિ, તે કરતાં નિર્ધન દાતા સારો; જેમકે ભમરો ફૂલેલા આંકડાના ઝાડને છોડીને સૂકાઇ ગયેલી કમળની દાંડી હોય તો ત્યાં પણ પ્યાર કરે છે.

દોહા.

જલ ન ડબોવે કાષ્ટકો,
કહો કાહુકી પ્રીત;
અપના સિંચક જાનકે,
યહું બડોંકી રીત.—૧૧૩૦.

ભાવાર્થ:—લાકડાને પાણી ડૂબવા દેતું નથી, એવી પ્રીત શાથી થઇ હશે? કારણ એ કે જ્યારે તે લાકડું ઝાડ હતું, ત્યારે પાતે વર્ષારૂપે વરસીને તેને મોટું કર્યું હતું તેથી હું સીંચક છું એવું જાણીને તે ડૂબા ડતું નથી, અને એજ મોટાની રીત હોય છે.

કવિત.

સુમને રૂપૈયો લીનો, કરમેં પસીનો દેખ,
જયેષ્ટ કવિ દીનો ઉપદેશ યોં રૂપયાતેં;
કાહે અકુલાતં આંસુપાત કરી જારે ગાત,
હૈજો પ્રીય મોંકો માત તાત બેન ભૈયાતેં;
દાતા ઘર જાતો તો કુટાતો ન વિરામ પાતો,
આતો પર્યાં મેરે હાથ, હાર મત હૈયાતેં;
જીતરહોં જોં લોં તોંલોં, દાટોં ના બટાઉ તોય,
મેં જો મર જહિંઆં તો, સિખાય જૈં
હયોં છૈયાંતેં.—૧૧૩૧.

ભાવાર્થ:—જયેષ્ટ કવિ કહે છે કે એક કંજુસ આદમીએ હાથમાં રૂપીઆ લઇને ખુબ દાબી રાખ્યો. તેથી હાથમાં પરસેવો

થઇ રૂપીઆને ચોંટયો; તે પરસેવાને જોઇને સૂમભાઇ રૂપીઆને ઉપદેશ કરે છે:- " તું શા માટે અકળાય છે, કેમ રડી રહ્યો છે, શરીર કેમ બાળે છે? તું તો મને મા બાપ, બેન અને ભાઇ કરતાં પણ વધારે વહાલો છે. જો તું કોઇ દાતારને ઘેર જઇ પ્હોંચતે તો કૂટાયા કરતે; (એકબીજાને આપતી વખતે પત્થરપર પટકે છે તેથી;) તને કંઇ પણ આરામ મળતે નહિ. આ તો ભલું થયું કે તું મારા હાથમાં આવી પડયો માટે દિલથી હિંમત હારતો નહિ.

જ્યાં સુધી હું જીવતો રહીશ ત્યાં સુધી દાટી રાખીશ પણ તને વટાવીશ નહિ, અને હું જો મરી જઇશ તો છોકરાંને શીખવતો જઇશ. (રૂપીઆ વાપરે નહિ.)

દોહા.

અધમ મલીન પ્રસંગતેં,
અધમહી ફલ હોત;
સ્વાતિ અમૃત અહિ મુખ પરે,
બની વિષ હોત અવોત.-૧૧૭૨

ભાવાર્થઃ—અધમ અને નીચ માણુસના પ્રસંગથી અધમ ફળ મળે છે; સ્વાતિ નક્ષત્રમાં અમૃતનો વરસાદ વરસે છે (કે જેથી મોતી પેદા થાય છે.) પણ તે સર્પના મ્હોમાં જતાંજ ઝેર બને છે.

કુંડાલયા.

રાજા રાવણ મર ગયે, કટ ગયે કુંભકરન,
ઇંદ્રજીત બી ઉડ ગયે, હરણાકેશ હરન;
હરણાકેશ હરન, બાણસૂરસા બુલાયા,
ઐસે કોટી અનંત, સબી રાક્ષસ સીધાયા;
કહે દીન દરવેશ, પ્રકટ તુમ દેખો પરખા,
માનવી કેતકી માન, રહા નહિ રાવણ
સરખા.—૧૧૩૩.

ભાવાર્થઃ—રાવણ મરી ગયો, કુંભકરણ કપાઇ ગયો, ઈંદ્રજિત ઉડી ગયો, હિરણ્યકશિપુ (પ્રલ્હાદનો પિતા) નો પણ નાશ થયો, બાણાસુર પણ ગયા, એવા અનંત રાક્ષસો સિધાવી ગયા. દીનદરવેશ કહે છે કે પ્રત્યક્ષ પારખું જુઓ કે રાવણ સરખા પણ રહ્યા નહિ, તો માણસનું માન તે કેટલો સમય ટકનારૂં છે?

૧૨૭. કુંજ.

સંગતિ દોષ.

માન સરોવરમાં રહેતા એક હંસને ટાઢ વ્હાવાથી સરોવરની બીજી તરફ તડકામાં તાપવા જવાનો વિચાર કર્યો. હંસણીએ બહુ રોકતા પણ માન્યું નહિ. આખરે ટાઢ ઉરાડી પાછા આવતાં એક ઉડતી સમડીના પગમાંથી પડી ગયેલા ઉંદરને તાપમાં તરફડીઆં મારતો જોઇ દયા કરી ઉંચકી લઇ બેટના કિનારાપર લઈ જઇ પોતાની પાંખોમાં ઘાલીને ગરમ કરવા માંડયો. ઉંદરને શુદ્ધિ આવતાં અંદરથી હંસની પાંખ કાપી ખાધી. હંસે ધાર્યું કે પાંખની નીચે દોડતો હશે. પાંખ ફફડાવતાં ઉંદર બહાર આવી દરમાં ભરાઇ ગયો. હંસથી ઉડાતું નહિ હોવાથી માથું નીચું કરી કિનારે ઉદાસ થઇને બેઠો હતો, એવામાં એક શિકારી આવી પહોંચ્યો. શિકારી જેવું બાણ ફેંકે છે, કે તેને માલમ પડયું કે તે તો હંસ છે. શિકારીએ હંસને પૂછ્યું:—

હંસા કયું હો ઉન્મને,
કૈસે શીશ નમાય;
કહા બિછરી જોડી તુમ,
બેઠ સમંદ સુકાય ?—૧૧૩૪.

ભાવાર્થ:—હે, હંસ ! તું ઉદાસ થઇ ને કેમ બેઠો છે ? માથું કેમ નમાવ્યું છે ? શું તારી જોડી (હંસણી) મરી ગઇ છે, કે સમુદ્રપર બેસીને ઝૂરે છે.

કવિ હંસના મોઢામાં નીચેના શબ્દો મૂકે છે—જાણે હંસ જવાબ દે છે:—

નહિ બિછરી જોડી હમ,
ન બેઠે શિશ નમાય;
સંગત કી હમ નીચકી,
તો બૈઠે પર ગમાય.—૧૧૩૫.

ભાવાર્થ:—ન તો મારી જોડી વિખૂટી પડી છે અને ન મેં માથું નમાવ્યું છે; મેં નીચની સોબત કરી તેથી મારે પાંખો ગુમાવવી પડી છે.

કવિત.

કોઇ કહો કુલટા, કુલીન અકુલીન કહો,
કોઇ કહો રંકિની, કલંકિની કુનારી હો;
કૈસે યહ લોક નર લોક બર લોકનમેં,
લીનો મેં અલોક લોક, લોકનતેં ન્યારી હો;
તન જાઓ મન જાઓ, દેવ ગુરૂજન જાઓ,
જીવ ક્યોં ન જાઓ ટેક, ટરત ન ટારી હો;
બ્રંદાબનવારી બનવારીકી મુકટવારી,
પીત પટવારી વહી, મૂરતીપેં વારી હો.—

૧૧૩૬.

ભાવાર્થ:—શ્રી કૃષ્ણપર આશક થયેલી એક ગવલન કહે છે:—ભલે કોઇ મને કુલટા કહો, ભલે કુળવાન કે અકુળવાન કહો, ભલે કોઇ ગરીબડી કહો કે કલંકવાળી કહો કે ખરાબ સ્ત્રી કહો. મેં આ લોક, નરલોક, અને સ્વર્ગ લોકના લોકને અલોક ગણ્યા છે, અર્થાત્ એ લોકથી પણ જુદી છું.

શરીર, મન દેવ અને વડીલ ભલે જાઓ, જીવ કેમ ન જાય, પણ જે પકડેલી ટેક છે તે ટાળતાં ટળવાની નથી. વંદ્રાવનવાલી—બનમારી—મુકટવાળી, પીળાં વસ્ત્રવાળી તે મૂર્ત્તી ઉપર (શ્રી કૃષ્ણપર) હું વારી જાઉં !

સવૈયા.

પાતક હાન, પીતાસંગ હારિબો,
ગર્ભકે સૂલનિતેં ડરિએજૂ;
તાલનિકો બાઁધબો, બધ રારકો,
નાથકે સાથ ચિતા જરિએજૂ;
પત્ર ફૂટેતેં કટે રિન કેશવ,
કૈસેહૂ તીરથમેં મરિએજૂ;
નીકી સદા લગૈ ગારી સગેનકી,
દંડ ભલો સુ ગયા ભરિએજૂ.
—૧૧૩૭.

ભાવાર્થઃ—કોઇ વસ્તુની હાનિ થાય તે અયુક્ત (અયોગ્ય), પણ પાતક—પાપની હાનિ થાય તે યુક્ત (યોગ્ય); કોઇથી હારવું એટલે પરાજય પામવો તે અયુક્ત, પણ પિતાથી હારવું તે યુક્ત; કોઇથી ભય પામવો તે અયુક્ત, પણ ગર્ભના શૂળથી ભય પામિયે તે ભલું (પુત્ર જન્મવો); કોઇને બાંધવું તે અયુક્ત, પણ તળાવો બાંધવાં તે તો યુક્ત; કોઇનો વધ કરવો તે અયુક્ત, પણ રાર—દુઃખનો વધ કરવો અર્થાત્ કોઇનું દળદર ફેડવું તે યુક્ત; બળી મરવું તે અયુક્ત,

પણ સ્ત્રીએ પતિની સાથે ચિતામાં બળી મરવું તે યુક્ત; કેશવ કવિ કહે છે કે આયુર્બળનો કાગળ ફાટે તે અયુક્ત, પણ કરજના કાગળ (ખત) ફાટે તે યુક્ત (ભલું); મરવું-મરણ પામવું એ અયુક્ત પણ ગમે તેવાં (કાશી જેવાં) તીર્થમાં મરણ થાય તે યુક્ત જાણવું; ગાળો ખાવી તે અયુક્ત, પણ †સગાંઓની ગાળ સદા મીઠી લાગે તેથી યુક્ત; ક્યાં પણ દંડ ભરવો તે અયુક્ત પણ ગયા નામના તીર્થમાં દંડ (પંડયાને આપવું વગેરે) ભરવામાં આવે તે યુક્ત.

દોહા–(પરિસંખ્યા.)

પટપાંખે ભખ કાઁકરે,
સફર પરેઈ સંગ;
સુખી પરેવા જગતમેં,
એકૈ તુહી વિહંગ.–૧૧૩૮.

બિહારી.

---

† "ગઃરીકી મજા તૌ સસુરારહીકીગારીમે." એમ એક કવિતમાં પણ છે.

ભાવાર્થ:—જેની પાંખ વસ્ત્ર છે, કાંકરાનું ભક્ષણ કરીને જે જીવે છે, સફરમાં પોતાની જોડી-સ્ત્રીને સાથે લઇને જાય છે, જગતમાં સુખી પક્ષી તો માત્ર કબુતર છે.

વિદેશીને દીન જોઇને કવિ વચન છે.

દોહા—(અન્યોકિત).

દિન દશ આદર પાયકે,
કર લે આપ બખાન;
જ્યૌં લગિ કાક શરાધ પખ,
ત્યૌં લગિ તવ સન્માન.—૧૧૩૯.

બિહારી.

ભાવાર્થ:—હે, કાગડા ! દશ દહાડા સુધી મોટાઇ મેળવીને તું તારાં જોઇએ તેટલાં વખાણ કરી લે, પણ જ્યાંસુધી શ્રાદ્ધ પક્ષ છે, ત્યાં સુધીજ તારાં વખાણ છે.

(કાગડાઓને શ્રાદ્ધ પક્ષમાં દશેક દિવસ બોલાવીને ખવડાવવામાં આવે છે).

થોડો વખત મોટો હોદ્દો મળ્યાથી જેઓ ફુલાઇ જાય છે, તેઓના ઉપર આ કાવ્ય છે.

સવૈયા-(પ્રેમ).

પ્રેમસેં દારા ભયે દરબેસહી,
પક સિંકદર પ્રેમ લપટ્ટા;
પ્રેમસેં કુલ ફકીર ભયે,
પુનિ પ્રેમસેં સાબને પરિહટ્ટા;
ફકર પ્રેમ ભયે ગજનબ્બીય,
પ્રેમ ચિતે બહરામ ઉલટ્ટા;
પ્રેમ પ્રબીન નબીન કલા,
પદ પ્રેમ કરી મજનુ શિર જટ્ટા.
—૧૧.૪૦.

ભાવાર્થ:—પ્રેમને આધીન થઇને દારા ફકીર થયો; તેમજ સિકંદર પણ પ્રેમમાં લપેટાયો હતો. પ્રેમથી કુલ ફકીર થયા. ગજનબ્બીય પ્રેમવશ થઇ દાસ થયા. પ્રેમથી બહેરામ ચિતામાં પડયો. પ્રેમની કળા હે, પ્રવીણ ! નવી છે, પ્રેમના પદવડેજ મજનુએ માથે જટા વધારી હતી.

સવૈયા.

મોરકી ધ્યાન લગી ઘનઘોરસેં,
 ડોરસેં ધ્યાન લગી નટકી;
દીપકું ધ્યાન પતંગ લગી,
 પનિહારિકી ધ્યાન લગી ઘટકી;
ચંદ્રકી ધ્યાન ચકોર લગી,
 ચક્રવાકકી ધ્યાન દીનેશ ટકી;
મીન મનોજલ ધ્યાન સુસાગર,
 પંથ પ્રબીન રહે અટકી.—૧૧૪૧.

ભાવાર્થ:—મોરનું ધ્યાન વરસાદની ઘટામાં, નટનું ધ્યાન દોરીમાં, પતંગીઆનું દીવામાં, પણિહારીનું ઘડામાં, ચકોરનું ચંદ્રમામાં, ચક્રવાકનું સૂર્યમાં અને માછલીનું પાણીમાં ધ્યાન લાગી રહેલું હોય છે, તેમ સાગરમાં પ્રવીણનું ધ્યાન લાગેલું છે તેથી તે રાહ જોતીજ રહી ગઈ છે.

કુંડળિયા.

અક નારસેં કીજીએ તોબાહ બેર હજાર,
કથાન કરે કછુ કામિની જો મીલહી દસબાર;
જો મીલહી દસબારહુકમ બિનજં ગમચાવે,
ઈનકા હાંસી ખેલ કિસીકા શીર કટાવે;

કહેં દીન દરવેશ,
મિલત જો લાખ પ્યારસેં;
તો બાહ બેર હજાર,
કીજીએ એક નારસેં.—૧૧૪૨.

ભાવાર્થ:—એક સ્ત્રીથી મહોબત કરીને હજારો વાર તોબા કરવી પડે છે, એવી દશ બાર સ્ત્રી એકઠી મળે છે તો બીજા કંઇ કામની કથા કરતી નથી. તેઓ વગર સત્તાએ પણ મોટું યુદ્ધ મચાવી દે છે; એવી સ્ત્રીને તો વાતમાં ખેલવા હસવાનું હોય છે, પણ બીજા કોઇનું તો તેમાં ગળું કપાઇ જાય છે. દીન દરવેશ કહે છે કે, ભલે સ્ત્રી લાખ જાતનાં પ્યાર કરે પણ સ્ત્રીથી તો હજારો વાર તોબા છે.

ચટણી.

તું કરજે તકાદો ને,
હું રાખીશ ટેક;
પરોણો ગયા પછી,
આપણે બે એકના એક.—૧૧૪૩.

૧૨૮. કુંજ.

પૈસાનો મહિમા.

કવિત.

પૂરે બેવકૂફ કૂરે વિષયી બુરે હૈં તોઉ,
પૈસા જાપેં પાસ તો પરેસતા ખુદાકે હૈં;
પૈસે બિન વિજ્ઞહી વિખ્યાત બેસહૂર જૈસે,
શાલિગ સવારથી ન બૈઠે પાસ આકે હૈં;
પતની પતિકી નાંહિ, ભાઈ નાંહિ ભગનીકે,
પિતા નાંહિ પૂતનકે, પૂત ન પિતાકે હૈં;
સકૂમ• સફાકે ફિરે ઘરમેં ઝફાકે પર,
પૈસા નહિ જાકે ઐસે કાકે ફિર કાકે હૈં ?—
૧૧૪૪.

શાલિગ્રામ.

ભાવાર્થ:—પૂરા બેવકૂફ, કૂડા—ખરાબ, વ્યભિચારી અને બૂરા છે તોપણ જેની પાસે પૈસા છે તો તે ખોદાના ફિરસ્તાજ છે. પૈસા વગર ભણેલા અને વિખ્યાત પુરૂષો પણ બેઅક્કલ ગણાય છે, અને શાલિગ્રામ કવિ કહે છે કે સ્વાર્થીઓ એવાઓની પાસે આવીને બેસતા પણ નથી.

પૈસા વગર સ્ત્રી ધણીની થતી નથી, બ્હેનનો ભાઇ થતો નથી, બાપ બેટાનો નથી અને પુત્ર પિતાનો થતો નથી.

જેના ઘરમાં સફમસફા છે, અને ઘરમાં ફાકા પડતા હોય અર્થાત્ જેની પાસે પૈસા નથી એવા "કાકા" ફેરી કાકે—શાના (કોના) કાકા છે? (અથવા કા—શું, કે હે=કહે છે. શું કહે છે?)

દોહા.

મૂँડ ચઢાયેહૂ રહૈ,
પરો પીઠ કચ ભાર;
ગરે પરે પૌહે રાખિયે,
તઉ હીય પર હાર.—૧૧૪૫.

બિહારી.

ભાવાર્થ:—માથે ચઢે છે તોપણ બાલોનો બોજ તો પીઠ પર નાખવામાં આવે છે; હાર ગળે પડે છે (ગળામાં પહેરાય છે તેથી) તોપણ હૃદય પરજ પહેરી રાખવામાં આવે છે.

દોહા.

પાય તરૂણિ કુચ ઉચ્ચ પદ,
ચિરમિ ઠગ્યો સબ ગાઉં;
છુટે ઠૈર રહિ હે વહે,
જુહો મોલ છબિ નાઉં.—

૧૧૪૬.

બિહારી.

ભાવાર્થ:—ચિરમી—ચૌટલી (વોંડી) એ સ્ત્રીના સ્તનરૂપી ઉંચ પદ પ્રાપ્ત કરીને આખું ગામ ઠગી લીધું છે. હવે સ્થાન છુટતાં પણ તેજ કિંમત, તેજ છબી અને તેજ નામ રહેશે?

નીચને ઉંચ પદ પ્રાપ્ત થવા પર એ કથન છે.

દોહા.

કોઉ દૂર ન કર સકે,
ઉલટે વિધિકે અંક;
ઉદધિ પિતા તઉ ચંદકો,
ધોય ન સકે કલંક.—૧૧૪૭.

ભાવાર્થ:—વિધિના ઉલટા આંક એટલે ઉલટું કર્મ કોઇ દૂર કરી શકતું નથી. ચ

દ્રમાનો પિતા સમુદ્ર જેવો સમર્થ છતાં તેનું કલંક (ચંદ્રમા ઉપરના કાળા ડાઘ) ધોઇ શકયો નહિ.

દોહા.

પ્રેમ ન ઉદ્યમ કરિ મિલે,
પ્રેમ ન હાટ બિકાય;
ઢૂંઢિય શ્રમ કરિ મનહિમેં,
પ્રેમ રત્ન મિલિં જાય.—૧૧૪૮.

ભાવાર્થ:—ઉદ્યમ કરવાથી પ્રેમ મળતો નથી, તેમજ પ્રેમ બજારમાં વેચાતો મળતો નથી. જો શ્રમ કરીને મનમાંજ તેને શોધવામાં આવે તો પ્રેમરૂપી રત્ન ઝટ મળી જાય છે.

દોહા.

પ્રેમી નિભાવત પ્રેમ હૈ,
નેમિ નિભાવત નેમ;
નિકે ભાવત મોહ હૈ,
કેવલ પૂરણ પ્રેમ.—૧૧૪૯.

ભાવાર્થ:—પ્રેમી પ્રેમને તેમજ નેમી નિયમને નિભાવે છે. કેવળ પૂરણ પ્રેમ પ્રિય લાગી રહ્યો છે.

દોહા.

પ્રેમ કઠિન હૈ નેમતેં,
માનત પરખનહાર;
જાનત એક મરાલહી,
છીર નીર નિરધાર.—૧૧૫૦.

ભાવાર્થ:—પરીક્ષકો એવું માને છે કે નિયમ કરતાં પણ પ્રેમ કઠણ છે; દૂધ તથા પાણીનો નિર્ણય એ માત્ર એક હંસજ કરી જાણે છે.

શાંતરસ—વિરોધાભાસ.

બાલકોં રખાવે પર બાલકોં ન ત્યાગત હૈ,
નિધનતેં ડરે બિના ધાય લેં ન ધનકો;
વિશ્વમેં વિરાગી બનિ રહત હૈ રાગી સદા,
ભગતી ન કરે પર ચાહેં ભગતીનકો;
ધારત વિભુતિ પર છોડત વિભુતિ નાંહિ,
બસન તજત પર ધરત બ્યસનકોં;
ગોવિંદ કહત ઇત ઉતકે બિગારે ઐસેં,
ભ્રષ્ટ ભવ યાહિં કૈસે મોક્ષ પાય જનકો?—
૧૧૫૧.

ભાવાર્થ :–કઇ સાધુ બાલ–જટા રાખે છે, પણ બાલકો–પરિવાર (યઃ બાલા) ને છોડતા નથી. ભંડારથી ડર્યા વગર બેધડક ધન લેવાને દોડે છે; દુનિયામાં કહેવાય તો છે વેરાગી પણ હમેશાં રાગી–પ્રેમી થઇને રહ્યા છે; ભગતી–ભક્તિને કરતા નથી પણ ભગતણુ–વેશ્યાઓને ચહાય છે. ભભૂત ધારણ કરી છે છતાં સંસારની માયાને છોડાતી નથી. બસન–કપડાં તો છોડીને નાગા બાવા જેવા બન્યા છે, પણ ગાંજા વગેરેના વ્યસનને છોડતા નથી.

ગોવિંદ કહે છે કે એવા ઢોંગીઓ ઇત–આ લોક અને ઉત–પરલોકને બગાડી ભવમાં ભ્રષ્ટ થઇને મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરી શકે?

(આ કાવ્યમાં બાલ, ભગતીન, બસન વગેરે શબ્દોના વધુ અર્થ થવાથી કાવ્યની ચમત્કૃતિ છે.)

દોહા.

સબકી સમે વિનાશમેં,
ઉપજય મતિ વિપરીત;
રઘુપતિ માર્યો લંકપતિ,
જો હરી ગયો સીત.–૧૧૫૨.

ભાવાર્થ:—જ્યારે નુકસાન થવાનું હોય છે ત્યારે ઉલટી મતિ ઉપજે છે; જુઓ રાવણને સીતા હરી જવાનું સૂઝયું તો રામચંદ્રજીને હાથે માર્યો ગયો.

દોહા.

તુલસી યહ તીન લોકમેં,
કો જાને તન પીર;
હૃદયા જાને અપના,
કે જાને રઘુવીર.—૧૧૫૩.

ભાવાર્થ:—તુલસીદાસજી કહે છે કે આ ત્રણ લોકમાં શરીરનું ખરૂં દુઃખ કોણ જાણે? કયાં તો આપણું દિલ જાણે કે પ્રભુ જાણે.

દોહા.

કાયા જોબન માલ ધન,
અવિચલ રહ્યા ન કોઈ;
જો ઘડી પલ આનંદમેં,
જીવનકા ફલ સોઈ.—૧૧૫૪.

ભાવાર્થઃ—શરીર, જુવાની, માલ અને પૈસા, એમાંથી કોઇ પણ અચળ રહ્યું નથી. જે ઘડી અથવા પળ આનંદમાં જાય તેજ જીંદગીનું ફળ સમજવું.

ચટણી.

ધરની સ્ત્રી કહે લાવની મુઆ,
વગર અન્નથી પેટમાં કુવા.—
૧૧૫૫.

* * * *

સ્ત્રી જણત ઘણાં છોકરાં ઢળ્યાં,
ટળવલે બહુ ટાઢથી કળ્યાં.—
૧૧૫૬.

૧૨૯. કુંજ.

અબલા.

સવૈયા.

કવિ તે વિપરીત વિબોધનકે,
    જિન તો વિનતા અબલા બરની;
અપને બલતેં જગમાંહિ ચરાચર,
    જંતુનકે મનકી હરની;
જેહિ ચંચલ નૈન પ્રહારનતેં,
    સુર નાયક આદિ પર ધરની;
હમ તો જિય જાનત હૈ સબલા,
    અબલાકી કહા ઇતની કરની!—
૧૧૫૭.

ભાવનાદાસ.

ભાવાર્થ:—કવિ લોક ઉલટીજ વાતોના બોધ કરનારા છે, કે જેઓએ સ્રીને અબળા કહીને કવિતામાં વર્ણન કર્યું છે;

એ અબળા—સ્રી પોતાના બળવડે ચરાચર જગતમાં દરેક પ્રાણીના મનની હરવાવાળી છે;

જે સ્ત્રીની ચંચળ આંખના ઘાથી દેવતાઓના નાયક જે ઈંદ્ર વગેરે પણ જમીનમાં પડી તેના આગળ પગે પડે છે !

અમારા દિલથી તો સ્ત્રીને સબલા–બળવાન જાણિયે છીએ કારણકે જો તે અબલા–બળ વગરની હોય તો આટલું બધું કાર્ય શી રીતે કરી શકે?

વાક્‌વિદગ્ધા નાયકા.

કવિત.

ફૂલ લેન આઇ હું, અકેલી યહ કુંજમાંજ,
સાંઝ હોત હરે સુન, દયા ઉર ધારી દે;
અરે અલબેલે મન–મોહન છબીલે લાલ,
નેક મેરી ઓરકો, નિહારે હો નિહારી દે;
ચલ્યો ાકેત જાત અરે, હરિહુ ન સુને ટેરે,
આવ મેરે નેરે નેક, અરે ફલ પારી દે;
દરદ નિવારી દેરે, નંદકે કુમાર મેરો,
કર ગ્રહી લેરે નેક, કંટક નિકારી દે.–

૧૧૫૮.

આ વ્યંગ કાવ્ય છે. એમાં ખુલ્લો અર્થ બહુ સાદો છે.

ભાવાર્થ:—રાધિકા શ્રી કૃષ્ણને કહે છે:— આ વાડીની કુંજમાં હું ફૂલ લેવાને એકલી જ આવી છું. વળી સાંઝ પડતી જાય છે, તેથી મારાપર દયા લાવીને હે, હરિ! મારી વાત સાંભળ તો ખરો!

અરે અલબેલા! મનમોહન, છબીલા, લાલ! મારી તરફ જરાક તો જો, જરા તો જોઇ લે.

અરે! તું ક્યાં ચાલ્યો જાય છે? હરિ! શું મારી બૂમ નહી સાંભળે? મારી નજીકમાં જરાક તો આવ, અને મને કળ (શાંતિ) પાડી આપ; મારૂં દર્દ નિવારણ કરી આપ; હે, નંદના કુમાર—શ્રી કૃષ્ણ! મારો હાથ પકડી મને નજીક લઇને મને ભાંગેલો કાંટો કાઢી આપ.

ફૂલ લેવાને આવી છે, તે ગુલાબાદિના ફૂલમાં કાંટો હોય છે. તે લાગ્યો હોય એવો ભાવ છે. (!!!)

દોહા.

નેહ નગરકી રીત હૈ,
તન મન દહિયોં ખોય;
પ્રીત ડગર જબ પગ રખા,
હોની હોય સો હોય.—૧૧૫૯.

ભાવાર્થઃ—સ્નેહરૂપી નગરની એવી રીત છે કે તેમાં તન અને મન બન્ને ખોવાં પડે છે, હવેતો પ્રીતિરૂપી રસ્તા ઉપર પગ મૂકયો છે તો જે થવાનું હશે તે થશે.

દોહા. (શ્લેષાલંકાર.)

અજૌં તરો નહિ રહો,
શ્રુતિ સેવંત ઇક અંગ;
નાક બાસ બેસર લહો,
બસિ મુકતનકે સંગ.—૧૧૬૦.

ભાવાર્થઃ—એક રંગથી શ્રુતિનું સેવન કરનાર આજ સુધી તર્યો નહિ. અર્થાત શ્રુતિ એટલે કાનનું સેવન કરનાર કરણ ફૂલ હજુ તર્યું નહિ, પણ મોતીની સાથે રહેવાથી બેસર (વાળી–કાંટો) ને નાકનું સ્થાન બેસવાને મળ્યું.

અથવા ભક્તિ પક્ષમાં શ્રુતિ—વેદ; બેસ ર એટલે એક માત્ર નિર્દ્વન્દ્વપુરૂષ, નાક એટ સ્વર્ગ તેમે તારનાર શ્રુતિ—વેદની સંગતિથી થઇ, તેનું નામ મુકત નર જે મોતી—મુકત પુરૂષની સંગાતથી બેસર અનુપમ થયો.

કવિત. (વિરોધાભાસ.)

જામ ભર માંહિ નાંહિ, નારાયન નામ લિયો,
જામ ભર ભર પર પીને મદિરાનકોં;
કંથા નાંહિ ધારે પર, કંથા ભયો કામિનીકો,
ત્યાગત ન માન પર, ચાહત વિમાનકોં;
કરત પ્રદોષ પર દોષકોં ન ત્યાગત હે,
ધ્યાનકોં ન ધારત પેં ચાહત વિધાનકોં;
ગોવિન્દ ન કોઉ દિન, રામહીકો નામ લિયો,
તદપિ વિરામ કૈસેં, ચાહે નિરવાનકોં ?—
૧૧૬૧.

ભાવાર્થ:—જામ—પહોરમાં પણ નારાયણનું નામ લીધું નહિ પણ જામ—પ્યાલા ભરી ભરીને દારૂ પીધા છે; શરીરપર કંથા (વસ્ત્ર) ધારણ કર્યું નથી, પણ સ્ત્રીનો કંથ—સ્વામી થયો છે;

માનદશાને છોડી શકતો નથી અને સ્વર્ગનું વિમાન ચહાય છે!

પ્રદોષ વગેરેનું વ્રત કરે છે, પણ પોતાના દોષોને છોડતો નથી. ધ્યાન ધરતો નથી ને નાના પ્રકારનાં સુખ ચહાય છે.

ગોવિંદ કહે છે કે કોઇ દિવસ પ્રભુનું નામ તો લીધું નથી, તે છતાં પણ આરામ કેવી રીતે ચાહીને મોક્ષની ઇચ્છા કરે છે?

(શબ્દોના વધુ અર્થ થાય છે, જેમ કે જામ, કંથા વગેરે.)

કવિત.

ઠગ કેસેં લડવા જ્યું, ચાખતહી મીઠા હોત,
ઐસેહી સંસાર ભોગ, પીછે પછતાયો હૈ;
ખાજકો ખજોલી જૈસેં મુરખહી માને મોદ,
ઐસે નહિં જાને દુઃખ સોગુનો ઉપાયો હૈ;
કસાઇકો બકરા જ્યું બકરીસું પ્રીત કરે,
પ્રાતઃ ગલો કાટનકું દૃષ્ટમેં ચઢાયો હૈ;
તાતે હરિદાસ કહે કાલકો પશુ હૈ જીવ,
કહા ભયો દોદીનાં જો આછો ઘાંસ ખાયો હૈ.

—૧૧૬૧.

ભાવાર્થ:—ઠગાઇના લાડુની પેઠે ચાખવામાં મીઠા એવા સંસારના ભોગવિલાસ છે, પણ પાછળથી પસ્તાવું પડે છે, (લક્કડકા લડ્ડુ ખાવે સો પસ્તાય, નહિ ખાવે સો ભી પસ્તાય. ઉત્તર હિંદુસ્તાનમાં એવા ઠગાઇના લાડુ મળે છે.)

મુર્ખ માણસ ખાજને ખણીને આનંદ પામે છે, પણ એમ જાણતો નથી કે તેણે એમ કરવામાં સોગણું દુઃખ વધારવાનો ઉપાય કર્યો છે.

કસાઇનો બકરો જેમ બકરીથી પ્રીતિ કરે પણ તે જાણતો નથી કે કાલે મને મારવાને નજરમાં રાખ્યો છે.

તેથી હરિદાસ કહે છે કે આ જીવ કાળનો પશુ છે, તેને આ જીંદગીના બે દિવસ સુધી ચોખું ઘાસ ખાવાને મળ્યું, તેમાં શું વળ્યું ? (સંસારના સુખ ચોખા ઘાસ જેવાં છે.)

ચટણી.

પાદર ખેતર ને જુ,
રૂણ છોરૂ બાપ હળ્યાં;
રાંડ ચુંચી ને છાપરૂં ચુએ,
પાંચે પાપ મળ્યાં !—૧૧૬૩.

કાજળ જેવી કામિની, કામ દીપની વાટ;
બળે જળે બાળે જગત્, કર્મ ધર્મ ને જાત.
—૧૧૬૪.

૧૩૦. કુંજ.

કવિત.

ભોજન જ્યું ઘૃત બિન,
પંથ જૈસે સાથ બિન,
હાથી બિન દલ જૈસે,
દારૂ બિન બાન હૈ;
રાગરંગ રાની બિન,
કૂપ જૈસે પાની બિન,
કવિ જસે બાની બિન,
સુઘર બિન માન હૈ;
રસ રાસ રીત બિન,
મિત્ર જ્યું પ્રતીત બિન,
બ્યાહકાજ ગીત બિન,
આદર બિન દાન હૈ;
રંગ જૈસે કેસર બિન,
મ્હોં જસે વેસર બિન,
ચંદ બિન રેન જ્યું,
સુપારી બિન પાન હૈ.—૧૧૬૫.

ભાવાર્થઃ—ઘી વગરનું જમણુ, સંગાત વગરની મુસાફરી, હાથી વગરની ફોજ, તીર વગરની કમાન, રાણી (સ્ત્રી) વગર રંગરાગ, પાણી વગરનો કૂવો, વાણી વગરનો કવિ તેવું સુઘડતાઇ વગરનું માન છે.

રીત વગરના રસ અને રાસ, વિશ્વાસ વગરનો મિત્ર, ગીત વગરનાં લગ્ન, અને માન વગરનું દાન, તેમ કેસર વગરનો રંગ, વાળી પહેર્યા વગરનું મોઢું, ચંદ્ર વગરની રાત તેમ સોપારી વગરનું પાનછે.

એક સ્ત્રી વિરહથી બિમાર થઇ ગઇ છે. બિમારી જોઇને વૈદ્યરાજજીને બોલાવ્યા. પેલી સ્ત્રી વૈદ્યને એકાંતમાં કહે છેઃ—

દોહા.

જા બૈદા ઘર આપને,
તૂ કયાં જાને સાર;
આશક ચંગે કિન કિયે,
બિન દેખે દિદાર.—૧૧૬૬.

ભાવાર્થઃ—હે, વૈદ્ય ! તું તારે ઘેર જા, તને મારી બિમારીનો ભેદ માલમ પડવાનો

નથી. પોતાની ધારેલી વસ્તુને જોયા વગ
ર આશકને કોણે સારા કરતાં જોયા છે?

છપ્પય.

ભ્રકૂટી નેનકો બાન,
કામકો કટક ચઢાવેં,
ઘુંઘટ પટકી ઢાલ,
ચાલ ગજપતિ સુહાવેં;
કંચુકી કવચ પહનાય,
કિયે કુચ પૈદલ આગે,
બિછવા બજે નિશાન,
સુનત રતિપતિ સુર લાજે;
હુંકાર કરત નેપૂર નવલ,
રણખેત કુસુમ શય્યા ભલી,
કવિ ગિરધર કહે યહી સાજ સજ,
પ્રિયા પાસ ઝુંઝન ચલી.

—૧૧૬૭.

ભાવાર્થ:—ભવાં અને આંખ રૂપી બાણ
થી સજ થયેલી એક સ્ત્રી કામરૂપી ફોજ ચ
ઢાવે છે; ઘુંઘટ (ઘુંમટો)ના કપડા રૂપી ઢાલ
રાખે છે, અને જેની હાથી જેવી ચાલ છે; તેણે

કાંચળી રૂપી બખતર પહેર્યું છે, અને કુચ રૂપી પેદલને આગળ કર્યું છે, બિછવા–ઘૂરે ણું એ લઢાઇનું નિશાન છે, જે સાંભળીને કામદેવ અને દેવતા પણ લાજી મરે છે.

પગમાંના નેપૂર અવાજ કરે છે, ફૂલ ની સય્યા રૂપી જ્યાં રણક્ષેત્ર આવેલું છે. કવિ ગિરધર કહે છે કે એવો સાજ સજીને તે પિયુની પાસે ઝુંઝવાને (લઢવાને) ચાલી.

દોહા. (બાજોક્તિ.)

સ્વારથ સુકૃત ન શ્રમ વૃથા,
દેખિ વિહંગ વિચારિ;
બાજ પરાયે હાથ પર,
તૂ પક્ષીહિ ન મારિ.–૧૧૬૮.

બિહારી.

ભાવાર્થઃ–શિકારીના હાથપર બેઠેલા બાજ પક્ષીને કહે છેઃ–બીજા પક્ષીઓને મારવામાં તારો કંઇ સ્વાર્થ નથી, કંઇ પુન્ય નથી, કેવળ વૃથા શ્રમ કરે છે? માટે વિચાર કરીને બીજા પક્ષીઓને માર નહિ.

દુષ્ટ મનુષ્યના સેવકો અનર્થ કરે છે તે બાબત બાજની પ્રતિ ઉકિત છે.

દોહા. (શુકોકત.)

મરત પ્યાસ પિંજરા પર્યો,
સુઆ સમયકે ફેર;
આદર દે દે બોલિયતુ,
વાયસ બાલિકી વેર.–૧૧૬૯.

બિહારી.

ભાવાર્થ:–વખતનું ચક્કર એવું છે કે પોપટ પાંજરામાં પડયો પડયો તરસે મરે છે, અને શ્રાદ્ધ પક્ષમાં વાયસ–કાગડા જેવા નકામાને પણ આદર દઇ દઇને બોલાવે છે.

(ગુણી હાજર છતાં નિર્ગુણીના આદરના સંબંધમાં એ કાવ્ય છે.)

કવિત.

ગાહવો અકાશ પુનિ લહિવો અથાહ થાહ,
અતિ વિકાલ વ્યાલ ખ્યાલહી ખિલાયવો;
શાલ સમસેર ધાર સહિબો પ્રહાર બાન,
ગજ મૃગરાજ દો હાથન લઢાયવો;

ગિરીતેં ગિરન પંચ જવાલમેં જલન,
કાશીમેં કરોંત તન હીમમેં ગરાયવો;
પીયબો બિખ બિષમ,કબૂલ કવિ નાગર,
કઠિન કરાલ એક નેહકો નિભાયવો.—
૧૧૭૦.

ભાવાર્થઃ—આકાશને પકડવું, અથવા સમુદ્રનો પાર લેવો, વિકાળ એવા કાળા નાગને રમાડવો, ભાલા, તરવાર અને બાણુના માર સહન કરવા અથવા હાથી અને સિંહને બે હાથે બઢાવવા, પહાડપરથી પડવું, પંચાગ્નિમાં બળવું (તપવું), કાશીમાં કરવત મુકાવવું, બરફમાં શરીર ગાળવું, અથવા સખત ઝેર પીવું એ બધું એકવાર કરી શકાય પણ કવિ નાગર કહે છે કે કરાલ જે સ્નેહ તેને નિભાવવો એ બધા કરતાં મુશ્કેલ છે.

વિચિત્ર સમસ્યાપૂર્તિ.

એકવાર એક રાજકચેરીમાં સમસ્યા પૂછવામાં આવી.

પાવક પુંજમેં કંજસિ ફૂલી.

નીચેની પૂર્તિ સર્વોત્તમ માલૂમ પડી.

સવૈયા. (શાલિગ્રામ.)

રાવન નાસન રામકી સાસન,
 પાય હુતાસનમેં સિય ઝૂલી;
દેહકી દૂનિ લગી ધુનિ દીપન,
 શાલિગ દેખિ સબૈ મતિભૂલી;
તાહિ સમેં નભમંડલમેં થિત,
 દેવવિરંચી શચીપતી શુલી;
દૈન લગે ઉપમા ઈમ મંજુલ,
 પાવક પુંજમેં કંજસી ફૂલી.
 —૧૧૭૧.

ભાવાર્થ:—સીતાને લઇને રાવણુ નાસી ગયો પછી લંકાને રામચંદ્રે આગ લગડાવી ત્યારે રાવણુ નાઠો, અને રામચંદ્રે એ રીતે શિક્ષા કરી. તે સમયે ચારે તરફ અગ્નિ અને વચમાં સીતા છે, સીતાનું શરીર અગ્નિના પ્રકાશથી બેવડું પ્રકાશવા લાગ્યું; શાલિગ્રામ કહે છે કે તેને જોનારા બધાની મતિ ભૂલાઇ ગઇ; તે વખતે આકાશ મંડળમાં દેવતા,

બ્રહ્મા, ઈંદ્ર વગેરે સ્થિર થઇને ઉભા થઇ રહ્યા, તેઓ સીતાને જોઇને એવી સરસ ઉપમા આપવા લાગ્યા કે દેવતાના ઢગલામાં સીતારૂપી કમલ ખીલી રહ્યું.

દોહા.

બૈર સનેહ સયાનકો,
તુલસી જો નહિ જાન;
સો કિ પ્રેમ મગ ધરત પગ,
પશુ બિન પુંછ સમાન.—૧૧૭૨.

ભાવાર્થ:—તુલસીદાસજી કહે છે કે શાણા માણસનું વેર અને સ્નેહ જે નહિ જાણતો હોય તેવો માણસ જો પ્રેમના માર્ગમાં પગ મૂકે છે, તો તેને પશુ વગરના પૂછડા સમાન ગણવો.

દોહા.

કરત કસોટી કનકકી,
જ્યૌં બિધ ચતુર સુનાર;
ત્યૌં નિજ શાશન નૃપતિકી,
લેહુ કસોટી પ્રકાર.—૧૧૭૩.

ભાવાર્થ:—જેવી રીતે ચતુર સોની કસોટી વડે સોનાની પરીક્ષા કરે છે, તેવી રીતે રાજાઓ પોતાના અમલની કસોટી કરે છે.

દોહા.

આઠ પ્રહર ચોસઠ ઘડી,
ખડી પુકારત પીય;
જૈસે ખલ લોહારકી
સાસ લેત બિન જીય.—૧૧૭૪.

ભાવાર્થ:—એક સ્ત્રી કહે છે કે આઠ પહોરની ચોસઠ ઘડીમાં ઉભી ઉભી પિયુને એવી રીતે પોકારૂં છું કે જેવી રીતે લુહારની ધમણ જીવ વગર પણ શ્વાસ લે છે.

ચટણી.

લડકપન ખેલમેં ખોયા,
જવાની નિંદ ભર સોયા,
બુઢાંપા જખમાર રોયા.—૧૭૭૫.

૧૩૧. કુંજ.

ઘોડા–ગધેડા–(કાન).

કુંડલિયા.

ખરકો તુરગ ન નીપજે,
સાજે અતિસેં સાજ,
રૂવડ હોય ન પદ્મિની,
કગવા બને ન બાજ–
કગવા બને ન બાજ,
કાચ કંચન નહિ હોવે,
મર્કટ ગલમેં હાર,
જાય જંગલમેં ખોવે,
કથે સુકવિયાં કાન,
સ્વભાવ ન પલટે નરકો,
સાજે અતિસેં સાજ,
તુરગ ના નિપજે ખરકો.

–૧૧૭૬.

ભાવાર્થ:-ઘણા ઘણા સાજ સજવામાં આવે તોપણ ગધેડાનો ઘોડો થાય નહિ, તેમજ ફુવડ સ્ત્રી કદી પદ્મની થાય નહિ, તેમ કાગડો બાજ બનતો નથી; કાચ કંઇ સોનું થતું નથી. વાંદરાના ગળામાં હાર પહેરાવવામાં આવે તો જંગલમાં જઇને ખોઇ આવે છે; કવિ કાન કહે છે કે માણસોનો સ્વભાવ કદી પણ બદલાતો નથી; કેમકે અતિશય સાજ સજતાં પણ ગધેડાનો ઘોડો બની શકતો નથી.

એક સ્ત્રીનું પ્રથમજ આણું થવાથી સાસરે આવી છે, સ્વામી પરદેશ છે; શરદ પૂર્ણિમાની ચાંદનીને જોઇને તે પોતાની સખીને કહે છે:-

---

દોહા.

આજ સરદકી ચંદની,
બરસત ગગન અંગાર;
અરિ જરત હું ભવનમેં,
દેરી જાસ કમાર.

—૧૧૭૭.

ભાવાર્થ:—આજ શરદ પૂર્ણિમાની શીતળ ચાંદની છે છતાં તે મને આકાશમાં આગ જેવી લાગે છે; હે, સખિ! હું તેથી મકાનમાં બળી મરૂં છું, માટે બારણું બંધ કર કે અંદર ચાંદરણું આવે નહિ.

ચેન પડતું નથી, ફરી ચાંદનીને જોઇ બળતી બહાર જાય છે.

આજ સરદરી ચાંદની,
કહા માનની ગોન;
ત્રી જાકી પૂછત ફિરે,
બેસરકો ઘર કૌન?

—૧૧૭૮.

ભાવાર્થ:—ગુપચુપ જઇ થોરીનું (શિકારી ભીલ જેવી એક જાત જેને બેસર અથવા કેતુ કરીને પણ કહેવામાં આવે છે.) ઘર પૂછતી જોઇ, તેની સખી કહે છે, આજ શરદની ચાંદની છે, અને સ્રીનું ગોન—આણું શું? કે જે પુરૂષની એવી સ્રી પૂછતી ફરે છે કે બેસર—માથા વિનાનું—અર્થાત્ કેતુને માથું હોતું નથી અને

તેના હાથમાં બાણ હોય છે. એવા બેસર- થોરીનું ઘર કયાં છે? થોરી મળે તો ચંદ્રમાના વાહન હરિણને બાણ મારે કે જેથી તે ચંદ્રને લઇને નાસી જાય અને ચાંદની સતાવે નહિ.

દોહા. (વિશેષોકિત).

હૌં હારી કૈ કૈ હહા,
પૉંઇ ન પારો પ્યૌર;
લેહ કહા અજહૂં કિયે,
તેહ તરેરે ત્યૌર.—૧૧૭૯.

ભાવાર્થ:—અમે સર્વે હાહા ખાઇને સમજાવી સમજાવીને એટલે કહી કહીને થાકી ગઇ, તથા પ્રીતમને પગમાં નાખ્યા, એનાથી વિશેષ તે તું શું લેશે કે હમણા પણ ગુસ્સાથી મોટી મોટી આંખો કાઢીને જોઇ રહી છે?

દોહા. (લાટાનુપ્રાસ ઝમક).

સદન સદનકે ફિરનકી,
સદન છુટે હરિરાય;
રૂચે તિત બિહરત ફરો,
કત વિહરત ઉર આય.—૧૧૮૦.

ભાવાર્થ:—હે, કૃષ્ણ ! ઘેરઘેર ફરવાની આપની ટેવ છૂટતી નથી; ભલે તમારી ઇચ્છા હોય ત્યાં જાઓ પણ મારા હૃદયમાં શા માટે વિહરો છો? (મારી છાતીમાં યાદ આવીને છાતી શા માટે ચીરો છો ?)

વિયોગ-બેત.

છુટ જાયેં ગમકે હાથોંસે,
જો નિકલે દમ કહીં;
ખાક અયસી જીન્દગી પર,
તુમ કહા ઔર હમ કહા.—૧૧૮૧.

ભાવાર્થ:—જો મરી જઇએ તો સારૂં, કે દિલગીરીના પંજામાંથી તો છૂટીએ. તમો કયાં અને હું કયાં એવી જીંદગાની પર ધુળ પડો.

સમશ્યા (ઉખાણું).

છપ્પય.

અષ્ટ રેસ ઈક માસ,
માસ બારામેં પક્કે,
પાવક મુખ ભયો જન,
લોક સબ નજરોં દેખે;
અખર લખે લેલાર,
માર ધનિઅનકો મારે,
ચંદ્રબદનિ ચિત ચોર,
ધ્યાન મુનિજનકો ટારે;
યે સિદ્ધ નહિ યોગી નહીં,
બિન પાંઉ પૃથ્વી ધુની;
કાલિદાસ કવિ ઉચ્ચરે,
અર્થ કરો પંડિત ગુની.
—૧૧૮૨.

ભાવાર્થ:—આઠ રેસનો માસો, એવા બાર માસાનો તે બને છે; બધા લોકો તેને અગ્નિના મુખ તરીકે ગણે છે.

તેના કપાળમાં અક્ષર લખેલા છે, વળી ઘણુાના માર ખાધા છે (અથવા ઘણુાને માર મારે છે.) સ્ત્રીઓના ચિત્તને હરણ કરનારો છે, અને મુનિ જનોના પણ ધ્યાન ચુકાવે છે.

એવો એ સિદ્ધ યા જોગી નથી પણ વગર પગે આખી પ્રથ્વીમાં એણે ધુન મચાવી મુકી છે.

કવિ કાલીદાસ કહે છે કે કોઇ પંડિત યા ગુનિજન હોય તે એનો અર્થ કરો.

જવાબ—રૂપીઓ.

દોહા.

સબહી ભૂમિ ગોપાલકી,
વામેં અટક કહા;
જાકે દિલમેં ખટક હૈ,
સોહી અટક રહા.

—૧૧૮૩.

ભાવાર્થ:—જોધપુરના મહારાજા માનસિંહ જ્યારે કાબુલ પર ચઢાઇ કરી

ત્યારે અટક (સિંધુ) નદી ઓળંગતાં ઘણાએ રોકયા કે હિંદુઓ અટક પાર જાય નહિ ત્યારે તે બોલ્યા કે બધી ઝ્મીન પ્રભુની છે, તેમાં અટક શી? જેના દિલમાં ખટકો છે, તેજ માત્ર અટકી રહ્યા છે.

દોહા.

પણ કીજે સત ઉપકારકો,
ખલ માને નહિં કોઇ;
સક્કર ઘૃતતેં સીંચિયે,
નીંબ ન મીઠો હોઇ.—૧૧૮૪.

ભાવાર્થ:—સો ઉપકાર કરો પણ લુચ્ચો તે એકને પણ ગણતો નથી. લીંબડાના ઝાડને સોનાના ઘડા વડે પાણી પાવામાં આવે તોપણ મીઠો થતો નથી.

અધમ મલીન પ્રસંગતેં,
અધમહી ફલ હોત;
શ્વાત જલ અહિ મુખ પરે,
બની વિષ હોત ઉદ્યોત.—૧૧૮૫.

જેને ધાર કહે છે તે અર્થાત્ ભુજ અને ધારના રાજાઓ એવા દાતા થઈ ગયા.

કચ્છ-ભુજનો લાખા ફુલાણી કોઈ કવિને એક લાખથી ઓછા આપતો ન હોતો તેથી તેને લાખો કહે છે. દિવાને એકવાર રાજાની આંખ ખોલવાને એક કવિને લક્ષ રૂપીઆ આપવાનો હુકમ થતા રાજાની રૂબરૂ ઢગલો કરાવ્યો કે લાખનો ઢગલો જોઈ અક્કલ ઠેકાણે આવશે કે આ ટલા બધા રૂપીઆ માત્ર એક કાવ્યના આપવામાં આવે છે. પણ લાખાએ ઢગ લો જોઈ કહ્યું કે માત્ર આટલાજ રૂપીઆ કવિને મળશે? તેથી બમણા આપી વિદા ય કર્યો. એને વિષે કહેવાય છે કે લાખ માગે ને ક્રોડનો આપનારો તો એક લા ખોજ થયો છે. તેજ પ્રમાણે ધારાનગરી ના જગદેવ પરમારે કંકાણી ભાટણને પોતાનું માથું બક્ષીસ આપ્યું હતું. એ રીત એ બે પુરૂષોને કવિએ વખાણ્યા.

બેત.

અય! દિવાને! ઇશ્ક
  કરના જો તુઝે મંઝુર હય;
ગૌર કર ઉસ નૂરકા,
  જિસકા દિયા વો નૂર હય!
ઇશ્કમેં બાજી હસરકી,
  કામ દૌલતકા નહીં;
આશકોંને જીતે જીકો,
  તન્ બદન રકખા નહીં.
ગરજો અપના શિર ન બેચા,
  કુછ મઝા ચકખા નહીં!

—૨૧૮૯.

ભાવાર્થ:—હે! દિવાના! જો (કોઇ ખુબસુરત નમુનાનો) ઇશ્ક કરવાનું તને કબુલ છે, તો તે તેજનું ચિંતન કર કે જેનું આપેલું તે નૂર-તેજ છે! વળી તારે હમેશાં યાદ રાખવું કે-ઇશ્કમાં માત્ર ચાહનાનું જ કામ છે, પણ દૌલત-દ્રવ્યનું કશું કામ નથી! ખરા આશકો છે તે પૈસાની પરવા રાખતા નથી! જે

સાચા આશક છે તેણે જીવતાંજીવત પોતાનું આ પંચ મહાભુતનું શરીર પણ રાખ્યું નથી ! તેની પણ દરકાર કરી નથી ! અને જેણે ઇશ્કમાં પોતાના માથાને વેચ્યું નથી, તેણે ઇશ્કની કંઇ લિજજત ચાખી નથી અર્થાત્ જેઓ પ્રેમના માર્ગમાં પોતાનું માથું આપે છે, તેજ તેનો ખરો રસ ચાખે છે.

પ્રેમ.

લિખત કલમ સુકત હરફ,
યહી પ્રેમકા મૂલ;
જો બિછરત સૂકે નહિ,
ઉસકે મુખમેં ધૂલ.—૧૧૯૦.

ભાવાર્થ:—કલમ અને શાહીનો કેવો પ્રેમ છે કે જેમ જેમ અક્ષર લખાતા જાય તેમ તેમ કલમથી જુદા પડવાના કારણથી તે શાહીવાળા અક્ષર સુકાતા જાય છે, પણ જુદાઇ થતાં પણ જેઓ સુકાતા નથી તેઓના મોઢામાં ધુળ છે.

ભૂખ લગે મદિરા પિયે,
સબ કાહુ શુદ્ધ હોય;
પ્રેમ સુધારસ જિન પિયો,
તિન ન રહે શુદ્ધ કોય.—૧૧૯૧.

ભાવાર્થ:—દારૂ પીએ તો ભૂખ લાગે છે, અને કોઈવાર શુદ્ધિ આવે છે, પણ જેણે પ્રેમરૂપી અમૃત પીધું તેને શુદ્ધિ રહેતી નથી.

બિરહી લોચનમેં રહત,
તિર બીન નીર ગંભીર;
મીન રહત સબ નીરમેં,
ઇન મીનનમેં નીર.—૧૧૯૨.

ભાવાર્થ:—વિયોગીના નેત્રમાં વગર કિનારાએ પણ ગંભીર પાણી ઘેરાયલું રહે છે. બધા પાણીમાં તો માછલીઓ રહે છે, પણ આંખ રૂપી માછલીમાં તો ઉલટું પાણી રહે છે.

દોહા. (ઉલ્લાસ અલંકાર).

શ્યામ ! સુરતિ કર રાધિકા,
તકત તરણિજા તીર;
અઁસુવનિ કરતિ તરોસકે,
ક્ષણુક ખારો હે નીર.—૧૧૯૩.

ભાવાર્થ:—હે, કૃષ્ણુ ! આપની સુરત જોવા રાધિકા યમુનાના કિનારા તરફ તાકી ને જોયાં કરે છે; એક ક્ષણુમાં નદીના પાણીને પોતાના આંસુ વડે ખારાં કરી નાખે છે.

દોહા. (પરિકરાંકુર.)

લોયે કોપે ઇન્દ્રલોં,
રોપે પ્રલય અકાલ;
ગિરિધારી રાખે સબૈ,
ગો ગોપી ગોપાલ.—૧૧૯૪.

ભાવાર્થ:—હે, ઓધવજી ! જે વખતે કૃષ્ણુ ઈંદ્રનો યજ્ઞ લોપ્યો ત્યારે તેણુ કોપી ને અકાલ પ્રલય કરવાની ઇચ્છા કરી, તે

વખતે પહાડને ઉંચકીને સર્વ ગાયો, ગોપી, અને ગોવાળોની રક્ષા કરી હતી.

રાજ દરબારમાં નીચેની સમશ્યા પૂર્તિ પૂછવામાં આવી હતી.

ક્યોં ન કિયે પ્રભુ લુચ્ચે લફંગે?

કવિએ પોતાની નિર્ધન સ્થિતિ જોઇ મશ્કરીમાં કાવ્ય બનાવ્યું.

સવૈયા. (શાલિગ્રામ.)

જે કુટલી કપટી કલહી,
ખલ હૈ અતિ અજ્ઞ અલાપ ઉચંગે;
શાલિગ્ર યા કલિકાલમૈં અૈસે,
ચહૂં દિસ ખાવત માલકો ચંગે;
સર્જનકે ગનતે અનહીન રૂ,
વસ્ત્રવિહીન ફિરૈ તન નંગે;
કો અપરાધતેં વિધી કિયે હમૈ,
ક્યોં ન કિયે પ્રભુ લુચ્ચે લફંગે?
—૧૧૯૫.

ભાવાર્થ:—કુટીલ, કપટી, ટંટા કરનારા લુચ્ચા, અજ્ઞાન (નહિ ભણેલા) અને મોટા બખારા મારનારા—સાલિગ્રામ કવિ કહે છે કે આ કલિકાળમાં ચારે દિશામાં નરદમ માલમલિદા ઉડાવે છે. સજ્જન પુરૂષને તો કોઇ ગણતું જ નથી; તે બાપડા વસ્ત્ર વગર નાગા જેવા ફરે છે. હે, વિધી !—બ્રહ્મા ! તારો શો અપરાધ અમે કર્યો છે ? અમને હે, પ્રભુ ! તેં લુચ્ચા અને લફંગાં કેમ નહી બનાવ્યા ?

સાખી.

કબીર ગર્વ ન કીજિયે,
રંક ન હસિયે કોય;
અજહ નાવ સમુદ્રમેં,
કયા જાને કયા હોય.—૧૧૯૬.

ભાવાર્થ:—કદી પણ અહંકાર કરવો નહિ, તેમજ ગરીબોની તરફ જોઇને તેઓની હાંસી કરવી નહિ, કારણકે સંસારરૂપી સમુદ્રમાં તું જીવે છે, ત્યાંસુધી તારૂં શરીરરૂપી વહાણ ઝોકાં ખાય છે, તે કોણ

જાણે કિનારે જઇ પાર ઉતરે છે કે વચમાંજ ડુબી જાય છે.

સાખી.

કોડી કોડી જોડ કે,
જોડે લાખ કરોર;
ચલતી બાર ન કુછ મિલા,
લી લંગોટી તોર.—૧૧૯૭.

કબીર.

ભાવાર્થ:—એક એક કોડી કોડી કરીને લાખ અને ક્રોડ રૂપીઆ ભેગા કીધા, પણ ચાલતી—મરતી વખતે તો માત્ર સાથે લંગોટીજ લેઇ જવાની છે.

ચટણી.

સમજી મોદક નામ,
કોઇ મુખથી નહિ બોલે;
લાડુનો દે ખુચ,
વદન કોઇ નહિ ખોલે.—૧૧૯૮.

૧૩૩. કુંજ.

સવૈયા.

કુંજન જઇએ તહાં સુકુમાર ગહે,
  રહિયે નનદી સુસકાઇ;
પ્રીત જુઠાની ભલે નિબહો બલિ,
  રાતિહિં ભોન રહો તો ભલાઇ;
નૈન નચાવન છાંડો કહે હરિ,
  શાસન માનિયે તૂહી જતાઇ;
રાજી કરો ગુરૂ લોગનકો સુ,
  સખી સીખ દેત રચે ચતુરાઇ.

—૧૧૯૯.

ભાવાર્થ:—નાયિકા પોતાના વડીલોની પાસે બેઠી છે, ત્યાં સખી આવી સંકેત કરી કૃષ્ણ પાસે લઇ જવા ચહાય છે, પણ ખુલ્લી રીતે બોલાતું નથી તેથી ઉપર પ્રમાણે દ્વિઅર્થી કાવ્ય કહ્યું.

એક અર્થમાં:—કુંજ+ન=કુંજમાં જતી નહિ; ત્યાં કુમારગ—કુમાર્ગ ખરાબ ર

સ્તો છે; નણંદની પાસે રહેવું; જોડા ણીની પ્રીત નિભાવો. રાત્રે ઘરને વિષે રહો તો ભલાઇ છે. હરિ કવિ કહે છે કે આંખો નચાવવી છોડી દો; આજ્ઞા પ્ર માણે ચાલો. સખી ચતુરાઇની એવી શિખામણ આપે છે, કે તમારા વડીલ છે તેને રાજી રાખો. (એ અર્થમાં વડીલો એમ સમજ્યા, કે સખી એને ખરી શિખા મણ આપે છે.)

બીજા અર્થમાં:—કુંજન—કુંજોમાં ચાલો, ત્યાં સુકુમાર—કૃષ્ણ મળવા ચહાય છે; અહીં રહેતી નહિ, નદી પણ સુકાઇ છે. જે પ્રીત બાંધી છે તેને નિભાવો અને રાત્રે ત્યાં રહો તો તમારી ભલાઇ છે. આંખો નચાવ+ન—નચાવવી છોડતાં નહિ. (હરિ કવિ કહે છે.) હરિએ જે આજ્ઞા કરી છે, તે માનો. સખીની ચતુરાઇ ભરેલી શિખા મણ છે, કે વડીલોને રાજી કરીને ચાલો.

ભોગ–જોગ.

મથુરાથી શ્રી કૃષ્ણે ઉદ્ધવને મોકલી ગોપીઓને "પોતાના પ્રતિનો મોહ છોડી, યોગ સાધના કરવા"નો સંદેશો કહેવડાવ્યો હતો, તેના ઉત્તરમાં ગોપીઓએ ઉદ્ધવને કહ્યું કે:–

સવૈયા.

બિધિકો સિર પંચમ ખંડ ભયો,
મુનિમોર નચે કપિકે મુખ લેતે;
શિવ ભીલનિકે વસ હોત ભમે,
સુરરાજકે ચિન્હ ભયે તન જેતે;
ઉધવા! તુમ રાવરે નેક સખા,
હમ દેખે હૈં ઘોંક ગુવાલનિ દેતે;
એ કહિ ભોગકે આસન પેં,
ઝખ મારત જોગકે આસન કેતે!!!

–૧૨૦૦.

ગ્વાલ.

ભાવાર્થ:–ભોગવિલાસ એવી વસ્તુ છે, કે જેને આધીન થઇને બ્રહ્માનું પાંચમું માથું ઉડી ગયું. મુનિમોર–નારદ વાંદરના

મુખ રૂપે વિશ્વમોહની કન્યાને મેળવવાને મા
ટે નાચ્યા હતા. મહાદેવ ભીલડીને વશ થઇ
ને ભટકયા; ગૌતમની સ્ત્રી અહલ્યા સાથે ભો
ગ કરવાથી ઈંદ્રના શરીરમાં પણ છિદ્ર પડયાં.

હે, ઓધવ ! તમો શ્રી કૃષ્ણના
ખરા મિત્ર છો, અમને લાગે છે, કે તમે
ગોપીઓને છેતરો છો. માત્ર એકજ ભો
ગના આસન પર જોગના કેટલાએ આ
સનો ઝખ મારે છે ! ૮૪ આસનો જો
ગના તેમજ ભોગના પણ હોય છે.

સવૈયા.

કેશવ કૈસેહું વારિધિ બાંધી ?
કહા ભયો રીંછનસેં ક્ષિતિ છાઇ ?
સૂરજકો સુત બાલિકો બાલક,
કો નલનીલ કહી હમ ઠાઇ ?
કો હનુમંત ? કિતેક બલી ?
યમહું પર જોર લઇ નહિ જાઇ !
ભૂષણ- ભૂષણ દૂષણ દૂષણ,
લંક બિભીષણકે મત પાઇ ! ! !
—૧૨૦૧.

ભાવાર્થઃ-કોઇ રીતે રામચંદ્રે સમુદ્ર (પર સેતુ) બાંધ્યો, તેથી શું થયું ? અને રીંછોથી પૃથ્વીને છાઇ દીધી, તેથી પણ શું થયું ? તેમ સૂરજનો પુત્ર-સુગ્રીવ અને વાલીનો કુંવર અંગદ તથા નલ નીલ પણ શી વિસાતમાં ? તેમનાથી શ્રી રામચંદ્રે પોતાની શી વાત સુધારી ? વળી હનુમાન પણ શું ? તેઓ કેટલા બળવાન ? જે લંકા ખુદ યમરાજ પણ પોતાના જોરથી ન લેઇ શકે તે લંકા ભૂષણના ભૂષણરૂપ રામચંદ્રજીએ દૂષણના પણ દૂષણરૂપ એવા વિભિષણ-રાજદ્રોહી રાવણના ભાઇના મત (મંત્ર) ને લીધે મેળવી ! અથવા બીજી રીતે અર્થ કરી એ તો ભૂષણ શોભા તેને પણ ભૂષણરૂપ એવી જે સુંદર લંકા તે દૂષણ રાક્ષસ તેના દૂષણ-દુઃખ દેનાર જે રામચંદ્રજી તેણે બિભીષણના મંત્ર-ગુપ્ત સલાહ વડે મેળવી !

દોહા—(પ્રેમ.)

મિત્ર હમ તુમ એકસે,
કહત સુનતકો દોય;
મનસે મનકો તૌલિયે,
કભી ન દો મન હોય.—૧૨૦૨.

ભાવાર્થ:—હે, મિત્ર ! તમે અને અમે એક છીએ, માત્ર કહેવા અને સાંભળવામાંજ બે છીએ. મનથી મનને તોલવામાં આવે તો કદી પણ બે મન એટલે (જુદાં મન થાય નહિ. અથવા માણકાના વજનની સામે મન—મણિકો—એક મણનું વજન મુકવામાં આવે તો સરખું વજન થઇ રહે, પણ બે મણ થતું નથી.

દોહા—(પ્રેમ.)

કાગજ થોડા હેત ઘના,
ક્યોંકર લિખોં બનાય;
સાગરમેં જલ બહુત હૈ,
ગાગરમેં ન સમાય.
—૧૨૦૩.

ભાવાર્થ:—કાગળ લખતાં એક પુરૂષે બીજાને લખ્યું, કે કાગળ થાડા છે, પણ હેત ઘણું છે, તે કેમ કરીને લખી શકાય? સમુદ્રમાં પાણી ઘણું હોય છે, પણ ગાગર નાની તેથી તેમાં સમાઇ શકતું નથી.

દોહા.

ખલ જનકો બિદ્યા મિલે,
દિન દિન બઢે ગુમાન;
બઢે ગરલ વહ ભુજંગકો,
યથા કિયે પય પાન.

—૧૨૦૪.

વૃંદ.

ભાવાર્થ:—નીચ માણસને વિદ્યા મળે તો તેને દહાડે દહાડે ગુમાન વધતું જાય છે, જેમકે ભુજગ—ભુજંગ—નાગને જેમ દૂધ પાવામાં આવે તો તેનામાં ઝેર વધતું જાય છે.

દોહા—(અત્યુક્તાલંકાર.)

ગોપનકે અઁસુઅન ભરી,
સદા અસોત અપાર;
ડગર ડગરને વ્હૈ રહી,
બગર બગરકે બાર.

—૧૨૦૫.

ભાવાર્થઃ—શ્રી કૃષ્ણને ઓધવજી કહે છે, કે આપની જુદાઇથી ગોપીઓના આંસુઓ વડે એવી નદી થઇ ગઇ છે, કે જે કદી સૂકાવાની નથી, અને તે નદી વ્રજની ગલી ગલીમાંજ નહિ પરંતુ દરેકે દરેક ઘેર વહી રહી છે.

એક રાજસભામાં નીચેની સમશ્યા પૂર્તી કરવાનું કહેવામાં આવ્યું.

રોવત કાહુ કુરંગકે શૃંગતેં,
— અશ્રુ પરૈ ધરની પર આયકે;
નીચેનાં પૂર્તી સર્વોત્તમ ગણાઇ.

સવૈયા. (શાલિગ્રામ.)

અર્ધ નિશાકે સમૈ મૃગ દીન,
મૃગાંક રો ટેરત નૈન મિલાયકે;
હો તુમ ગોત્રવંતી હમરે,
તેહિતેં હમ તોહિ પુકારત ધાયકે;
વ્યાધ હતી મમ પ્રાણપ્રિયા,
તેહિ દેહુ જિવાય સુધા વરષાયકે;
રોવત કાહુ કુરંગકે શૃંગતેં,
અશ્રુ પરૈ ધરતી પર આયકે.
—૧૨૦૬.

ભાવાર્થ:— એક ગરીબડા હરિણ અર્ધી રાત્રિએ મૃગાંક—ચંદ્રમાની તરફ આંખ મેળવીને ટગર ટગર જોઇ રોવા માંડયું; મનમાં કહેવા લાગ્યું, કે તમો (ચંદ્રમાના વાહન—લંછન હરિણ) અમારાજ ગોત્રી છો, તેથી હું તમારી પાસે દોડીને ફરિયાદ કરૂં છું. મારી પ્રાણપ્રિયાને શિકારીએ મારી નાખી તેથી તું અમૃત વરસાવીને તેને જીવાડી દે.

એ રીતે કોઇ હરિણના શીંગડાની ઉપરથી જમીનપર આંસુ આવીને પડે છે. (મ્હોં ચંદ્રને જોવાને તે તરફ ઉંચું કરી રડતું હોવાથી આંસુ કપાળ પર થઇ શીંગડા વાટે પડવા લાગ્યાં.)

કમનસીબી.

અગર કુંદન ઉઠાતા હય,
તો મિટ્ટી હાથ આતી હય!
કભી રસ્સીકો છુતા હય,
તો વો ભી કાટ ખાતી હય.

—૧૨૦૭.

ભાવાર્થ:—કમનસીબ માણસ સોનામાં હાથ નાખે છે તો તેના હાથમાં મટોડી આવે છે, અને દોરીને પકડવા જાય છે તો તે પણ સાપ થઇને કરડી ખાય છે.

બત.

મરના ભલા હય ઉસકા,
જો અપને લિયે જિયે;
જીતા હય વો જો,
મર ચુકા ઇન્સાનકે લિયે.—૧૨૦૮.

ભાવાર્થ:— જે પોતાનેજ વાસ્તે જીવતો હોય તે કરતાં મરવું ભલું. જે બીજા માણસનું ભલું કરતાં મરી પણ ગયો હોય તો તેને હમેશાં જીવતો સમજવો.

દોહા.

કંચન હોવે કીચમેં,
બિખમેં અમૃત હોય;
બિદ્યા નારી નીચમેં,
તીનો લીજે સોય.—૧૨૦૯.

ભાવાર્થ:—કાદવમાં સુવર્ણ હોય, ઝેરમાં અમૃત હોય, તેમજ નીચ કુળમાં કન્યા અથવા નીચની પાસે વિદ્યા હોય તો તેઓને જરૂર ગ્રહણ કરવાં.

ચટણી.

હશિયાર જાની વ દોસ્ત હય ઠગોંકા,
યા ટુક નિગાહ ચુકીઆર માલ દોસ્તોંકા;
—૧૨૧૦.

૧૩૪. કુંજ.

છપ્પય—(વૈતાલ.)

બચન છલ્યો બલિરાજ,
બચન કૌરવ કુલ ખોયો;
બચન કરન દિયો કવચ,
બચન પાંડવ બન જોયો;
બચન કાજ હરીચંદ્ર,
નીચ ઘર નીર સમર્પ્યો;
બચન કાજ જગદેવ,
શીશ કંકાલિહિ અર્પ્યો;
જો ચલે બચન બૈતાલ કહે,
કર ગહિ જીવ્હા કટ્ટીએ;
જર જાય લક્ષ વિક્રમ સુનુ,
તોઉ બચન બોલ નવપલટીએ.

—૧૨૧૧.

ભાવાર્થ :—વચન આપવાથી બળિ રાજા ઠગાયો, વચનથી કૌરવનું કુળ

નાશ પામ્યું, વચનથી કર્ણે ઈંદ્રને અભય બખતર આપ્યું, વચનથી પાંડવને વનમાં જવું પડયું, વચનથી હરિશ્ચંદ્રે ચંડાલને ઘેર પાણી ભર્યું અને વચન માટેજ ધારાનગરીના જગદેવ પરમારે પોતાનું મસ્તક કંકાલી ભાટણને બક્ષ્યું. વેતાલ કહે છે, કે જો વચન આપીને ફરી એ તો જીભને પકડીને કાપી નાખવી જોઇએ. હે, વિક્રમ! લાખો રૂપીઆ જાય, તોપણ બોલેલા વચનથી ફરવું નહિ.

બેત.

વસ્લે દિલબરસે નિકલતા હય,
ફકત દિલકા બોખાર;
હોતી હય ઇસકે સિવા,
સારી દવાએં બેકાર.
—૧૨૧૨.

ભાવાર્થ:—માત્ર પ્રેમીના પ્રેમથીજ દિલનો તાવ નીકળી શકે છે; એના સિવાય બધી દવા નકામી છે.

બેત.

દેખને નબ્ઝ અગર,
આશકકી મસીહ આયે;
કયા અજબ હય કે,
ઉસે દેખકે લજા આયે.

—૧૨૧૩.

ભાવાર્થ:—હઝરત ઇસા જો આશકની નાડી જોવા આવે તો તે આશકને વે પણ શરમાય તેમાં નવાઇ નહિ.

બત.

ઇશ્કકા દીવાના
દીવેકો અંધેરા સમજે;
મુંગેકા આવાઝકો,
અગર વો નકારા સમજે.

—૧૨૧૪.

ભાવાર્થ:—ઇશ્કમાં દિવાનો થએલો હોય તે દીવાને અંધારૂં, અને મૃગાંના અવાજને તે નગારૂં સમજે છે.

બેત.

ઇશ્કકી આંખોસે,
દુનિયા અંધિયારી હય;
દીનકો રાત સમજે,
બાત ન સમજે નવાલા સમજે.
—૧૨૧૫.

ભાવાર્થ:—ઇશ્કની આંખથી દુનિયા અંધારી લાગે છે; દિવસ ને રાત સમજે છે અને વાત ન સમજતાં જાણે ખાવાનું સમજે છે.

પ્રેમ—(દોહા.)

નેહા સબ કોહુ કરે,
કહા કહીં મેં જાત;
કરિબો ઔર નિબાહબો,
બડી કઠિન યહ બાત.—૧૨૧૬.

ભાવાર્થ:—પ્રીત બધાએ કરે છે, તો હું કેવા જાતની પ્રીતિ કરૂં? પ્રીત કરવી અને તેને નિભાવવી એ બહુ કઠણ વાત છે.

દુર્જન-દોહા.

દુરિજન દર્પણ સમ સદા,
કરિ દેખો હિય દોર;
સન્મુખકી ગતિ ઔર હૈ,
વિમુખ ભયે કછુ ઔર.

—૧૨૧૭.

ભાવાર્થ:-દુર્જન માણસ દર્પણ-કાચના જેવો છે. તે કાચને પોતાના હૈયા તરફ લગાડી જુઓ તો જેમ દર્પણ સન્મુખ હોય ને અંદર મોઢું જણાય છે, પણ ઉલટું કરતાં કંઇ જણાતું નથી, તેમ દુર્જન મોંઢાપર મીઠું બોલે, પણ પાછળ કંઇ જુદોજ રંગ બતાવે છે.

સત્સંગ.

કોટિ જન્મકે પુન્ય જબ,
ઉદય હોત એક રંગ;
છુટત મનકી મલિનતા,
અરૂ ભાવત સત્સંગ.

—૧૨૧૮.

ભાવાર્થ:—કોટિ જન્મના પુન્ય જ્યારે એક રંગ થઇ ઉદય પામે છે, ત્યારેજ મનની મલિનતા છૂટે છે, અને સત્સંગ ગમે છે.

દોહા.

જૈસે એક ઠંઠ તરૂ,
જાહિ કરૈ બન છાર;
તૈસે એક કપૂતસેં,
નાસત સબ પરિવાર.—૧૨૧૯.

દીનદયાલગિરિ.

ભાવાર્થ:—જંગલમાં એકાદ ઝાડ ઠુઠું (સુકું) થઇ ગયું તો ઘસાઇને તેમાંથી આગ ઉત્પન્ન થઇ આખા વનને બાળીને રાખ કરી દે છે, તે પ્રમાણે એકાદ પણ કપૂત પેદા થાય તો આખા પરિવારનો નાશ કરે છે.

દોહા.

હિત કરી અપની જાતિ બુધ,
બચન તાડના દેત;
જૈસે માલી સુમનકો,
બેધત ગુનકે હેત.—૧૨૨૦.

દીનદયાલગિરિ.

ભાવાર્થ :—આપણું ભલું કરવા માટે બુદ્ધિવાનો કઠોર વચનથી શીખામણ આપે છે; જેવી રીતે કે માળી ફૂલને સુધાર વાને—જોડી દેવાને વીંધીને હાર બનાવે છે. (ગુન એટલે દોરી પણ થાય છે.)

ગૂઢાર્થ—દોહા.

ગિરિ ધી કંથા આભરણ,
વાકે મુખમેં હોય;
સો યાકે નૈનાં બસે,
સંગ ન કરના કોય.

—૧૨૨૧.

ભાવાર્થ:—ગિરિ—પર્વત; તેની ધી—પુત્રી જે પાર્વતી, અને તે પાર્વતીનો કંથ તે મહાદેવ; એ મહાદેવનું ઘરેણું તે નાગ; એ નાગના મોંઢામાં ઝેર હોય છે. તે ઝેર જે માણસની આંખમાં રહેલું હોય તેનો કોઇએ સંગ—સોબત કરવી નહિ.

ઉખાણું-ચોપાઈ.

ચાર પુરૂષ ઔર સોલજ સતી,
ચાર ચાર એકેકસોં રતી;
ચાર પુરૂષકા એકહિ નામ,
કહો અર્થ વા છોડો ગામ.
—૧૨૨૨.

ભાવાર્થ:—ચાર પુરુષ તે અંગુઠા અને સોળ સતી તે આંગળીઓ; એક એક અંગુઠાને ચાર ચાર આંગળીઓ વળગેલી રહે છે; એ ચારે પુરુષનું એકજ નામ એટલે અંગુઠો છે.

કુમિત્ર-કવિત.

કેતહોં કુમિત રીત,
પ્રીત ચિત્તકી ન હોત,
બોલે મુખ અન બેન,
ઉરમેં હૈ કુરજી;
વિત વિદ્યા વનિતાકોં,
ઉરમેં લેનેકી આસ,
તાકો મિત હોઇ સબ,
રહત હજુરજી;

દેખતે જ્યું તાકો મુજ,
બાઢતો સ્નેહ નેન,
સત્ય બેન મિત્ર મુજ,
માનિયે જરૂરજી;
સુંદરસે નીમ કરે,
એસે મિત્ત હોત પ્રેમ,
હોત ગુન ચોર તાકે,
જીવિતમેં ધૂરજી.
—૧૨૨૩.

ભાવાર્થ:—કુમિત્રની રીત કહું છું; તેની પ્રીત ખરા દિલની હોતી નથી, બહારથી મીઠાં મીઠાં વચન બોલે છે પણ દિલમાં કૂડકપટ ભરેલું હોય છે.

ધન, વિદ્યા, અથવા [illegible] મેળવવાની એવો કુમિત્ર આશા રાખે છે, અને તેથી તેવાનો મિત્ર થઇને હંમેશાં [illegible]માં રહે છે.

જે પોતાના સમાન તમને ગણતો હોય, અને સ્નેહ વધારતો જતે

હોય, એવા મિત્રની સત્ય વાત જરૂર માનવી: એવાનો નેમ ઉંચો હોય છે અને એવાથીજ ખરો પ્રેમ બંધાય છે; બાકી ગુણચોર મિત્રના જીવતરમાં તો ધૂળ છે.

દોહા.

વેષ, વરણ, વય, વિભવ ત્યોં,
દાન, માન, સન્માન;
એ સાતોં સમતા મિલે,
તબ મિત્રતા જાન.—૧૨૨૪.

ભાવાર્થ:-બે જણ ખરા મિત્રો ક્યારે થઇ શકે કે જ્યારે તે બન્નેનો પહેરવેશ, જાતિ, ઉમર, વૈભવ, દાન, માન અને સન્માન, એ સાતે એ સરખાં હોય ત્યારે.

દોહા.

જદપિ સુજાતિ સુલચ્છની,
બહુ વિવેક વિત ચિત્ત;
ભૂષણ બિન ન બિરાજહી,
કવિતા બનિતા મિત્ત.
—૧૨૨૫.

કેશવ.

ભાવાર્થ:-સ્ત્રી જાતવાન, શુભ લક્ષણવાળી, વિવેકી, અને ધનવાળી હોય તોપણ જેમ વસ્ત્ર અને ઘરેણાં વગર શોભતી નથી, તેમ કવિતા ચ્હાય તેવી ઉંચી હોય તોપણ અલંકાર વગર શોભતી નથી.

ચટણી.

ભૂખ રાંડ ભૂંડી, આંખ જાય ઉંડી;
પગ થાય પાણી, આંસુ લાવે તાણી.
—૧૨૨૬.

ધોળકાની ધાણી ને માળવ્યનું પાણી;
ધબ ધબ ધૂવે ને રોટલાને રૂવે.—૧૨૨૭.

૧૩૫. કુંજ.

દોહા.

કરકી ચૂરીઆં દૂર કર,
દ્રગ અંજન ધોઈ ડાર;
યે આયે મનભાવને,
સબે શૃંગાર ઉતાર.—૧૨૨૮.

ભાવાર્થ:—ખુલ્લો અર્થ ઉલટો લાગે છે. હાથની ચૂડીઓને ફેંકી દે, આંખનું કાજળ ધોઇ નાંખ અને બધા શૃંગાર ઉતારી નાંખ, એમ મનભાવના—સ્વામીના આવતાં કહેવું એ ઉલટું જ છે.

ભેદાર્થ એવો છે કે, જે વખતે કૌરવની સાથે પાંડવો ગાયો હારી ડવવાને ગયા ત્યારે વિરાટ રાજાને ત્યાં બાર માસ ગુપ્તપણે રહ્યા. ભીમ રસોઇ પકાવવા લાગ્યો, અને અર્જુન બૃહન્નલા નામની સ્ત્રી વેષે રહ્યા. વિરાટના પુત્ર ઉત્તરને રથમાં ફેરવવા જતાં મનભાવના—

મનમાં ચિંતવેલા હતા તે કૌરવો સામે મળ્યા. કૌરવો આવ્યા માટે હે, અર્જુન ! હાથની ચૂડી ફેંકી દે, આંખ નું અંજન ધોઇ નાખ અને સ્ત્રીના સર્વે શણગાર ઉતારી પાછો તારો મર્દનો વેષ ધારણ કર.

કૌરવને મનભાવના કેમ કહ્યા તેથી આ અર્થ કેટલાકને ઓછો સંભવે છે અથવા મનભાવના એટલે શ્રી કૃષ્ણને આવતા જોઇને અર્જુનનો વેષ ઉતારવાને કહેવામાં આવ્યું હોય તે પણ સંભવિત છે.

બીજું અનુમાન એવું છે કે, શ્રી કૃષ્ણ પરદેશ ગયા ત્યારે રાધિકાએ કાળો પોષાક ધારણ કરી તડકેલી (સાથી નહિ) ચૂડી પહેરી હતી. શ્રી કૃષ્ણ એટલામાં આવી પહોંચ્યા. એક સખી વધાઇ દેતાં કહે છે કેઃ—કરકી—તડકેલી ચૂડીઓને ફેંકી દે, દ્રગ એટલે આંખોને ધોઇને અંદરનું અંજન નાખ, આ તારા મનમોહન શ્રી કૃષ્ણ આવ્યા માટે બધા કાળા શણગાર—વસ્ત્ર ઉતારી નાખ.

દોહા.

સૂરહુ નિરબલકો હનૈં,
નહિ એક નર જાન;
સિંહ વાઘ બૃક છોડીકે,
લેત છાગ બલિદાન.—૧૨૨૯.

દીનદયાલગિરી.

ભાવાર્થ:—દુનીઆમાં ખરો નર કોઇ નથી. શૂરવીર રજપૂતો પણ નિર્બળને મારે છે, જેમકે માતાના આગળ બળિદાન કરતી વખતે સિંહ, વાઘ અને વરૂને ભોગ નહિ આપતાં બકરીનો આપે છે.

દોહા.

તહાં ન કછુ ભય જહાં,
અપની જાતિ ન પાસ;
કાઠ વિના ન કુહાર કહુ,
તરૂકો કરત બિનાસ.

—૧૨૩૦.

દીનદયાલગિરી.

ભાવાર્થઃ—જ્યાં આપણી જાતિ ન હોય ત્યાં કોઇ પ્રકારનો ડર નથી, જેમકે લાકડાં વગર કુહાડીને હાથો નંખાતો નથી અને તે હાથો ઝાડનો હોવા છતાં ઝાડ કાપવાનાજ કામમાં આવે છે, અર્થાત્ જાતિ જાતિને ખાય છે.

દોહા.

પ્રીતમ નહીં બજારમેં,
વહ બજાર ઉજાર;
પ્રીતમ મિલૈ ઉજારમેં,
વહૈ ઉજાર બજાર.—૧૨૩૧.

આહમદ.

ભાવાર્થઃ—જે બજારમાં પ્રીતમ નથી તે બજારને ઉજાડ જેવો સમજવો; પણ જો પ્રીતમ ઉજાડમાં પણ મળે તો તે ઉજાડ—જંગલ પણ બજાર છે.

દોહા.

અહમદ યા મન સદનમેં,
હરિ આવૈ કહિ વાટ;
બિકટ જુરે જૌલૌં નિપટ,
ખુલૈ ન કપટ કપાટ.–૧૨૩૨

ભાવાર્થઃ–અહમદ કહે છે કે, આ મનરૂપી મકાનમાં પ્રભુ કયે રસ્તે આવી મળે છે; જ્યાં સુધી તે મકાનના કપટરૂપી દરવાજા બીલકુલ ઉઘડે નહિ (મન સાફ થાય નહિ) ત્યાં સુધી તેનો મેળાપ થવો વિકટ–મુશ્કેલ કામ છે..

દોહા.

બડો મંદ અરવિન્દ સુત,
જિહિં ન પ્રેમ પહિચાન;
પય મુખ નિરખન દૃગનકે,
પલક રચી બીચ આન.–
૧૨૩૩.

ભાવાર્થઃ–અરવિન્દ–કમળનો પુત્ર જે બ્રહ્મા તે મંદ મતિનો છે, કારણકે તેને

પ્રેમની કંઇપણ પરીક્ષા નથી. મંદ મતિ હોવાથીજ તેણે પ્રિયાનું મુખ જોવાની જે આંખ તેની વચમાં પાપણ બનાવી. (પાપણ ન હોત તો અખંડિત જોયા કરત.)

દિલકી બીતીકો કોઇ કયા જાને?
દિલહી જાને યા દિલરૂબા જાને.—
૧૨૩૪.

ભાવાર્થ:—દિલની વીતીને બીજો શું જાણે? કાં તો દિલજ જાણે કે દિલનો મેળાપી જાણે.

દોહા.

ઉચિત ઉચિત સબકો કહે,
અનુચિત કહે ન કોય;
જો જાકો અનુચિત કહે,
તાકો પદોચિત હોય.—૧૨૩૫.

ભાવાર્થ:—બધાએ લાયક લાયક એટલે મીઠી મીઠી વાતો કરે છે, પણ કડવી વાત કહેતા નથી. જે કોઇને કડવું કહે છે, તેનુંજ પદ લાયક બને છે.

દોહા.

શિવકે નયન નક્ષત્ર સબ,
રાવનકે દશ શીશ;
ઇન બિચ હમકો રાખિયે,
યહી બડી બખશીશ.-૧૨૩૬.

ભાવાર્થ:-શિવની ત્રણ આંખ, સતાવીશ નક્ષત્ર અને રાવણનાં દશ માથાં મળીને ચાલીશ થાય તેની વચે એટલે અડધા અડધ અર્થાત વીસ-વીસે વિશ્વા (પૂરેપૂરા) હમને તમારા હૃદયમાં રાખજો, એજ આપની બક્ષીસ છે.

દોહા.

નખ દંતમેં દ્વાદસ તજો,
યાકો લેહુ બિચારી;
તાહિમેં તુમ બસત હો,
સાખી કૃષ્ણ મુરારિ.
-૧૨૩૭

ભાવાર્થ:-વીસ નખ અને બત્રીસ દાંત મળીને બાવન થયા, તેમાંથી બાર કાઢી નાંખો. ઇશ્વર સાક્ષી છે કે તમો તેની

અંદર-વચોવચ વસો છો; અર્થાત્ વિસે
ષિશ્યા દિલમાં વસી રહ્યા છો.

સોરઠા.

પાવસ કઠિન જુ પીર,
અબલા જન કિમિ સહિ શકે?
તેઉ ધરત ન ધીર,
રકતબીજ સમ અવતરે !–૧૨૩૮.

બિહારી.

ભાવાર્થ:–વર્ષા ઋતુની વિરહ પીડા
ને સ્ત્રી જાતિ કેવી રીતે સહન કરી
શકે? રકતબીજ એટલે બીજડાના જેવા
કોઇ અવતરેલા હોય તે પણ ધીરજ ધ
રી શકતા નથી તો આ તો અબળા છે;
અથવા રકત–શોકી જેવું વંચે છે, એટ
લે સંયોગ વિના ઉત્પન્ન થએલા જે
મોર તે મોર જેવાં જાનવર (ભોગ ક
ર્યું નથી તે છતાં) પણ વર્ષા ઋતુમાં
બોલી આનંદ કરે છે, તો સ્ત્રી તે પીડા
કેમ સહન કરી શકે?

દોહા.

સુખ સર્જનકે મિલનકો,
દુર્જન મિલે જનાય;
જાને ઉખ મિઠાસકો,
જબ મુખ નીંબ ચખાય.—૧૨૩૯.

ભાવાર્થ:—જ્યારે દુર્જન માણસ મળે છે ત્યારેજ સર્જન પુરૂષને મળવાનું સુખ માલમ પડે છે. જ્યારે મોઢે લીંબડો ચાખવામાં આવે ત્યારેજ શેરડીની ખરી મિઠાશની કિંમત થાય છે.

દોહા.

બહોત ગઈ થોડી રહી,
નારાયણ અબ ચેત;
કાલ ચિરીયા ચુગ રહી,
નિશદિન આયુ ખેત.—૧૨૪૦.

ભાવાર્થ:—ઘણી ગઈ અને થોડી બાકી રહી છે, નારાયણ કવિ કહે છે કે હવે તો તું ચેત, કારણકે—

કાળરૂપી ચકલીઓ આયુષ્યરૂપી ખેતરને રાત્રિ દિવસ ચુગી–ચરી રહી છે. (દિન દિન આયુષ્ય ઘટતું જાય છે.)

દોહા.

ધન જોબન યું જાયગો,
જૈસે ઉડત કપૂર;
નારાયણ ગોપાલ ભજ,
ક્યોં ચાટે જગ ધૂર.–૧૨૪૧.

ભાવાર્થ:–જેવી રીતે કપૂર ઉડતું જોવામાં આવતું નથી, પણ ઉડી જાય છે, તેમ ધન અને જુવાની ઉડી જાય છે; તે માટે–

નારાયણ કવિ કહે છે કે–તું પ્રભુની ભક્તિ કર, અને જગતની માયા જે પ્રપંચરૂપી ધૂળ તે શા માટે ચાટે છે?

ચટણી.

ઘણી રે ઘણી ત્હારી ધમક ઘણી,
લાવ્યો તો એક મૂળાની પણી;
ને લેરે કહે શાહેતાનની જણી.–૧૨૪૨.

૧૩૬. કુંજ.

દોહા.

ખીર સમુદ્રકે મીન જ્યોં,
રહત ચંદ ઢીગ આય;
ચંદહી મંદ ન જાનહી,
જલચર માનત તાય.—૧૨૪૩.

ભાવાર્થ:—ક્ષીર સમુદ્રમાંનું માછલું પોતાની પાસે ચંદ્રમા આવીને રહેલો છે, છતાં પણ તેને ઓળખતું નથી. તે બિચારૂં ચંદ્રમાને પોતાના જેવુંજ જળ ચર પ્રાણી સમજે છે.

(ચંદ્રમા સમુદ્રનો પુત્ર છે, તેમ જ ચંદ્રનું પ્રતિબિંબ સમુદ્રમાં પડે છે.)

નવાબ ખાનખાનાન અને ભાટ.

દિલ્હીના બાદશાહ અકબરશાહના વઝીર નવાબ ખાનખાનાન વિષે એવું કહે વાય છે કે, તેઓ દર દશેરાને દિવસે દશ લાખ રૂપીઆ કવિઓને ઇનામ આ

પતા. દિલ્હીની પાસે એક નાના ગામ ડામાં એક વિદ્વાન ભાટ કવિ રહેતો હતો, પણ તે આળસુ હોવાથી દરિદ્રી હતો. તેની સ્ત્રીએ ઘણું દબાણ કરીને તેને એકવાર દશેરા ઉપર દિલ્હી મોકલ્યો. દિલ્હી મોડા પહોંચતાં માલુમ પડ્યું કે, ઇનામ હમણાંજ વ્હેંચાઇ રહ્યું, તેથી નિરાશ થઇને બેઠો; પણ ત્યાંના એક કદરદાન વૈશ્ય શેઠે તેને પોતાને ત્યાં રાખી બીજા દશેરા સુધી થોભવાનું કહ્યું. તે શેઠની હવેલીમાંથી ખાનખાનાન હવેલી સામે આવેલી હોવાથી અંદર જે બનતું તે જણાતું હતું. તે રાતના નવાબની ૬૦ બેગમો અને બીજી સ્ત્રીઓ મળી બે ત્રણ હજાર સ્ત્રીઓનું જનાના દરબાર ભરી નવાબ ગાનતાનનો આનંદ લેતા હતા. કવિએ વિચાર કર્યો કે, અત્રેથી દોડીને નવાબના મહેલમાં ચાલ્યો જાઉં તો તે શું કરી નાંખવાનો છે? આમ તો દરિદ્રતામાં મરી રહ્યો છું. ગાનતાનમાં ગુલતાન થએલા પહેરેગીરો તેને જોઇ શકયા નહિ, અને લાગલોજ જના

નાની વયમાંજ ઊંકું કાઢી એક કવિત લલકાર્યું. બેગમો બધી નાશી ગઈ. માત્ર પટરાણી કોચ સાથે દબાઈ બેઠી રહી. કાવ્ય સાંભળતાંજ નવાબે હુકમ કર્યો કે આવા નાલાયકને તોપને ગોળે ઉરાડી મેલો. કવિએ બીજું કવિત લલકાર્યું. કવિતના આનંદમાં લીન થએલા નવાબે તે સાંભળી ફરી હુકમ કર્યો કે એને તોપને ગોળે ઉરાડો. ફરી એક લલકાર્યું. એમ કરતાં કરતાં ચૌદ કાવ્ય કહ્યાં, તોપણ નવાબ તો કાવ્ય સાંભળતો રહ્યો અને તેનો તેજ હુકમ કરતો રહ્યો. કવિરાજે પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરીને આખરે થાકતાં નીચેનો દોહરો કહ્યો:—

દોહો.

ખાનાંખાન નવાબરે,
ખાંડે આગ ખરંત;
તૃણવાલા નર ઉગરે,
જલવાલા જરંત.—૧૨૪૪.

ભાવાર્થ:—દેખીતો અર્થ ઉલટો લાગે છે, જેમકે ખાનખાનાન નવાબની તર

વારમાંથી આગ ઝરે છે, તે આગવડે ઘાસવાળા પુરૂષો બચે છે અને પાણીવાળા બળી મરે છે. ખરૂં જોતાં તો આગથી ઘાસવાળા બળવા જોઇએ અને જળવાળા પાણીના જોરથી આગની સામે બચવા જોઇએ.

એ દોહરાનો ખરો અર્થ નવાબને માલમ પડયો નહિ તેથી કવિને પાસે બેસાડી અર્થ પૂછયો.

કવિ કહે છે:—

ખાનખાનાન નવાબની તરવારમાંથી આગ ઝરે છે, કે જેની આગળ જે માણસો મોંઢામાં તૃણ–ઘાસ લઇને આવે છે, અર્થાત્ નવાબને જે નમે છે તેઓ જ માત્ર બચે છે (મોંઢામાં ઘાસનું તણખલું લેવું એ તાબેદારીની નિશાની છે); અને જળવાળા એટલે જેઓ નવાબની સાથે પોતાનું પાણી બતાવીને લઢે છે, તેઓને નવાબ બાળી નાંખે છે, એટલે ખેદાન મેદાન કરી નાંખે છે. આ સાંભળી નવાબ એટલો

ખુશી થયો કે બેગમોના દરબારમાં વહેંચવાના દશ લાખ રૂપીઆ કવિરાજને આપી વિદાય કર્યો.

ગૂઢાર્થ.

એક સ્ત્રીનો કંથ તેનાથી રીસાઇ ગયો ત્યારે પોતાની સખી પાસે જઇ પોતાનું દુઃખ કહેવા લાગી.

તેપરથી સખીએ કહ્યું:—

રામ સહોદર કનક વપુ,
નહિં ભરતકો ભાઇ;
એ તીનોં નહિં તુજમેં,
તાતે કંથ રીસાઇ.—૧૨૪૫.

ભાવાર્થ:-રામની માતાના એકજ ઉદર-પેટમાં જન્મેલો જે લક્ષ્મણ તે એટલે તારામાં સારાં લક્ષણ નથી, વળી તારી દેહ કનક જેવી સુંદર નથી. ભરતનો ભાઇ જે શત્રુઘ્ન (ચત્રુહન) ચતુરભુજ અર્થાત્ તું ચતુર પણ નથી, એ ત્રણે ગુણ તારામાં નહિ હોવાથી તારો સ્વામી તારાથી રિસાયલો લાગે છે.

ત્યારે તે સ્ત્રી કહે છે:—

એ તીનોંહી મોંહીમેં,
એક અવગન મેં કીન;
જો સુત કહિયે વૈરાટકો,
સો મેં કંથે દીન.—૧૨૪૬.

ભાવાર્થ:—એ ત્રણે ગુણો તો મારામાં મોજુદ છે, પણ મેં એક અવગુણ કર્યો છે, તે એ કે વૈરાટનો પુત્ર જે ઉત્તર, અને ઉત્તર એટલે જવાબ તે મારા કંથને મેં આપ્યો, અર્થાત્ હું સામું બોલી હતી.

ત્યારે સખી કહે છે:——

હેમ સુતા સુત કામની,
તુજમાં નહિં લગાર;
પાંડવ રિપુ ગુણ પરહરો,
તો તુજ મિલે ભરતાર.—૧૨૪૭.

ભાવાર્થ:-હિમાલય પર્વતની પુત્રી જે પાર્વતી અને ટેના પુત્ર ગણેશની સ્ત્રી જે સિદ્ધિબુદ્ધિ તે તારામાં નથી અર્થાત્ તારામાં બુદ્ધિ નથી તેમજ તને શુદ્ધ-ભાન નથી.

પાંડવોના શત્રુ દુર્યોધનમાં જે ક્રોધનો અવગુણ હતો તે તું છોડી દે તો! તારો ધણી તારી સાથે રાજી થશે.

દોહા.

મહોબ્બત કીજે મર્દકી,
કબુ પડત હૈ કામ;
સિર સાટે સિર દેત હે,
બેઠનકો બિશ્રામ.—૧૨૪૮.

ભાવાર્થ:—મહોબ્બત કરવી તો કોઇ મર્દની કરવી; કામ કોઇ વાર આવી પડે છે. એવો મિત્ર માથા સાટે માથું આપે છે અને વળી સાથે બેસીને સુખ દુઃખની વાતો કરવાને વિશ્રામ રૂપ છે.

પિયા બિનુ સાંપિન કારી રાત;
જો કબહૂ કે ઉગ્યત જુન્હૈયા,
ડસિ ઉલટી વ્હૈ જાત.—૧૨૪૯.

સૂરદાસ.

ભાવાર્થ:—સ્રીના મનથી પોતના ધણીના વિજોગને લીધે કાળી રાત્રિ સાપણ જેવી લાગે છે, કે જે રાત્રિનો સમય વિતતાં પરોઢિયાંનો વખત આવે છે તે વખત તે સાપણ કરડીને ઉલટી થઇ જાય છે કે જેથી તેનું ઝેર ચઢી જાય છે; તે પ્રમાણે પ્રભાતને વિષે સમજવું. કાળી રાત મટી સફેદ પ્રભાત થતાંજ (પહો ફાટતાંજ) વિરહ વધારે સતાવે છે. કાળી સાપણ ઉલટી થવાથી નીચેનો સફેદ ભાગ દેખાય છે, તેમજ કાળી રાત જતાં સફેદ પ્રભાત આવે છે. (સાપણ કરડીને ઉલટી થાય ત્યારેજ તેના તાળવાનો દાંત લાગવાથી કોથળીમાંનું ઝેર ડંખમાં પ્રવેશ કરી મનુષ્યનો પ્રાણ લે છે.)

ચટણી.

વાણીઆ, વહોરા, વણજારા,
ધોતીઉં ઢીલું ધરનારા;
આધીરા સુખમાં ને દુઃખમાં,
રામને જે ગણતાં મુખમાં.—૧૨૫૦.

૧૩૭. કુંજ.

કવિ કેશવદાસ જેવા સમર્થ કવિએ પ્રથમ જ્યારે કવિ પ્રિયા નામનો ગ્રંથ હિંદી ભાષામાં રચવા માંડયો ત્યારે અફસોસની સાથે નીચેનો દોહરો કહ્યો હતો.

દોહા.

ભાષા બોલ ન જાનહી,
જિનકે કુલકો દાસ;
ઉપજો તિનકે મંદમતિ,
સુત કવિ કેશવદાસ.-૧૨૫૧.

ભાવાર્થ:-જેના કુળનો નોકર પણ ભાષા (પ્રાકૃત) બોલી ન જાણે અર્થાત્ સંસ્કૃતજ બોલે છે, તેના કુળમાં (પ્રાકૃતમાં ગ્રંથ રચનારો) મંદમતિ એવો પુત્ર કવિ કેશવદાસ ઉત્પન્ન થયો.

દોહા.

એક તો નયના મદ ભરે,
દૂજે અંજન સાર;
એ બૌરી ક્યૌં દેત હૈ,
મતવારેન હાથયાર?—૧૨૫૨.

ભાવાર્થ:—એક તો આંખો મદથી ભરેલી છે, અને બીજું વળી આંખમાં અંજન આંજયું છે, જેથી કાળાશ વધી છે. હે, બાવરી! મદવાળાને તું હથિયાર શા માટે આપે છે?

સોરઠા.

હાડ ગૂડ રગ માંસ,
સૌ તો બિરહા લે ગયો;
હામદ રહ્યો જુ સાસ,
તાહિકો સાંસો પર્યો.—૧૨૫૩.

ભાવાર્થ:—હાડકાં, ચરબી, લોહી અને માંસ એ ચારે વસ્તુ તો બિરહા-

જુદાઇથી આલ્યાં ગયાં; અહમદ કહે છે કે માત્ર શ્વાસ બાકી રહ્યો છે, તેનો પણ સંશય પડ્યો છે કે શ્વાસ પણ છે કે નહિ.

દોહા.

ભૂત લગે મદિરા પિયે,
સબકાહુ સુધિ હોય;
પ્રેમ સુધારસ જિન પિયો,
તિન ન રહે સુધિ કોય.—૧૨૫૪.

ભાવાર્થ:—જે માણસને ભૂત વળગ્યું હોય અથવા કોઇએ દારૂ પી લીધો હોય તો તેઓની શુદ્ધિ થોડી વારે પણ ઠેકાણે આવી જાય છે, પણ જેણે પ્રેમરૂપી અમૃતરસ પીધો છે, તેને તો કોઇ પણ પ્રકારનું ભાન રહેતું નથી.

ભૂષણ-શિવાજી.

કવિત.

પ્રેતની પિશાચ રૂ નિશાચર
નિશાચરીયોં,
મિલિ મિલિ આપસમેં
ગાવત વધાઇ હૈં;
ભેરોં ભૂત ભૂરી ભિરિ
ભમત ભયંકરસેં,
જૂથ જૂથ જોગિનિ
જમાત જૂરિ આઇ હૈં;
કિલકિ કિલકિ કાલી
કરત કુલાહલ સો,
ડોરૂ ગહિ વામ કર
શંકર બજાઇ હૈં;
શિવા પૂછે શિવસોં
સમાજ કહિં કાજ ચલ્યો ?
આજ શિવરાજ ભોંહ
કાહૂપેં ચઢાઇ હૈ.—
૧૨૫૫.

ભાવાર્થઃ—ડાકણો, ભૂત, વ્યંતર અને વ્યંતરીઓ એકઠાં મળીને પોત પોતામાં વધાઈની વાતો કરે છે; ભૈરવ, ભૂત, ભૂરી, વિગેરે ભયંકર રૂપ ધારણ કરીને ભમી રહ્યાં છે; અને જોગણીઓ નાં ટોળેટોળાં એકઠાં થઈને જાણે એક જ્ઞાતી બંધાઈ હોય તેમ એકઠી થઈને આવી છે. કાળકાદેવીએ કીકિયારી કરતી કોળાહળ મચાવી મૂકયો છે; અને મહાદેવે પોતાના ડાબા હાથમાં ડમરૂ નામનું વાજીંત્ર વગાડ્યું છે.

આ બધા ઠાઠ જોઈને પાર્વતી મહાદેવને પૂછે છે કે આ બધો સમાજ ક્યાં જાય છે? તો તેના જવાબમાં મહાદેવ કહે છે કે આજે કોઇકના ઉપર શિવાજી મહારાજનાં ભવાં ચઢયાં હશે કે જેથી તે શત્રુઓની હાણ થતાં ભૂત, ડાકણોને ખાવાને મુડદાં મળશે.

જોદ્ધપૂર દરબારમાં એક વાદર નાચે ની સમસ્યાપૂર્તિ પૂછવામાં આવી:—

ગંગ અજા સમ તા વિધિ સારી.

નીચેનું કાવ્ય પસંદ આવ્યું.

સવૈયા—(શાલિગ્રામ.)

શીસ ગિરિશહુકે જુ વસે પય,
પાવન શુભ્ર સુધા સમ ચારી;
ચાલત પંથ સુ શબ્દ કરે,
રજહૂકોં ઉડાવત હૈ તેહિ વારી;
હૈ અજકી તનયા જુ ઉભૈ નહિ,
ભાસત ભેદ ન તાહિ લિગારી;
શાલિગ સત્ય કહે કવિતા હિતૈં,
ગંગ અજા સમ તા વિધિ સારી.

—૧૨૫૬.

ભાવાર્થ:—ગિરિશ એટલે શંકરના માથા પર દૂધ રહે છે (દૂધ જેવી ગંગા વાસો કરે છે,) કે જે પવિત્ર, અને અમૃત જેવી છે. વળી ગિરીશ એટલે હિમાલય પર્વત ઉપર તે પાણીરૂપે વસે છે,

અર્થાત્ હિમાલયમાંથી પ્રવાહરૂપે નીકળેલી ગંગા અમૃત સમાન ચારી-વહી રહી છે. રસ્તે જતાં ઘુઘુ શબ્દ કરે છે, અને તેનું પાણી રજ-ધૂળને ઉરાડી નાંખે છે, અથવા આગલા અર્થમાં તેજ વખતે મહાદેવની ગંગા રજ-રજોગુણને કાઢી નાંખે છે.

એ ગંગા અજ-બ્રહ્મા (નહિ જન્મેલા માટે) ની અજા-પુત્રી જેવી છે, તેમાં જરા પણ ભેદ નથી. કવિ શલિગ્રામ હિતથી કવિતા કહે છે કે ગંગા અજા (બકરી) ના જેવી છે.

છેડવા લાયક નહિ.

દોહા.

જંગલ જાટ ન છેડિયે,
વણિક ન બીચ બજાર;
કસબે તુરક ન છેડિયે,
ઉન્હાલે અંગાર.—૧૨૫૭.

ભાવાર્થ:—જંગલમાં જાટને, વાણિયાને બજારમાં, કસ્બામાં મુસલમાનને અને ઉન્હાળામાં દેવતાને છેડશો નહિ, કારણ

કે તે સબળા તે સ્થળે નુકસાન કરનારા નિવડે છે.

ડાહ્યો પણ ગાંડો થાય.

દોહા.

ફૂટ, ક્રોધી, શિશુ, મુકુર, પ્રિયા,
ભજન નિશા દુઃખ ફાગ;
હોત શિઆને બાવરે,
નવે ઠોર ચિત ભાગ.—૧૨૫૮.

ભાવાર્થઃ—ચોપટ રમતાં, ગુસ્સો આવે ત્યારે, બાળકને રમાડતાં, મુકુર—આરસીમાં મોઢું જોતાં, સ્ત્રીની પાસે, ભજનમાં લવલીન થાય ત્યારે, કેફ પીએ ત્યારે, દુઃખ આવી પડે ત્યારે અને હોળી ખેલતાં—એટલાં નવ ઠેકાણામાં ડાહ્યો માણસ પણ ગાંડાઇના લક્ષણ કરી દેખાડે છે.

દોહા.

તુલસી કબૂ ન જાઇએ,
જન્મભોમકો ઠામ;
ગુન અવગુન જાને નહીં,
લહે આગલો નામ.—૧૨૫૯.

ભાવાર્થઃ—તુલસીદાસ કહે છે કે પોતાની જન્મભૂમિને ગામ જવું નહિ, કારણકે ત્યાંના લોકો આપણા ગુણ અવગુણ જાણતા નથી અને આગલા વ્યવહારના નામથીજ બોલાવે છે; જેમકે તુલસીદાસજીને બદલે તુલસીઆ (જુઓ વિહાર—ત્રીજાની કુંજ—૧૧૨, લતા—૯૯૭)

કવિત. (જીવા ભગત).

કાન કથા સુને તબ
  સુનિએકો કહા રહ્યો;
જીભ રટે રામ તબ
  ફેર કહા રટિયો?
નૈન રૂપ લખે તબ
  લાખએકો કહા રહ્યો,
પાપ આપ ફુટે તબ
  કહા રહ્યો ફુટિબો?

દાન પાનિ કરે તબ
કહા રહ્યો કરિબેકો,
હટે યમ હાથ તબ
કહા રહ્યો હટિબો ?
બ્રહ્મજ્ઞાન ભાસે તબ
જહાં કહા ભાસિબો હૈ,
જન્મ મૃત્યુ મિટે તબ
કહા રહ્યો મિટિબો ?—૧૨૬૦.

ભાવાર્થ:—જો આપણા કાન શ્રી કૃષ્ણની કથા સાંભળે તો પછી સાંભળવાનું શું બાકી રહે છે ? અને જેમ રામનું નામ જપે તો પછી રટવાનું શું રહ્યું ? પ્રભુના ખરા સ્વરૂપને આંખ જોઇ શકે તો પછી જોવાનું શું રહ્યું ? અને પાપ પોતાની મેળે ફાટી નાશ પામે તો પછી ફાટવાનું શું રહ્યું ? આપણા હાથે જો દાન પુન્ય કરીએ તો કરવાનું શું બાકી રહ્યું ? અને જમ રાજાનો હાથ હટી જાય તો પછી હટવાનું શું

રહ્યું ? જેને બ્રહ્મજ્ઞાનનું ભાન થાય તો પછી જીવા ભક્ત કહે છે કે બીજું ભાસવાની શી જરૂર રહી ? અને જન્મ અને મૃત્યુ મટી જઈ ચોરાશી લાખ યોનીમાં પાછું ભટકવું નહિ પડે તો પછી મટવાનું શું બાકી રહ્યું ? અર્થાત્ પારા ઉતરી ગયા.

૧૩૮.—કુંજ.

દોહા. (રહીમ.)

જિન નેનનમેં પી બસે,
દુજો કૌન સમાય;
ભરી સરાય રહીમ લખિ,
આપ પથિક ફિર જાય.—૧૨૬૧.

ભાવાર્થ:—જે આંખમાં પ્રિય વસી રહ્યો છે, તેમાં બીજો કોણ સમાઇ શકે? રહીમ કહે છે કે એક ધર્મશાળામાં ગયા અને તે આખી ખીચોખીચ ભરેલી હોય તો મુસાફરને પોતાની મેળે પાછા ફરવું પડે છે.

પ્રભુ ભક્તિના સંબંધમાં સમક્તિને પણ આ લાગુ પડે છે.

દોહા.

ચાહત વો કિસ કામકી,
બિન ચાહતકે સંગ;
દીપકકે મન ભાય નાં,
જલજલ મરે પતંગ.—૧૨૬૨.

ભાવાર્થ:-જે આપણને ચહાતો નથી તેની સાથે ચાહના રાખેલી શું કામની? પતંગીઉં દીવામાં બળી બળીને મરતું હોય પણ દીવાના મનને કિસાબ નથી. એવો પ્રેમ શા કામનો?

શરદ ઋતુ.

કવિત. (ગંગાધર.)

પાય અવકાસ કાશ કૌમુદી વિકાશ કિયો,
સુખમા સંચાર કિયો શરદકી તયારીમેં;
વ્યોમ બેલિ વિટપ વિહાય મલ નિર્મલહુ,
સુંદર સ્વરૂપ સ્વચ્છ લહરત બયારીમેં;
સરિતા તડાગ કૂપ ઉજ્જલ દિખાને નીર,
ફૂલે ફૂલ મંજુલ સુમલ્લિકા નિવારીમેં;
નાગર નવેલી નમ્ર પ્રાકૃત સહેલી સંગ,
ધારત ઉમંગ રંગ વિહરત વિહારીમેં.-

૧૨૬૩.

એજન.

કવિત.

ભોરંહી લખાત જલ જાતકો પ્રસૂન રંગ,
સરવર ખિલેતે ભઇ અમ નઅમદ છબિ;
પૌનકે ઝકોરે હલકોરે મૂલ તોરે દેત,
સોરભસે યુકત તટ ઓરહીં રહો ફબિ;
કર્તાકી નિકાઇ બહુ ભાંતિ દરસાઇ જહીં,
અતિ મનભાઇ કહુ વર્ણિ સકે કો કવિ;
કામ સરધાર કરે ગુપ્ત રખવારી તહાં,
બિલમ ન જાતજાત કોઉ હોતાસોં દબિ.-
૧૨૬૪.

એજન.

કવિત.

સીરી વાયુ અંગન પ્રવેશ કિય છિદ્રનસો,
આગેકી ઉષ્ણતા રહી નહિં તલમેં;
સૂરજકી કિરિન માંહિતેજ લવલીન ભઇ,
તૃષ્ણા ન સોઇ રહી જોઇ રહી જલમેં;

ઝ.ને ઝીને વસ્ત્રહૂં ન ધારિયો સહાય કરે,
ભા૧ ન નેક મન એક મલમલમેં;
નવ ઋતુ નવ ફૂલ ફૂલકો પ્રચાર ભયો,
વિરહ વ્યાથત શૂલ નાસ્યો પલ પલમ.—
૧૨૬૫.

એજન.

કવિત.

ઘોસ અવસાનહીતે સંધ્યા નિયરાનહિતે,
કામિનકે કામકી ઉમંગ વાઢી તનમેં;
પ્રીતમકી સુરત સુરતિ કર પ્રીતમકી,
રતિ કિહી બાત રાત સોચૈં છનછનમેં;
સુમન સુગંધ વારી સેજકો સમારે સંગ,
પ્રીતમકે રંગકી ઉછાહ અતિ મનમેં;
નેકસી પગાહટ સુનિ ધીરજ ધરૈના બીર,
લોને સુઠિલોને ઇઠલોને દ્રગનમેં.—
૧૨૬૬.

એજન.
સવૈયા.

તૂન તાલ તમાલન માલનપ,
તરૂ ડાલન ડાલન આનનહીં;
કછુ ઓસ કનૂકે જમે નિસકે,
મનો મોતીનકી દુની પ્રાપ્ત ગહી;
વિલગાની જોઇ સુહિત મસમીર,
સુબેલી ઝુક ઝુકિ ભૂમિ રહી;
લપટી લલ હાય લવંગનકી,
મુરઝાની લતા ફિર સો ઉલહી.—
૧૨૬૭.

દોહા.

કયારી બાંધી કેસરકી,
અંદર બોઇ પિયાજ;
પાની દિયા ગુલાબકા,
આખર પ્યાજકી પ્યાજ.—
૧૨૬૮.

ભાવાર્થ:—કેસરની કયારી બાંધીને અંદર કાંદા રોપવામાં આવ્યો, અને

ગુલાબજળ પાવામાં આવ્યું તોપણ આખરે કાંદો તે કાંદોજ !

નીચ પુરૂષો એવાજ હોય છે ! !

દોહા.

એક બૂરે સબકો બૂરો,
હોત સબનકે કોપ;
અવગુન અર્જુનકે ભયો,
સબ ક્ષત્રિનકો લોપ.—

૧૨૬૯.

ભાવાર્થ:—એક ખરાબ હોય તો બધાનું બુરૂં થાય છે, અને બધાના ઉપર તે બૂરાનો ગુસ્સો જઇને ઉતરે છે. માત્ર એક અર્જુનનો દોષ થયો તેમાં સર્વ ક્ષત્રીયોનો નાશ થયો. ચંપના ફૂલને એક વાર એવો પ્રશ્ન કરવામાં આવ્યો કે, તારામાં રૂપ, રંગ તથા ખુશબો ભરેલી છે છતાં ભ્રમર જેવો ભોગી શા માટે તારો વાસ લેતો નથી?

તે ઉપરથી ચંપો ઉત્તર આપે છે:—

દોહા.

ચંપા હું મુલતાનકા,
ઉત્તમ મેરી જાત;
ભ્રમરકે મન કપટ બસે,
કબહુ ન આવે પાસ.—૧૨૭૦.

ભાવાર્થ:—હું મુલતાનનો રહેવાસી ચંપો છું ને મારી જાત ઉત્તમ છે. ભમરાના મનમાં કપટ વસેલું છે તેથી તે મારી પાસે આવતો નથી (આવી જાતના કાવ્ય માટે જુઓ :—પ્રથમ વિહાર—કુંજ ૨૮ મી—લતા (કાવ્ય) ૧૨૯—૧૩૦.)

દારૂડીઆ-હૃદયથી.

પા, પી પ્યાલા પ્રેમથી,
પાપી ન રહે મન્ન;
પા પીધે અડધી ગમે,
પાવન ને પાચન્ન.—૧૨૭૧.

ભાવાર્થ:—પ્રેમથી દારૂના પ્યાલાને પા અને પીશે તો મન પાપી નહિ રહે,

પાવાથી અને પીધાથી પવિત્ર થવાય છે અને અન્ન પાચન થાય છે.

ખરો અર્થ એ છે કે, પા+પી સાથે લેતાં 'પાપી' શબ્દ બને છે; પ્યાલાને પ્રેમથી પાપી ગણુશે તો મન પાપી રહે નહિ. તેથી પવિત્ર થવાય છે અને કલેજું (લીવર) સાફ રહ્યાથી પાચન થાય છે.

દોહા.

માયા તજી તો ક્યા ભયા,
માન તજા નહિ જાય;
બડે બડે મહંત થકે,
માન સબનકો ખાય.—૧૨૭૨.

ભાવાર્થ:—સંસારની માયા છોડી તેથી શું થયું ? માન છોડાતું નથી. મોટા મોટા મહંતો થાકી ગયા છે, એવું એ માન બધાને ખાઇ જાય છે.

દોહા.

અલખ પુરૂષકી આરસી,
સાધુઓંકા દેહ;
લખા જો ચાહે અલખકું,
(તો) ઇનહીમેં લખ લેહ.—
૧૨૭૩.

ભાવાર્થ:—જેના સ્વરૂપને નહિ જોઇ શકાય એવા પરમાત્માની આરસી દર્પણ તે સાધુઓનાં શરીર છે અને તે પ્રભુને પહોંચવાને તું ચહાતો હોય તો તેઓનાજ શરીરને વિષે તેને જોઇ લે.

૧૩૯ કુંજ.

એક પ્રૌઢ, નાયિકા (સખં) બીજી એક નવોઢા મુગ્ધા (રસિકા) જે પ્રેમ નાવસ્થાના પહેલા પગથીઆપર ચઢી આગળ વધવાની તેયારીમાં છે, તેને શિખામણ આપે છે.

કવિત.

બેરહુ અબેર મત જાઓ બેર છિન માંહિ,
એક બેર બેરનીમેં નીકે બેર ખાઓગે;
કુચ ભયે ઉંચે સકુચાએ ઘર બેઠી રહો,
લાંછનકે લોચન કહું લલચાઓગે;
સંગલે સહેલિ અલબેલી વેકેઆગેચલી,
ડોરીકી ડગરમેં કહું ભૂલી જાઓગે;
કરોગે જો દૈયા દૈયા, અરે બાપ ભઇઆ,
કહું કન્હૈયાજુકે પાલે પરિ જાઓગે.—
૧૨૭૪.

ઘડી ઘડીમાં વખત બેવખત તું બહાર જતો નહિ, કારણકે તેમ કરવામાં

બોરડીના જાળાઓમાં એક વખત ચોખા બોર ખાશો;

કુચ ઉંચા થયા છે, તેથી તેને સામટીને ઘેર બેસી રહો, નહિ તો કોઇની આંખોને લલચાવીને લાંછન લગડાવશો; (તેના તરફ જોનારને બુજાઓ તરફથી લાંછન લાગે.)

બેનપણીઓને સાથે લઇને જાઓ તો છો, પણ પોતે અલબેલી થઇને આગળ આગળ ચાલે છે; પણ આ ગલીના ડગ—રસ્તામાં કંઇક ભૂલી પડી જશો;

અને (કોઇ કુંજગલીમાં) કન્હૈયાને પાલવે પડી જશો—અડફટમાં આવી જશો તો દયા—હા, દૈવ, હા, દૈવ! ઓ બાપ! ઓ ભાઇ! કરતાં પાર પડશે નહિ.

પ્રેમ વર્ણન.

કવિત.

પ્રેમકે ન જાતિ ભાંતિ, પ્રેમકે ન દિન રાતિ,
પ્રેમકે ન જંત્ર મંત્ર, પ્રેમકો ન નેમ હૈ;
પ્રેમકે ન રૂપ રંગ, પ્રેમકે ન રાંક ભૂપ,
પ્રેમકે તો એક રૂપ, લોહ એક હેમ હૈ;
પ્રેમકે ન સુખ દુઃખ, પ્રેમકે ન હાનિ લાભ,
પ્રેમકે ન જીવ તાતેં, તીનોં કાલ છેમ હૈ;
દેવિદાસ દેખીહુ, વિચાર ચાર જુગ માંહિ,
ઐસો એ પૂરન પ્રકાશમાન પ્રેમ હૈ.— ૧૨૭૫.

ભાવાર્થ:—પ્રેમને જાત કે ભાત હોતી નથી; તેમજ પ્રેમને માટે રાત્રિ કે દિવસ હોતો નથી. વળી એજ પ્રેમનો કંઇ જંત્ર યા મંત્ર હોતો નથી. વળી પ્રેમને રૂપ રંગ હોતો નથી, તેમજ તેને ગરીબ કે રાજા બન્ને સરખા છે. પ્રેમનું એકજ રૂપ એવું છે કે જેના મનથી લોઢું અને સોનું સમાન છે. પ્રેમને સુખ કે દુઃખ હોતું નથી તેમ હાનિ

કે લાભ પણ હોતાં નથી. પ્રેમને કાંઈ છેહ હોતો નથી, (પ્રેમ નિર્જીવ હોવાથી) ત્રણુ કાળમાં આનંદ રૂપે રહે છે. દેવીદાસ કવિએ વિચાર કરીને જોયું તો ચારે જુગમાં પ્રેમ એવો પૂર્ણ પ્રકાશમય છે.

બેત.

ઔરતકી જીદ્દસે મર્દ હય,
બેજાર મજબૂર હય;
રાજ હઠ ત્રીયા હઠ,
ઔર બાલ હઠ મશહુર હય—૧૨૭૬.

ભાવાર્થ:—સ્ત્રીની હઠ એવી હોય છે કે જેથી મર્દ હેરાન થઈ લાચાર બની જાય છે. દુનિયામાં રાજહઠ, બાળહઠ, અને સ્ત્રીહઠ એ ત્રણ હઠ જાહેર છે.

બેત.

અશરાફકી કર દોસ્તી,
કમજાતસે નીભતી નહીં;
સોનેકી બોઆ કુચ્છ ઔર હય,
પીત્તલકી છીપતી નહીં.—
૧૨૭૭.

ભાવાર્થ:-લાયક માણસની દોસ્તી કરવી, કારણકે તે કમજાત માણસથી વિભી શકિત નથી સોનાની ખુશબો કંઇ છુટીજ હોય છે, પણ પીતળની છુપાતી નથી.

શિવાજીના રાજ્યમાં ન્યાય વર્તે છે:-

કવિત

ચોરી રહી મનહીમેં, ઠગોરી રહી રૂપહીમેં,
નાહિ તો રહી હૈ, એક માનનીકે માનમેં;
કેશન કુટીલતાઇ, નેનમેં ચપલતાઇ,
ભ્રોહન બાંકાઇ, હીનતાઇ કટિયાનમેં;
ભૂખન ભનંત પતશાહ પાતશાહનકે,
તેરો શિવરાજ રાજ, અદલ જહાનમેં;
કુચમેં કઠોરતાઇ, રતિમેં નિલજતાઇ,
છાંડી સબ ઠોર રહી, આની અબલાનમેં.
—૧૨૭૮.

ભાવાર્થ:-શિવાજીના રાજ્યમાં ચોરીઓ થતી નથી પણ તે ચોરી માત્ર સ્રીના મનમાંજ રહેલી છે, અને વળી

ઠગાઈ તો એના રાજ્યમાં વાસ કરી રહી છે! એ બે વસ્તુઓ માનવંતી સ્ત્રીના માનમાં દબાયલી રહી છે. શિવાજીના રાજ્યમાં કુટીલતા એટલે વાંકાપણું જોવામાં આવતું નથી, પણ તે તો માત્ર સ્ત્રીઓના વાળમાંજ રહેલ છે. વળી ચપળતા એટલે ચાલાકી માત્ર સ્ત્રીઓનાં કટાક્ષને વિષે રહેલી છે. એના રાજ્યમાં કોઈનામાં વાંકાપણું જોવામાં આવતું નથી; એ વાંકાપણું તો માત્ર સ્ત્રીઓના કમાન જેવાં વાંકા ભવાંમાંજ રહેલું છે અને હીનતા એટલે પાતળાપણું તો સ્ત્રીઓની નાજુક કમરને વિષે છે. ભૂષણ કવિ કહે છે કે પાદશાહોની પત પાડવા વાળો શાહુ શિવાજી મહારાજ તરૂ ન્યાયી રાજ્ય એ રીતે આખી સૃષ્ટિમાં ચાલે છે. કઠોરપણું તો સ્ત્રીઓનાં કુચમાં જોવામાં આવે છે; ત્યારે નિર્લજપણું એના રાજ્યમાં બીજે કંઈ ન જણાતાં માત્ર રતિ વિલાસમાંજ રહેલું છે, તેથી કરીને તે બધી વસ્તુઓ શિવાજી મહારાજના રાજ્યની બધી જગાઓ છોડીને

માત્ર અબળા એટલે ગરીબડી સ્ત્રીઓમાં આવીને ભરાઇ ગઇ છે.

સમસ્યા પુર્તિ.

જોધપૂર દરબારમાં એકવાર કવિઓને પ્રશ્ન થયો કે—

કહા કારન હંસ ચકોર લરૈ?

નીચેની પૂર્તિ સર્વોત્તમ ગણવામાં આવી.

સવૈયા. (શાલિગ્રામ.)

કૌશિકકે કુલકોં દુઃખદા,
  દ્વિજરાજહુકી દ્યુતિ દૂર કરૈ;
પાંડવ જે પુંડરીક ખીલે,
  અરૂ કૌરવ માંહિકોં દેખ જરૈ;
ચંડ ધૃણી ચલિ જાવત ક્યોં ન?
  અજોં અસતાચલહુકે પરૈ;
શાલિગ યોં સુખકે હિત જો,
  યેહિ કારણ હંસ ચકોર લરૈ.—
૧૨૭૯.

(એક ચકોર સૂર્યને જોઇને કહે છે:-)

ભાવાર્થ:-કૌશિક-ઘુવડના કુળને દુઃખદાયી એવો જે સૂર્ય તે દ્વિજરાજ-ચંદ્રમાના પ્રકાશનો નાશ કરે છે; તે સૂર્યથી પાંડવ-સફેદ રંગના કમળો ખીલે છે, અને કૈરવ-કુમુદ જોઇને બળે છે, (સૂર્ય ઉગે કે કુમુદ બીડાઇ જાય છે.)

એવો ધૃણી-સૂર્ય! તું અસ્તાચલની પેલી તરફ કેમ જતો રહેતો નથી? (અર્થાત્ અસ્ત થતો નથી.)

શાલિગ્રામ કવિ કહે છે કે સુખને માટે હંસ એટલે સૂર્યની સાથે ચકોર લઢાઇ કરે છે.

આ કાવ્યમાં કૌશિક, દ્વિજરાજ, પાંડવ, કૌરવ વગેરે શબ્દ વડે કાવ્ય ચમત્કૃતી બતાવી છે.

દોહા.

એકહીં મૃગકે કારને,
ભરત ધરી તીન દેહ,
તુલસી ઉનકી કયા ગતિ,
ઘરઘર કરત સ્નેહ.-૧૨૮૦.

ભાવાર્થ:—એક મૃગના કારણથી ભરતને ત્રણ વાર અવતાર લેવા પડયે; તુલસી કહે છે કે જે ઘેરઘેર સ્નેહ કરે છે તેની શી ગતિ?

જહાં રામ તહાં દામ નહિ,
દામ તહાં નહિ રામ;
તુલસી કબહુ હોત નહિ,
સવિતા રજની ઠામ.—૧૨૮૧.

ભાવાર્થ:—પ્રભુનું નામ ત્યાં ધનનું કામ નહિ, અને ધન ત્યાં પ્રભુ ક્યાંથી? તુલસી કહે છે કે રાતની વખતે સૂર્ય હોય નહિ.

ચટણી.

જબ આદમીકે હાલપર,
આતી હય મુફલસી;
દીલસે હયા વ શર્મ,
ઉડાતી હય મુફલસી;
અંજામકાર ભીખ મંગાતી
હય મુફલસી!—૧૨૮૨.

* ભાગ ૨—૩, પાના ૫૦૦, કિં. રૂ. ૧.

૧૪૦ કુંજ.

કવિત.

ભાયે પદ્મ કર ન તૈસે ભાગ્ય જસ્યનકે,
જૈસે ભગવાન ભીલનાકે ફલ ભાયે હૈં;
ભોજનકીસત્ભામાસત્યભામાકીભુલાઇભલે,
દુ:ખી વા સુદામાકે સુચાઉર ચખાયે હૈં;
છપ્પન સુભોગ કુરજોધનકે ત્યાગિ કહિ,
આસા ગહિ વેગનેં બિદુરઘર આયે હૈં;
ધરા ધાયે ફિરત વૃથાપે નેમ નીરધિમેં,
પાયેજિન રામ તિનપ્રેમહીસેં પાયે હૈં!

—૧૨૮૩.

ભાવાર્થ:—પદ્મકર કવિ કહે છે કે જેવાં ભગવાન રામચંદ્રને ભીલડીના હાથનાં બોર ભાવ્યાં હતાં તેવાં બીજાં કોઇનાં ભાવ્યાં નથી. સત્યભામાની ભોજનની તૈયારી છતાં શ્રી કૃષ્ણે તો સુદામા જેવા દુ:ખી પુરૂષના ચાવલ ખાધા હતા. જ્યારે કૃષ્ણ બ્રાહ્મણનો વેષ લઇને ગયા હતા ત્યારે દુર્યોધનની છપ્પન ભોગની તૈયારી

છતાં તેઓએ વિદુરને ત્યાં આથાબંધ જઇ ભોજન લીધું હતું. પાણીની પુત્રી લક્ષ્મીમાં ચિત્ત રાખી દુનિયામાં તું ફોગટ ફરી રહ્યો છે; પણ જેણે ખરો પ્રેમ બતાવ્યો છે તેનેજ પ્રભુ મળ્યા છે.

કેશવ કેશન અસ કરી,
જસ કર અરિ ન કરાહિ;
ચંદ્રબદનિ મૃગલોચની,
બાબા કહી કહી જાયિ.—૧૨૮૪.

ભાવાર્થ:—કવિ કેશવ કહે છે કે (સફેદ) બાલોએ જે સ્થિતી કરી છે તેવી હાલત કોઇ દુશ્મન પણ કરે નહિ, કારણકે ચંદ્રમુખી અને હરિણના જેવી આંખવાળી સ્ત્રીઓ બાબા (કાકા) કહીને બોલાવે છે.

દોહા.

લાખમેં એકાદ લખેસરી,
સોમેં એક સુજાન;
સબ નર બાંધે પાઘડી,
સબકું નર મત જાન.—૧૨૮૫.

અર્થ:—લાખ માણુસમાં એકાદ લખે શ્રી હોય અને સો માણુસમાં એકાદ સુજાન-સમજદાર હોય; બધાએ પાઘડી માથે બાંધી છે, પણ બધાને મર્દ સમજવા નહિ. (કઈ પુરૂષના વેષમાં હિચકારા, વગેરે પણ હોય છે.)

સારંગ શબ્દના ઘણા અર્થ.

ચોપાઈ.

સારંગ ચઢી મોહિ સારંગ કોકી,
સારંગ જાતાં સારંગ રોકી;
ઉઠો સખી સારંગ સમુજાવો,
તીસાં માહે તીન ઘટાવો.—૧૨૮૬.

કુબેર.

ભાવાર્થ:—સારંગના અર્થ મેડી, ભરતાર, અને રૂધિર. હું મેડીપર ચઢી મોટ સામાં મને સ્વામીએ બોલાવી પણ મેડી એ ચઢતાં હું રોકાઈ ગઈ, માટે હે, સખિ! સ્વામીને સત્વર ખબર આપ. (તીસ માંહેથી ત્રણ જતાં બાકી સતાવીસ રહે અને સતાવી, એટલે જલદી.

કુંડળિયા.

કયા કરે કયારી કપુરકી,
મૃગમદ બરહા બંધ;
સીંચે નીર ગુલાબસેં,
લસન તજે નહિ ગંધ—
લસન તજે નહિ ગંધ,
રૂદ્ર જે અગર સંજુતા;
કબહું હોહી ગજરાજ,
કબહું શુકરકે પિતા;
કહે ગિરધર કવિરાય,
વેદ ભાખે યહી સારી;
બીજ બોયા સો હોય,
કહા કરે ઉત્તમ કયારી.—૧૨૮૭.

ભાવાર્થ:—લસણનું બીજ રોપ્યું, કપૂરની કયારી કીધી, કસ્તુરીની ખાળ બાંધી, અને ગુલાબજળ સિંચવા માડયું, તોપણ લસણ પોતાની દુર્ગંધ

છોડતું નથી. રૂદ્ર અને અગર ચંદન સાથે મેળવવામાં આવે તોપણ લસણ પોતાની ગંધ છોડતું નથી. ભલે કોઇ નીચ માણસ હાથીને હોદ્દે ચઢી બેસે, પણ ડુક્કરની પડેલી આદત જતી નથી.

કવિ ગિરિધર કહે છે કે વેદ પણ એજ સાર કહે છે કે જે બ્રહ્મા રેખ્યું હોય તેજ થાય છે, તેમાં ઉત્તમ ક્યાંથી શું કરી શકે?

ઓસવાળ–પરમાર–બાફણા ગોત્ર.

ઓસવાળોમાં પરમાર નામનું ગોત્ર છે. ત્યાંનો રાજા દોળ પરમાર તેની સાથે એક લાખ રજપૂતોના કુટુંબ આચાર્યના ઉપદેશથી જૈન થયા હતા. ઓશિઆ નગરીમાં જૈન થયા તેથી એ ઓસવાળ કહેવાયા. ત્યાર બાદ એ પરમાર ગોત્રવાળા ઉદેપૂર જઇ આબાદ થયા હતા.

પરમાર કેવા મોટા મનના હોય છે, તેપર એક કાવ્ય છે.

છપ્પય.

મેદપાટ મેવાડ,
ભરચા બરા ભારી,
પાટ કુંભ પેડ પરમાણ,
થાપ દસ સહસમેં થારી;
દુજો પાટ અડે,
ભૂપ રાણ મન ભાવે,
આણ પરજા અનેક,
ચહું દસ ન્યાય ચૂકાવે;
થાપે જીણે થાપ,
ઉથાપે જીણને ઉથાપણા,
મહા સીંઘ કુંદરો તિલક,
બન્યો ઉદેપૂર બાફણા.— ૧૨૮૮.

ભાવાર્થ:—પરમારની શાખા બાફણા ગોત્રવાળાને તેને કુળ ગોર કહે છે કે:—મેદપાટ એટલે મેવાડમાં ભારી અને રાણાની જોડે બેસવાવાળા છો; તમારી આજ્ઞા દસ હજાર દેશમાં ચાલે છે. રાજના પાટ—ગાદીને અડીને તમે બેસો છો

અને રાણાને અતિ પ્રિય છો. પ્રજા અનેક આજ્ઞા માને છે, અને ચૌદે દિશામાં ઇનસાફ ચૂકાવો છો. જેને સ્થાપન કરવા ચાહો તેને સ્થાપી શકો છો, અને ઉખેડી નાંખવા ચાહો તેને ઉખેડી નાંખી શકો. ઓસવાળના શ્રી સંઘરૂપી કુંદના તિલક છો. એવા ઉદેપૂરના બાફણા (પરમાર) છે.

પરમાર વંશમાં એક માતાને જંગલમાં બાળક ઉત્પન્ન થતાંજ માતા મરી ગઇ; તે બાળક ઉપર એક નાગ પોતાની ફેણ ધરી રહ્યો. માની ઓળખ થતાં એ બાળકનું ગોત્ર બાલફેણા (બાળકપર ફેણ) કાયમ કરવામાં આવ્યું; અને બાલફેણાનો અપભ્રંશ થતાં બાફણા થયું. એમ કહેવાય છે કે બાફણા ગોત્રમાં હજુ કોઇને સાપ કરડયો નથી. ઉદેપૂરમાં બાફણા ગોત્રવાળાની સારી વસ્તી છે, અને તેઓએ લાખો રૂપીઆ ધર્મકાર્યમાં ખરચ્યા છે.

કવિત.

ચાંદસે ચકોર ટલે, મેઘસેં ભી મોર ટલે,
ચોરીસેં ચોર ટલે, દિલસેં દિલદાર જો;
રોગીસેં રોગ ટલે, ભોગીસેં ભોગ ટલે,
જોગીસેં જોગ ટલે, કામીસેં નાર જો;
પર્વતસેં મેરૂ ટલે, ધનસેં કુબેર ટલે,
દિનકા ભી ફેર ટલે, હો પુરા હજાર જો;
લોકન ગ શિરિ યાર, મનો યહ એતવાર,
ટલે નહિ હોનહાર, હોતે હોનહાર જો.

—૧૨૯૦.

કબીર.

ભાવાર્થ:—ચંદ્રમથી ચકોર કદાચ ટળે (જુદો પડી જાય) વરસાદથી મોર ટળે, ચોરીથી ચોર, દિલથી દિલદાર, રોગીથી રોગ, ભોગીથી ભોગ, જોગીથી જોગ, કામીથી સ્ત્રી, મેરૂ જેવો પર્વત, ધન થી કુબેર, અને દિવસનું ઉગવું—આથમવું,—એ બધું છૂટી જાય, પણ હે, મધુ

ર મિત્રો ! એટલું તો માનો કે જે થના ર હોય તેજ થાય છે અને ટળેલું ટળ વું નથી.

દોહા.

જાકી કીરતિ જગતમેં,
જગત સરાહે જાહિ;
તાકો જીવન સફલ હે,
કહત અકબ્બરશાહિ.—૧૨૯૧.

ભાવાર્થ:—જેની જગતમાં કીર્તિ છે અને જેના મનથી દુનીઆ એક ધર્મશાળા જેવી છે, તેના પુરૂષનું જીવતર સફળ છે, એમ અકબરશાહ કહે છે.

ચટણી.

વાતુડીઆ દેખ્યા બ્રહ્મવેત્તા,
સૌ દીઠા પૈસાને લેતા.—૧૨૯૨.

મસ્તારામ.

૧૪૧. કુંજ.

રાધિકાનું મુખ.

કવિત.

કોમળતા કંજતેં, ગુલાબતેં સુગંધ લેકે,
ચંદતેં પ્રકાશ લેકે, ઉદિત ઉજેરો હે;
રૂપ રતિ આનનતેં, ચાતુરી સુજાનનતેં,
નીર લે નવાનનતેં, કૌતુક નિવેરો હે;
ઠાકુર કહત યહ મસાલો બિધિ કારીગર,
ઉપમા નિહાર કયોં, ન હોત ચિત્તચેરો હે?
સોનેહુકો રંગ લે, સવાદ લે સુધાકો,
બસુધા-સુખ લૂટકે, બનાયો મુખ તેરો હે.
—૧૨૯૩.

ભાવાર્થ:—કમળમાંથી નરમાશ, ગુલાબમાંથી સુગંધ, ચંદ્રમામાંથી ઉજળો પ્રકાશ, કામદેવની સ્ત્રી રતિના મુખમાંથી રૂપ, સુજાન—વિદ્વાન પુરૂષ પાસેથી ચતુરાઇ અને નવાણાનું પાણી લઇને કૌતુકનો નિવેડો આણ્યો છે. ઠાકુર કવિ કહે છે:—

બિધિ—બ્રહ્મારૂપી કારીગરે એ બધા મસાલા એકઠો કર્યો છે; અને તેની ઉપમા વિચારીએ તો આપણું ચિત્ત ચેરો-તાબેદાર બની જાય છે. સોનામાંથી રંગ લઇને, અમૃતમાંથી સ્વાદ લઇને, અને આખી સૃષ્ટિમાંથી સુખ લૂટીને (હે, રાધિકા!) તારૂં મુખ બનાવ્યું છે.

પતિવ્રતા સ્ત્રી પ્રબીન.

સવૈયા. (પ્રવીણ સાગર.)

ખાન રૂપાન બિમાનસેં આન,
સુજાન મહાન શ્રીમાન કુમારી;
જોબનમેં છતમેં છનમેં,
તનમેં મનમેં અતિ મૈન પ્રજારી;
અંત પર્યંત ન કંથ મીલ્યો,
પરકંથહુપેં નહિ દ્રષ્ટિ પસારી;
ઐસી પતિવ્રત અન્ય નહિ બહુ,
ધન્ય પ્રબીન પતિવ્રત નારી.
—૧૨૯૪

ભાવાર્થ:-પ્રવીણ સ્વરૂપની ખાણ છે, વિમાનમાંથી ઉતરી હતી, સુજ્ઞ અને મહા શ્રીમાન્ હતી. જુવાની એવી હતી કે ક્ષણ ક્ષણમાં શરીર અને મનમાં કામ પ્રગટતો હતો. મરતાં સુધી પણ તેને સ્વામી ન મળ્યો, પણ પરપુરૂષપર નજર ફેરવી નહિ. એવી પતિવ્રતા બહુ હોતી નથી. ખરી પતિવ્રતા સ્ત્રી પ્રવીણને ધન્ય છે!

દોહા.

સજ્જન તુમહી ચતુર હો,
કહા સીખ દોં તોઇ;
તિણ વિધિ મિલજો સેણકોં,
જીણ વિધિ લખેં ન કોઇ.
—૧૨૯૫.

ભાવાર્થ:-હે મિત્ર! આપ સર્જન છો, આપને તે હું શું શિખામણ આપું? જેવી રીતે કોઇ સમજી નહિં જાય તેવી રીતે તે મિત્રને મળજો.

દોહા.

શ્રવન સુખારે હોત હૈં,
સુને સંદેશન બૈન;
તૃપિત હોઇ ક્યોં દરસ બિન,
રૂપ આહારી નૈન?–૧૨૯૬.

ભાવાર્થ:–મોઢેથી કહેલા સંદેશા સાંભળીને કાનને તો શાંતિ થાય પણ રૂપનું ભક્ષણ કરનારી જે આંખો તેને દર્શન વગર તૃપ્તિ કેમ થાય?

દોહા.

જાને વાકૂં બહોત હૈ,
અતહી શીખ અસંખ;
જાને નહિં વાકો જસૂ,
બહિરે આગે શંખ.–૧૨૯૭.

ભાવાર્થ:–જે જ્ઞાની છે તેને માટે તો દુનિયામાં અસંખ્ય શિખામણો પડી છે; અને જે અજ્ઞાન છે તેની પાસે તો, જસૂરામ કવિ કહે છે કે–બહેરા માણસ આગળ શંખ ફૂંકવા જેવું છે.

દોહા.

ધરહમેં કજિયો ચૂકે,
નાતનમેં ન સુનાય;
નાતનમેં ચૂકે જસૂ,
(તો) દિવાનકૂં ન સુનાય.

—૧૨૯૮.

ભાવાર્થ:—જે કજિયાનો નિકાલ પોતાના ઘરમાંજ થતો હોય તો તેની ફરિયાદ ન્યાતિ આગળ લઇ જવી નહિ; અને જસૂરામ કવિ કહે છે કે જેનો ચૂકાદો ન્યાતિમાં થઇ જતો હોય તો તેને રાજ્યના દિવાન પાસે લઇ જવો નહિ.

દોહા.

મેરી મતિ અતિ સ્વલ્પ હૈ,
તુમ હો ગુન ગંભીર;
દધિકોં કહા દિખાઇયેં,
જ્યોં કુંભકો નીર?

—૧૨૯૯.

ભાવાર્થઃ—મારી બુદ્ધિ તો ઓછી છે પણ તમે તો ગંભીર ગુણવાળા છો. સમુદ્રને એક ઘડાનું પાણી હિસાબમાં નથી.

દોહા.

સંપતતેં બહુતહિં બઢે,
ઔર ન ધરિયેં ચિત્ત;
એ તીનો ન બિસારિયેં,
અરિ, હરિ, અપનો મિત્ત.

—૧૩૦૦.

હરિ તો દાતા મુક્તિકો,
મિંત મિટાવત પીર;
અરિ સમરમેં તીન ગુન,
બુદ્ધિ, પરાક્રમ, ધીર.

—૧૩૦૧.

ભાવાર્થઃ—લક્ષ્મીથી ઘણુ એ વધી જઇએ તોપણ ખોટી બાબત તરફ લક્ષ આપવું નહિ; એવે વખતે દુશ્મન, પ્રભુ અને પોતાનો મિત્ર એ ત્રણેને ભુલવાં નહિ.

પ્રભુ મુક્તિને આપે છે, મિત્ર આપણી પીડા મટાડે છે, અને દુશ્મન સામો યુદ્ધ માં આવી ઉભો રહે છે, તેથી આપણી બુદ્ધિ, પરાક્રમ અને ધૈર્યતા દેખાય છે.

સોરઠા. (આદિલશાહ.)

વરસે જઈને વાડ,
એવા મે' શા કામના ?
મોટા બહુએ તાડ,
ઢાંકે નહિ નિજ પંડને !

—૧૩૦૨.

લોક વખાણે લાખ,
મોટા તુજને મેહલો;
સર્જનમાં નહિ શાખ,
વિવેક ગુણ હીણો લહી.

—૧૩૦૩.

વાવરવામાં વીર પણ,
વિવેકમાં વામણા;
એવા હોય અમીર,
પણ મૂરખ મધ્યે ખપે.–
૧૩૦૪.

કીર્તિ કમાઈ લીધ,
જેણે કર લાંબો કર્યો;
લાજ ગુમાવી દીધ,
કર જેણે હેઠો ધર્યો.–
૧૩૦૫.

એક વાવરે લાખ,
વણ અવસર કે વેઠમાં;
મનાય તે તો રાખ,
ઉડાડી વરઘોડા વિષે.–
૧૩૦૬.

ભાવાર્થઃ–સ્હેલો છે.

દોહા.

તુજે પરાઈ કયા પડી,
તું અપની નીવેડ;
તેરી ઝાઝ દરિયાવમેં,
ડુબે નહિં ત્યું ખેડ.—
" ૧૩૦૭.

ભાવાર્થ:-તને પારકી પંચાયત શી પડી છે? તું તારૂં પોતાનુંજ નીવેડ તો બસ છે. તારૂં વહાણ સંસાર રૂપી ભર દરિયામાં છે તેમાંથી જેવી રીતે બચે તેમ તેને હંકાર; અર્થાત એવી રીતે વર્ત્તવું કે નર્કમાં જવું ન પડે.

દોહા.

તુલસી યા સંસારમેં,
ભાત ભાતકે લોક;
હિલિયો મિલિયો સબસોં,
નદી નાવ સંજોગ.—૧૩૦૮.

ભાવાર્થ:-તુલસીદાસજી કહે છે કે આ દુનિયામાં જાતજાતના લોકો છે,

તેઓએ બધાની સાથે હળી મળીને રહેવું કારણકે નદીને કિનારે જેમ સામે પાર લઇ જવાને હોડી હોય છે, તેમાં જુદે જુદે સ્થળેના હજારો મણુસો અંગરજો એકબીજાને ઓળખતા નથી તો પણ હળી મળીને બેસે છે.

દોહા.

જબ કૌડીકી ચાહ ભઇ,
તબ કૌડીકા હોય;
જબ કૌડીકી ચાહ ગઇ,
તબ કોટીધ્વજ સોય.—

૧૩૦૯.

ભાવાર્થ:—જ્યારે એક કોડી પણ મેળવવાની ઇચ્છા રહે છે, ત્યારે તે માણસ કોડીનો થઇ જાય છે; પણ જ્યારે તેની મમતા કોડીના ઉપરથી જાય છે ત્યારે તે કરોડપતિ જેવો થઇ રહે છે.

૧૪૨. કુંજ.

કવિ મતિરામ ભાષાના એક શ્રેષ્ટ કવિ થયા છે. તેઓની કવિતા ચમત્કારથી ભરેલી છે. તેઓએ રસરાજ આદિ અલંકાર, નાયકાભેદના ગ્રંથો રચ્યા છે.

મતિરામ કહે છેઃ-

દોહા.

ભલો નહીં યહ કેવરો,
સખિ! ગૃહ ઉપવન ઠામ;
બસન ફૂટે કંટક લગે,
નિસી દિન? આઠાં જામ.
'-૧૩૧૦.

ભાવાર્થઃ-એક નાયિકા બગીચામાંથી આવી, ત્યારે તેના શરીરે કંઈક ઉઝરડાં પડેલા હતા અને સાડી કંઈક ફાટી ગઇ

હતી; મકાનના ઓટલા આગળજ પૂછતાં પહેલાં બોલી ઉઠી કે હે, સખિ! આપણા આ મકાનના બાગ આગળ પેલો કેવડો ઉગ્યો છે, તે સારો નહિ. કારણકે તેથી રાત દહાડો આઠો પહોર બસન-લૂગડાં ફાટે છે, અને કાંટા લાગે છે. અત્રે "રાત દહાડો" અને "આઠ પહોર" એ બંને શબ્દો એકજ અર્થના હોવાથી પુનરોકત દોષ જેવું જણાય છે; પણ એ કાવ્યનો એવો અર્થ ઘટે છે કે જ્યારે નાયિકા કહે છે કે,

બસન ફટે, કંટક લગે,

ત્યારે સખી પૂછે છે :-

નિસી? દિન?

લૂગડાં ફાટે છે અને કાંટા લાગે છે, તે રાતના કે દહાડે?

ત્યારે નાયિકા જવાબ દે છે :–

આઠો પહોર.

કવિત.

શોણિત સલિલ નર બાનર સલિલચર,
ગિરિ હનુમન્ત વિષ બિભીષણ ડાર્યો હે;
ચંવર પતાકા બડી બાડવા અનલ સમ,
રોગરિપુ જામ્બવંત કેશવ બિચાર્યો હે;
બાજિસુરબાજિસુરગજસે અનેક ગંજ,
ભરત સબંધુ ઈંદુ અમૃત નિહાર્યો હે;
સોહત સહિત શેષ રામચન્દ્ર કુશ લવ,
જીતિકે સમર સિંધુ સાચેહુ સુધાર્યો હે.–
૧૩૧૧.

ભાવાર્થ:–આ કવિતમાં યુદ્ધમાં વિજયવંત થયેલી શ્રી રામચંદ્રજીની સેનાનું સમુદ્ર સાથે રૂપક કર્યું છે.

જેમાં—ઝાડીરૂપી પાણી છે, નર, વાંદરો અને જળચર જંતુઓ છે, હનુમાનરૂપી પર્વત તથા બિભીષણરૂપી વિષ-ઝેર છે; (વિષનો રંગ કાળો ને બિભીષણનો રંગ પણ કાળો છે.) મોટા મોટા ચમર અને પતાકાઓ જેમાં વડવાનળ અગ્નિ સમાન છે, અને વૃદ્ધ જાંબુવંત રિંછરૂપી રોગારપુ-ધન્વંતરિ છે, (ધન્વંતરિ પણ વૃદ્ધ છે.) દેવતાઓના ઘોડા (સપ્તમુખ સૂર્યના ઘોડા) જેવા ઘોડા અને સુરગજ—ઐરાવત સમાન અનેક હાથીઓ છે જેમાં, અને ભરત તેમજ સબન્ધુ—ભાઇ—શત્રુઘ્ન સહિત ચંદ્ર તથા અમૃતરૂપ છે; તથા શ્રી લક્ષ્મણજીરૂપી શેષનાગ બન્ને પુત્રો કુશ અને લવ સહિત શ્રી રામચંદ્રજી રૂપી નારાયણે સમર-યુદ્ધ રૂપી સમુદ્ર જીતીને તેને સત્ય રીતે સુધાર્યો છે.

આજકાલના કેટલાક મમતી અને પક્ષાપક્ષી કરનારા પંચો વિષે કહ્યું છે કે:—

સવૈયા.

કિંચિત ન્યાય ન જાનત હૈ,
ઝગરા સુનિકે મનમેં સુખ પાવે;
ચોરકી ઓર કરે હઠસોં,
શાહસાહકે હાથન ગોલા ધરાવે;
આપનો અંગ કલંક ભર્યો,
નિકલંકકે અંગ કલંક ચઢાવે;
નર્ક પરે તિનકે પરસે,
પરપંચ કરે અરૂ પંચ કહાવે.—
૧૩૧૨.

ભાવાર્થ:—ખોટો પંચ ન્યાય જાણતો નથી પણ ઝગડો સાંભળીને મનમાં આનંદ માને છે; મમત કરીને ચોરની તરફદારી કરે છે, અને શાહ આદમીના હાથમાં ગોળો પકડાવી દે છે; પોતાનું અંગ તો કલંકથી ભરેલું છે, અને નિષ્કલંક પુરૂષના માથા ઉપર કલંક ચઢાવે છે; એવો પુરૂષ કે જે પ્રપંચ કરે અને પોતાને પંચ કહેવડાવે છે તેના સ્પર્શથી પણ નર્કે જવાય છે.

દોહા.

જસૂ ન જાચે જામસૂં,
બડો ભાટનકો ટેક;
તેરે માગન બોત હે,
(તો) મેરે ભૂપ અનેક.—૧૩૧૨.

ભાવાર્થ:—રાજનીતિજ્ઞ કવિ જસૂરામ જામનગરના જામ સાહેબ પાસે જઈ ચઢયા અને એક કાવ્ય સંભળાવ્યું. જામ સાહેબે કંઈક ગુસ્સો આવ્યાથી કહ્યું કે તારા જેવા માગનારા બહુ આવે છે. ખરા કવિની કદર કરી યોગ્ય સત્કાર ન કરવાથી કોઈપણ જાતનું ઈનામ લીધા વગર રાજ્ય છોડી ચાલ્યા ગયા અને જતી વખતે પ્રતિજ્ઞા લીધી કે હું જાતનો ભાટ છું અને મારો ટેક બહુ મોટો છે, તેથી હવેથી હું જામ પાસે માગું નહિ. તારી પાસે ઘણા માગનારાઓ આવતા હશે તો મારે જાચવાને વાસ્તે પણ ઘણા રાજાઓ પડયા છે.

દોહા.

દેશ, જ્ઞાતિ, કુલ, ધર્મનું,
ઉર રાખે અભિમાન;
તે નરવર નહીં તો ખરે,
ખર સમજો મતિમાન.—૧૩૧૪.

ભાવાર્થ:—જે માણસને પોતાના દિલની અંદર દેશ, જ્ઞાતિ, કુળ અને ધર્મનું અભિમાન હોતું નથી, તેને નર વર—પુરૂષ નહિ ગણતાં બુદ્ધિવાન પુરૂષો ખર—ગધેડા ગણે છે.

દોહા.

જીવ સાહત યા દેહકો,
બિસરી જાય સબ નેમ;
નાકા જેતા સોં કહ,
પંડિત પ્રેમી પ્રેમ.—૧૩૧૫.

ભાવાર્થ:—પંડિતો અને પ્રેમી પુરૂષો કહે છે કે પ્રેમ એવા છે કે જે આ

જીવવાળા શરીરના બધા નિયમો ભૂલી જાય છે અને તેને સોયના નાકા જેવો બારીક ગણવામાં આવે છે.

દોહા.

જામેં ઉપન્યો પ્રેમ ફિરિ,
જીઉ દિએહુ ન જાય;
તાસોં પ્રેમી કહત હે,
પ્રેમ નામ ઠહરાય.—૧૩૧૬.

ભાવાર્થઃ—જેનામાં એકવાર પ્રેમ ઉત્પન્ન થયો તો વે દેતાં દેવાતો નથી, અને તેનુંજ ખરૂં નામ પ્રેમ ઠરાવવામાં આવ્યું છે.

દોહા.

બની બનાઇ બન રહી,
અબ બનનેકી નાંહી;
તુલસી યા બિધ સમજકે,
મગન રહો મન માંહી.
—૧૩૧૭.

પ્રારબ્ધ પહીલે બના,
પીછે બના શરીર;
તુલસી યહ મન જાનકે,
ધારણ કર લો ધીર.
—૧૩૧૮.

ભાવાર્થઃ—જે આપણા કર્મમાં હતું તે બની ગયું છે, હવેથી નવું બનવાનું નથી. આ વિધિને મનમાં સમજીને તુલસીદાસજી કહે છે કે દિલમાં આનંદથી રહો.

સૌથી પહેલું નસીબ બન્યું છે, અને તે પછી શરીર બન્યું છે; આ વાત મનમાં જાણીને ધીરજ ધરી લો.

દોહા.

તું જીનસેં પ્રભુમેં મીલે,
અરૂ મિલે પ્રભુ તુજ માંહી;
ઐસો સાધન ધ્યાન બિન,
દુસરો દિસત નાંહી.—
૧૩૧૯.

ભાવાર્થઃ—જે સાધન વડે તું પ્રભુ માં મળી જઇ શકે છે અને પ્રભુ તારા ઘટમાં મળી જાય તેવા ધ્યાનરૂપી સાધન વિના બીજું ખરૂં સાધન નજરે આ વતું નથી.

દોહો.

જપમાળા, છાપા, તિલક,
સરે ન એકે કામ;
મન કાચે નાચે વૃથા,
સાચે રાચે રામ.—૧૩૨૦.

ભાવાર્થઃ—જાપ જપવાની માળા, દ્વારકાની છાપો અને તિલક ગમે તેવાં કરો તેથી એક પણ કાર્ય સિદ્ધ થવાનું નથી. મન નાહક નાચ્યા કરે છે, પણ સત્યથીજ પ્રભુ ખુશી થાય છે.

---

૧૪૩. કુંજ.

દોહા.

નારી નીકળે નેક તો,
નરનું રાખે નામ;
કુલટા સ્ત્રીના કંથને,
ભૂખ આરામ હરામ.—૧૩૨૧.

ભાવાર્થ:—જો સારી સ્ત્રી નીકળે તો પોતાના ધણીની આબરૂ વધારે છે, પણ જેને કુભારજા સ્ત્રી મળી હોય તેના ધણીને ભૂખ અને આરામ બન્ને જતાં રહે છે.

બેત.

દુશ્મન હો ચીંટીસા,
નહીં હાથીસે કમ મગર;
અહમકકા કામ હય,
જો ન રખે ઉસે ખતર,—
૧૩૨૨.

ભાવાર્થઃ—જો દુશ્મન એક કીડી બરાબરનો પણ હોય તોપણ તેને હાથી કરતાં નહાનો નહિ ગણવો; એવા દુશ્મનનો ખતરો એટલે ભય જે માણસ રાખતો નથી તેને મૂર્ખ સમજવો.

છપ્પય. (જસુરામ.)

કહો અમૃત કહા કરે,
જહાં બિખ પાસ બિરાજે;
કહો મુકતા કહા કરે,
જહાં પત્થર છબિ રાજે;
કહો નીર કહા કરે,
જહાં નિકસતે ઝારા;
કહો બેદ કહા કરે,
જહાં મદિરાકી ધારા;
ગુન સમજી મથ્યો ગયો,
નહિ જાની બિધ નીતકી;
મતિ કોઉ કરો જમકે જસુ,
ઐસી રીત અનીતકી.

—૧૩૨૩.

ભાવાર્થ:—જ્યાં ઝેરના વાસો હોય ત્યાં અમૃત શું કરે? જ્યાં પત્થરની છબી શોભતી હોય ત્યાં મોતી શું કરે? જ્યાં જ્વાળા નીકળતી હોય ત્યાં પાણી શું કરે? જ્યાં દારૂના પ્યાલા ઉડતા હોય ત્યાં વેદ શું કરે? ગુણ સમજીને પ્રયત્ન કર્યો, પણ રાજનીતિની રીતિ સમજી નાહ. જસુરામ કહે છે કે અનીતિને રસ્તે કોઇ પણ ન ચાલો.

દોહો.

પ્રેમ બિના સંસારકે,
સુખકો લહુ ન લેશ;
બિના પ્રેમ કોને લખ્યા,
હરિ મૂર્ત્તિ પરવેશ.—૧૩૨૪.

ભાવાર્થ:—આ સંસારનું લેશ પણ સુખ પ્રેમ વિના મળતું નથી. ઇશ્વરના મૂર્ત્તિની અંદર પ્રવેશ કરીને પણ તેનું ખરૂં સ્વરૂપ વગર પ્રેમે કોણ જોઇ શકયું?

દોહા.

તાતેં યા વા લોકમેં,
પ્રેમ બિના નહિ ઔર,
જાબિનુ યહ સંસાર પગ,
ધરિબેકો નહિ ઠોર.—૧૩૨૫.

ભાવાર્થ:-તેથી કરીને આ યા પર લોકમાં પ્રેમ વિના બીજી વસ્તુ નથી અને પ્રેમ વગર આ સંસારને વિષે પગ રાખવાનું પણ કોઇ સ્થળ નથી.

એક રાજસભામાં નીચેની સમશ્યા પૂર્ત્તિ કરવાને કહેવામાં આવ્યું:-

કચ્છપિ પચ્છ વિહીન પ્રતચ્છ,
અહો યહ અચ્છ ઉડાતિ અકાસમેં.

નીચેની સમશ્યાપૂર્ત્તિ સૌથી ઉત્તમ માલમ પડી.

સવૈયા. (શાલિગ્રામ.)

વાસવ એક સમૈ સુર સંયુત,
 વ્યોમ વિમાન છયે રસ રાસમૈં;
ભારતિ દેવબધૂન સમેત,
 સુગાનકિ તાનકે માન બિલાસમૈં;
વીન છુટી કરહૂતૈં અચાનક,
 દેખિ હસે ત્રિદિવેશ જુ તા સમૈં;
કચ્છપિ પચ્છ વિહીન પ્રતચ્છ,
 અહો યહ અચ્છ ઉડાતિ અકાસમૈં.—
૧૩૨૬.

ભાવાર્થ :—એક વાર ઈંદ્ર સર્વ દેવતાઓ સહિત આકાશમાં વિમાનમાં બેસીને રાશિઓમાં ફરવા લાગ્યા. ઈંદ્રાણિ સહિત સરસ્વતિ ગાનની તાનમાં લાગી રહી, એટલામાં અચાનક હાથમાંની વીણા પડી ગઇ, કે તે વખતે બધા. દેવતાઓ તે જોઇને હસવા લાગ્યા.

એ રીતે કચ્છપિ—સરસ્વતિની વીણા પાંખ વગરજ પ્રત્યક્ષ આકાશમાં ભલી, પ્રકારે ઉડી રહી છે.

સવૈયા.

સિંહનકે બનમે બાસયેં,
　જલમેં ઘુસિયે કરમેં બિછુ લીજે;
કાન ખજુરેકું કાનમેં ડારકે,
　સાપન મુખ આંગુરી દીજે;
ભૂત પિશાચનમેં બસિયે,
　ઔરં ઝેરકું ઘોલ હલાહલ પીજે;
જો જગ ચાહે જીતે રઘુનંદન,
　મુરખ મિત્ર કબહુ ન કીજે.—
૧૩૨૭.

રઘુ.

ભાવાર્થ:—સિંહના જંગલમાં ભલે વસો, પાણીમાં ઘુસો અને હાથમાં વીછુ લો; કાનખજુરાને કાનમાં નાંખો, ભલે સાપના મોંઢામાં આંગળી નાંખો, ભૂત પીશાચની અંદર જઇને વસો અથવા ઝેરને ઘોળીને પી જાઓ. રઘુનંદન કવિ કહે છે કે જો જગતને જીતવું હોય તો મૂર્ખ મિત્ર કદી પણ કરવો નહિ.

દોહા.

જગ ચાહે સોહી કરે,
ભલો બૂરો સંસાર;
નારાયણ તું બેઠકે,
અપનો ભવન સંભાર.—૧૩૨૮.

ભાવાર્થ:—સંસાર ભલો અને બુરો એમ દોરંગી છે તેથી તે ચાહે તેમ કરે છે; માટે નારાયણ કવિ કહે છે કે એવા દોરંગી દુન્યામાં ન ફસાતાં તું તારું જ ઘર સંભાળ.

કવિત. (રઘુનંદન.)

નખ બિન કટા દેખે, શીશ ભારિ જટા દેખે,
જોગી કન ફટા દેખે, છાર લાએ તનમેં;
મૌની અબોલા દેખે, કેતે સદ્‌ગુની દેખે,
માયા ભરપૂર દેખે, ફૂલ રહે ધનમેં;
આદઅંત સુખી દેખે, જનમકે દુ:ખી દેખે,
કરત કિલોલ દેખે, બનખંડી બનમેં;
શૂર ઔર બીર દેખે, અમિત અમીર દેખે,
એસે નહિ દેખે જિન્હે, કામના ન મનમેં.
—૧૩૨૯.

ભાવાર્થઃ—વગર કાપેલા નખવાળા જોગીઓને જોયા. માથે ભારી જટા જોઇ. કાનફટા જોગીઓ જોયા, કેટલા સદ્‌ગુરૂ જોયા, માયાથી ભરપૂર પણ જોયા કે જેઓ ધનના મદમાં ફુલી રહ્યા છે. પહેલેથી છેલ્લે સુધી સુખી જોયા, કંઇને જન્મના દુઃખીજ જોયા. કંઇને વનખંડી વનમાં કિલોલ કરતા જોયા, શૂરા અને વીરોને જોયા, અને અમીરોને માયા, એવા એવાઓને જોયા પણ એવા કોઇને નહિ જોયા કે જેમના મનમાં કામની વાસના નહિ હોય!

કુંજ—૧૪૪.

પહેલી.

તેલીકા તેલ, કુમ્હારકા હંડા,
હાથીકી મુઠ, નવાબકા ઝંડા—
૧૩૩૦.

ઉત્તર—દીવો.

દીવામાં તો ઘાંચીને ત્યાંનું તેલ હોય છે. કુંભારને ત્યાંનું કોડીઉં, હાથીની સુંઢ તે દીવેટ અને નવાબનો ઝુંડો તે સળગેલો સોનેરી દીવો.

બ્રાહ્મણોનો સત્કાર શ્રી રામચંદ્રજીએ કેટલે દરજ્જે કર્યો. કે:—

શ્રી રામચંદ્રજીએ બ્રાહ્મણોને કહ્યું:–

દોહા.

મેં શ્રી લખ દઉં હાથમેં,
અમર કડી જ્યોં કાન;
નર છત્રી મારે નહીં,
પગ પગ દેવે માન.–૧૩૩૧.

ભાવાર્થ:–હે, બ્રાહ્મણો! હું તમારા હાથમાં શ્રીનું નિશાન કરી ચાહું છું કે જે બકરાના કાનમાં અમર કડી પહેરાવીને તેને અમર કરે છે તે પ્રમાણે ક્ષત્રી બચ્ચો તે શ્રીને જોઇ તમને મારશે નહિ; પણ ડગલે ડગલે તમારૂં માન રાખશે. (કસાઇની પાસેથી બકરાં છોડવવામાં આવે છે તેઓના કાનમાં મહાજન લોક લોઢાની કડી પહેરાવીને છુટા મુકી દે છે કે જેથી રાજાનો એવો હુકમ હોય છે કે તેઓને કોઇપણ કસાઇ વેચાતા લઇ શકે નહી અથવા કોઇપણ મારી શકે નહિ.)

કેવો નોકર રાખવો ?

છપ્પય.

ચતુર સુઘર અરૂ ચપલ,
 સત્ય વકતા મન ભાવન;
મીલનસાર મતિ વિમલ,
 પક્ષબિં દુ પ્રિય ચિત પાવન;
શાંતિ સહિત સુવિવેક,
 સુજ્ઞ મર્મજ્ઞ ધૈર્યધર;
શુદ્ધ કુશળ દ્રઢ અંગ,
 જ્ઞાની ચિત્ત ઉદાર હિતકર,
હર્ષદ વિનોદ રસબસ સુભગ,
 સંપ જંપ વ્રત હિય ધરન,
અસ ગુન સહિત ગુણવાન જન,
 રખહુ નિકી સજ્જન ભવન.–
૧૩૩૨.

ભાવાર્થ:–કેવો નોકર રાંખવો ?–ચતુર, સુઘડ, ચંચળ, સાચો, મન હરે એવો, મિલનસાર, નિર્મળ બુદ્ધિનો, અપક્ષપાત, આનંદિત, પવિત્ર, શાંત, વિવેકી, સુજ્ઞ, મર્મને જાણનારો, ધૈર્યવાન,

શુદ્ધ, કુશળ (તંદુરસ્ત) મજબૂત શરીરવાળો, જ્ઞાની, ઉદાર, ભલું કરનારો, હરખમાં રહેનારો (હસતો) વિનોદી, રસિક, ભાગ્યવાન, સંપ અને જંપની વૃતિને ધરનારો, એવા ગુણવાળો પુરૂષ હોય તેને સજ્જન પુરૂષના ઘરમાં રાખવો યોગ્ય છે.

સંગતી–દોહા.

હોત સુસંગતિ સાહુજ,
સુખદુઃખ કુસંગ કે થાન;
ગંધી આર લુહારકી,
બેઠો દેખિ દુકાન.–
૧૩૩૩.

ભાવાર્થ:–સુસંગતિ કરવાથી સ્હેજમાં સુખ થાય છે, અને કુસંગથી દુઃખ ઉત્પન્ન થાય છે; અતર વેચનાર ગાંધી અને લુહારની દુકાને બેસીને જુઓ કે જેથી સત્સંગ અને કુસંગનો ભેદ માલમ પડે.

દોહા.

સાચી પ્રીત હૈ કમલકી,
જળ સુકે મર જાય;
જુઠી પ્રીત બકરાજકી,
જળ સુકે ઉડ જાય.—૧૩૩૪.

ભાવાર્થ:—કમલની પ્રીતી પાણી સાથે એવી સાચી છે કે પાણી સુકાવાથી કમલનો નાશ થઇ જાય છે પણ પાણી ઉપર બેસનારા બગલાની પ્રીત જુઠી છે કે પાણી સુકાવાથી તરતજ તે ઉડી જાય છે.

દોહા.

સીંચેસી તરવર ભયો,
કાટેસી ભયો જહાજ;
તારે પણ ડોબે નાહ,
બાંહ ગરેકી લાજ.—૧૩૩૫.

ભાવાર્થ:—પાણીના ઉપર વહાણ તરતું જોઇ પ્રશ્ન પૂછયો કે પાણી બધાંને ડબોવે છે. પણ આ વહાણને કેમ ડબોવતું નથી? તેના ઉત્તરમાં કવિ કલ્પનો

છે કે મૂળ બીજ હતું તેને પાણી સીંચવાથી ઝાડ થયું અને તે ઝાડને કાપવાથી તેનું વહાણ બન્યું તો એકવાર તેને રક્ષણ આપી તેની બાંય પકડી તેથી તેને એટલી શરમ છે કે તે વહાણને પાણી તારે છે પણ ડબોવતું નથી.

દુર્જન વિષે.

સુંદરદાસજી કહે છે:—

સવૈયા.

સર્પ દસેં સે કોઇ નહિં ચિંતા,
બિછુ લગે સો ભલો કર માનો;
સિંહ જો ખાય તો નાહિં કછુ ડર,
જો ગજ મારત તો કહીં હાનો;
આગ જલો જલ ડૂબ મરો,
ગીરી જાઓ ગીરો કછુ ભય મત આનો,
સુંદર ઔર ભલે સબહી દુઃખ,
દુરિજન સંગ ભલો નહિં માનો.

—૧૩૩૬.

ભાવાર્થ:—સાપ કરડી ખાય તો ભલે કંઇ ચિંતા નહીં, વીંછી કરડે તો તે પણ ભલું સમજો, સિંહ ખાઇ જાય તો કંઇ ફીકર નહીં, જો હાથી મારે તો ભલે હો.

આગમાં બળી મરો, અથવા જળમાં ડુબી મરો તો અથવા પહાડપરથી પડીને મરી જાઓ તો પણ દિલમાં કંઇ ભય લાવતા નહીં; એવાં એવાં બીજાં અનેક દુ:ખ આવી પડે તો ભલે, પણ સુંદરદાસ કહે છે—દુર્જનનો સંગ કદી ભલો જાણવો નહીં.

દોહા.

દેહ ધરેકો એહી ફલ, દેહ દેહ કછુ દેહ;
દેહ ખેહ હો જાયગી, ફીર કોન કહેગા દેહ—
૧૩૩૭.

ભાવાર્થ:—દેહ એટલે દે—આપ. શરીર ધારણ કરવાનું એજ ફળ છે કે દેહ એટલે કંઇપણ આપ. શરીર જ્યારે

આમ બની જશે, ત્યારે કોણ કહેશે કે આ દેહ છે અથવા કોણ કહેશે કે આપ.

દોહા.

મીલન ચાહો પરીબ્રહ્મકું,
તો કરના સતૂસંગ;
મુકતૂ કહે સદ્ગ્રંથકો,
એ સિધાંત અભંગ.–૧૩૩૮.

ભાવાર્થ:–મુકત કહે છે કે પરબ્રહ્મને મળવા ચાહતા હો તો સતસંગ કરવો જોઇએ; સારા ગ્રંથોનો એજ અભંગ સિદ્ધાંત છે.

દોહા.

સાંઇ આગે સાચડે, સાંઇ સાચ સુહાય;
ભાવે લંબે કેશ કર, ભાવે મુંડ મુંડાય.–
૧૩૩૮.

ભાવાર્થ:–પ્રભુ આગળ તો સાચુંજ ચાલવાનું છે, અને પ્રભુને સાચુંજ પ્રિય છે, ચાહે તો તું લાંબી જટા વધા

૨ કે ચાહે તો મુંડ મુંડાવીને ફર તેમાં કંઇ વળવાનું નથી.

કવિત. (બનારસી.)

ગંગા માંહિં આય ધંસી,
દ્વૈ નદી વરૂના અસી;
બીચ વસી બાનારસી,
નગરી બખાની હૈ;
કાશીવાર દેશ મધ્ય,
ગાંવ તાતેં કાશી નાંદ;
શ્રી સુપાસ- પાસકી,
જન્મભૂમિ માની હૈ;
તહાં દોઉ જિન,
શિવ મારગ પ્રકટ કીન્હોં;
તબ સેતી, શિવપુરી,
જગતમેં જાની હૈ;
એસી વિધિ નામ,
ભયે નગરી બનારસીકે;
ઔર ભાંતિ કહૈં સો,
તો મિથ્યા મતવાની હૈ.-
૧૩૪૦.

ભાવાર્થઃ—ગંગા નદીને આવીને જે સ્થળે વરૂણા અને અસી નદીઓ મળી છે, તેની વચમાં બનારસી નગરી વસેલી છે. (વરૂણા—વારણાને અસી—વણારસી—બનારસી) એ ગામ કાશીવાર પ્રદેશમાં આવેલું છે તેથી તેને કાશી કરીને કહે છે; તે સુપાર્શ્વ સ્વામી અને પાર્શ્વનાથ તીર્થંકરની જન્મભૂમી છે. ત્યાં એ બે તીર્થંકરોએ મુક્તિના માર્ગનો ખરો ઉપદેશ કર્યો હતો, ત્યારથી તેને શિવપુરી કરીને કહેવામાં આવે છે. એવી રીતે બનારસી નગરીનાં નામો ઉત્પન્ન થએલાં છે, અને કોઇ બીજી રીતે કહે તો તે માત્ર મિથ્યા વાદ છે.

ચટણી.

મતલબી વાણિયો.

કુંડલિયા—(ગિરધર).

બનિયા બેસ્યા એકસેં,
તામેં ફેર ન જાન,
રસહી રસ બતલાત હૈં,
ધન મન મનસેં આન—
ધન મન તન સેં આન,
બાત હિત હીકી ભાખે,
નિર્ધનીયન પહેચાન,
ધરી એકો નહિ રાખે;
કહે ગિરધર કવિરાય,
સુનોરે સબરે દુનિયાં,
મતલબહિ કે યાર,
હોત બેસ્યા ઓર બનિયા.—

૧૩૪૯.

ભાવાર્થ:—મતલબી વાણીઓ અને વેશ્યા એક સરખા હેય છે, તેમાં ફેર નથી—**મીઠી** મીઠી વાતો તન મન અને ધનથી બતાવે છે. આપણી ભલાઇનીજ વાત કહે છે; નિર્ધનીઆને ઓળખી લે છે અને એક ઘડી પાસે રાખે નહિ.

કવિ ગિરિધર કહે છે કે હે, દુનિયા ! સાંભળો ! વેશ્યા અને એવા વાણિયા મતલબનાજ યાર હોય છે.

કુંમ-૪૧૫.

પાહેલી.

સાત કબૂતર સાતોંહી રંગ,
મહલમેં જાવેં એકહી રંગ.-૧૩૪૨.

ઉત્તર-પાન.

ભાવાર્થઃ-પાન બનાવવામાં પાન, કાથો, ચુનો, સોપારી, તંબાકુ, લવંગ અને એલાયચી એ સાત વસ્તુ સાત રંગની હોય છે, પણ મોઢારૂપી મહેલમાં ગઇ તો ત્યાં માત્ર લાલ રંગ થઇ રહે છે.

દોહા.

સજ્જન ત્હાં લગ વેગળા,
જહાં લગ નયણે દીઠ;
નયણાં સુ અંતર પર્યાં,
હૈયડા માંહિ પઇઠ.-૧૩૪૩.

ભાવાર્થ:–જ્યાંસુધી મિત્રને જોયો નથી ત્યાંસુધી તે દૂર છે; આંખે આંખ મળતાં છેટું પડયું તો તેના દિલમાં ગુસી જવું.

દોહા.

કાલી ઉન સરીખડા,
 વિરલા સજ્જૅન હુંત;
જીમ ભાવે તિમ ધોઇયેં,
 રંગ વિરંગ ન જંત.–૧૩૪૪.

ભાવાર્થ:–કાળા ઉન જેવા કોઇકજ વિરલા મિત્ર હોય છે. તે ઉનને મરજી માફક ધોઇએ તો પણ તેનો રંગ બદલાઇને બીજો થતો નથી, તેમજ ખરો મિત્ર પણ બદલાતો નથી.

દોહા–(રહીમ.)

દીન લખે સબ જગતકો,
દીનહિ લખે ન કોય;
જો રહીમ દીનહિ લખે,
તો દીનબંધુ રામ હોય.–
૧૩૪૫.

ભાવાર્થ :–આખી દુનિયાને માણુસ ગરીબ ધારે છે, અથવા દુનિયાંને કાગળ લખતાં દીન–દહાડો વાર લખવામાં આવે છે, પણુ દીન–ગરીબને કોઇ ઓળખતું નથી અથવા દીન–કાળને કોઇ જોતું નથી; જો રહેમ દિલથી ગરીબને ઓળખશે તો દીનબંધુ એટલે ઇશ્વરની બરાબર થઇ જશે.

દોહા.

કહુ રહીમ કૈસે બને,
કેરી બેરીકો સંગ;
વો ડોલંત સંગ આપને,
ઉનકે ફાટન અંગ.–૧૩૪૬.

ભાવાર્થઃ— રહીમ કહે છે કે આંબાનો અને બોરડીનો સંગ એક સાથે કેમ બને? આંબો આપણી સાથે ડોલે છે, અર્થાત છાંયા આપે છે, ત્યારે બોરડીથી શરીર ફાટે છે. (અથવા કેરીનો અર્થ મિત્ર થતો હોય તો વેરી એટલે દુશ્મન.)

દોહા—(લલ્લુજી.)

પાવક ડરતેં કમલ સબ,
વસે સલિલમેં જાય;
જારૈં ડારે શિશિર તો,
વિધિસોં કહા વસાય.—
૧૩૪૭.

ભાવાર્થઃ— અગ્નિના ડરથી બધાં કમળ પાણીમાં જઈને રહેવા લાગ્યાં, શિયાળો જો તેને બાળી મુકે તો પછી વિધિને શો દોષ દેવો?

ટેકી પુરૂષ.

કુંડલિયા. (ગિરધર.)

પીવે નીર ન સરવરો,
બુંદ સ્વાતિકી આસ;
કેસરી તૃણ નહિ ચરિ સકે,
જો વ્રત કરે પચાસ;
જો વ્રત કરે પચાસ,
વિપુલ ગજ યુથ વિદારે;
સુજન તજે નહિ ધીર
જીવ બરૂ કોહુ મારે!
કહે ગિરિધર કવિરાય,
જીવ જોધક ભરી જીવે;
ચાતક અરૂ મરી જાય
નીર સરવર નહી પીવે:—

૨૩૪૮.

ભાવાર્થ :—ચાતક પક્ષી શ્વાતી નક્ષત્રમાં વરસનારા વરસાદની આશામાં ટારો 'વરનું પાણી પીતું નથી, સિંહ પચાસ દિવસ ભૂખ્યો રહે તોપણ ઘાસ ચરવાનો

નહિ, તે તો હાથીઓના મહાન ટોળા નેજ મારવાનો, કોઇ માણસ નુકસાન કરે તોપણ સર્જન પુરૂષ હિમત છોડતો નથી.

કવિરાય ગિરિધર કહે છે કે જીવ જાઓ તો ભલે—ચાતક પક્ષી મરી જાય તોપણ સરોવરનું પાણી પીશે નહિ.

સવૈયા—(રસખાન.)

દ્રોપદિ ઔ ગનિકા ગજ ગીધ,
અજામિલસોં કિયો સો ન નિહારો;
ગોતમ ગેહિની કૈસિ તરી,
પ્રહ્લાદકો કૈસે હર્યો દુ:ખ ભારો;
કાહેકોં સોચ કરૈ રસખાનિ,
કહા કરિ હૈં રવિનંદ બિચારો;
તાખન જાખન રાખિયે માખન,
ચાખનહારો સો રાખનહારો.—

૧૩૪૯.

ભાવાર્થ:—દ્રોપદી, ગણિકા, ગજરાજ, ગીધ અને અજામિલના સંબંધમાં શ્રી કૃષ્ણે કેવી સહાય કરી હતી? ગાતમની સ્ત્રી અહલ્યા કેવી તરી ગઇ, અને પ્રલ્હાદનું ભારી દુ:ખ કેવું હરણ કર્યું? રસખાન કવિ કહે છે કે શા માટે તું ફિકર કરે છે? બિચારો કર્ણ શું કરશે? તાકીને માખણને જોઇ રાખવું. તે માખણને જે ચાખવાવાળો જે શ્રી કૃષ્ણ છે તેજ આપણી રક્ષા કરવાવાળો છે.

દોહા.

ગુરૂ બિન જ્ઞાન ન ઉપજે,
ગુરૂ બિન મીલે ન ભેદ;
ગુરૂ બિન સંશય ના મીટે,
જય જય જય ગુરૂ દેવ;
શિષ્યનકો એહ ચાહીએ,
ગુરૂ કો સર્વસ દે;
ગુરૂકો એસા ચાહીએ,
શષ્યનસેં નહીં લેહ.—
૧૩૫૦.

ભાવાર્થ:—ગુરૂ વગર જ્ઞાન પ્રાપ્ત થતું નથી, અને ગુરૂ વગર ભેદ મળતો નથી; ગુરૂ વગર શંકા મટતી નથી, તેથી એવા ગુરૂ દેવને ધન્ય છે.

શિષ્યની ફરજ છે કે ગુરૂને પોતાનું બધું આપી દેવું, પણ ગુરૂની ખરી ફરજ એ છે કે કંઇપણ શિષ્યની પાસે લેવું નહિ.

દોહા.

કબીર મેરા સાધકી,
નીંદ કરો મત કોય;
જોકે ચંદર કલંક હુઇ,
તો ઉજીયારા હોય.

—૧૩૫૧.

ભાવાર્થ:— કબીર કહે છે કે મારી સાધનાની કોઇ નીંદા કરશો નહિ; અગરજો ચંદ્રમામાં કલંક છે તોપણ તે અજવાળું આપે છે.

કુભાર્યા સ્ત્રી. (કાન.)

કુંડળિયા.

મેરી ઝપટન મર્દકું, મર્દ રહ્યા ગમ ખાય,
પાનો પડયો કુનારસેં, રાવ કહાં લે જાય;
રાવ કહાં લે જાય, મદત તો ઐસી પડી,
કહાં બદલાનેં જાય, નહીં કુંભારકી હંડી;
કથે સુ કવિયાં કાન, મેરી મનમાં હે ઝેરી,
મતી હીન હે નાર, મર્દકું ઝપટત મેરી.—

ભાવાર્થ:—સ્ત્રી મર્દને ઝપાટા લગાડે છે, અને મર્દ બાપડો ગમ ખાઇને બેસી રહ્યો છે, કારણકે ખરાબ સ્ત્રીથી કામ પડયું હોય તો તેની ફરિયાદ કોની પાસે લઇ જવી?

એ કંઇ કુંભારની હાંડી નથી કે તેને બદલી લેવાય? કવિ કાન કહે છે કે સ્ત્રી મનમાં ઝેરી હોય છે; ખરે હીણુ બુદ્ધિની સ્ત્રી એવી હોય છે કે જે મર્દની ઉપર ઝપટ કરે છે.

દોહા.

સંપતકે સગે ઘણે,
વિપત પડે ટળ જાય;
જ્યું જ્યું સંપત બાવરે,
આન આન લપટાય.

ભાવાર્થ:—આપણી પાસે જ્યારે ધન હોય છે ત્યારે ઘણાં સગાં થાય છે; પણ દુ:ખની વખતે બધાં દુર ભાગી જાય છે; અને પાછી જેમ જેમ સંપતિ આવતી જાય છે તેમ તેમ પાછા તેઓ આવીને લપેટાતા જાય છે.

દોહા.

ભૂખ ગઈ ભોજન મીલા,
ઠંડ ગઈ મીલી કબા;
જોબન ગયા મીલી ત્રીયા,
તીનોકો આગ લગા.

ભાવાર્થ:—ભૂખ મટી ગયા પછી ભોજન મળે અને ટાઢ ગયા પછી કામળ મળે અને જુવાની ગયા પછી સ્ત્રી મળે એ ત્રણને આગ લાગો.

કુંડલિયા. (ગિરિધર.)

સાંઇ સત્યન જાનીએ,
ખેલી શત્રુ સંગ સાર;
દાવ પરે નહિ ચૂકીએ,
તરત ડારીએં માર—
તરત મારીએ ડાર,
નરદ કચ્ચી કર દીજેં;
કચ્ચી હોય તો હોય;
મારી જગમે જશ લીજે.
કહે ગિરિધર કવિરાય,
રીત એહી ચલી આઇ;
માર શત્રુકોં યાર,
જાનીએ સત્ય ન સાંઇ.

ભાવાર્થ:—હે, ફકીર! શત્રુનો સંગ સાર રૂપે અને સત્ય નહિ માનવો, દાવ આવ્યો તો ચૂકવું નહિ પણ તુરંત મારી નાખવો. ચોપટમાં સોગટીને જેમ કાચી કરવામાં આવે છે તેમ કાચી કરી નાખવી; કાચી થાય તો ભલે થાય, તેમ શત્રુને મારીને (દબાવીને) જગત્‌માં જશ લેવો.

ગિરિધર કવિ કહે છે કે એવીજ રીત ચાલી આવી છે. શત્રુની યારી કદી સાચી માનવી નહિ.

દોહા.

પાન પુરાના ઘ્રત નયા,
ત્યાં કુળવંતી નાર;
ચોથી પીઠ તુરંગકી,
સ્વર્ગ નિસરણી ચાર.

ભાવાર્થ:—જુનું પાન, નવું ઘી, કુળવતી સ્ત્રી, અને ચઢવાને માટે ઘોડો એ ચાર વસ્તુઓ મળી તો તે સ્વર્ગ જવાની નીસરણી સમાન ગણવી.

દોહા.

પ્રેમ જુનર નારીનકો,
સો સંસારી જાન;
ભગતિન કો ભગવંત સોં,
પરમારથી બખાન.

ભાવાર્થ:-નરનારીમાં જે પ્રેમ છે તે સંસારી પ્રેમ કહેવાય છે, ને પરમાર્થી પ્રેમ તો ઇશ્વરની ભક્તિ વિષે છે.

દોહા.

સંસારી પરમારથી,
હે અધિકો યહ પ્રેમ;
દુહૂં ભાંતિકો દેત હે,
મહા મુક્તિકો છેમ.

ભાવાર્થ:-સંસારી અને પરમારથી એ બે પ્રકારના પ્રેમ છે, તેથી બન્ને પ્રકારે મુક્તિ આનંદ પદ આપે છે.

દોહા.

સગુન નિગુન જે બ્રહ્મકે,
દુહૂ રૂપકે ધાઇ,
ફળ એકે હે દુહુ નિકો
તુરત મુક્તિ વ્હે જાય;

ભાવાર્થ:-પરમાત્માના સગુન અને નિગુન એવા બે ગુણ હોય છે તે બન્ને

તરફ ધાતાં પણ બનેનું એક ફળ જે મુકિત તેને ઝટ પ્રાપ કરે છે.

સવૈયા. (ગંગ.)

લંક મહાગઢ બંક મિકંદ,
સમુદ્રકી ખાઇ બનાય લઇ હે;
રાવન રાજાકો ઔર અવાજ,
બિનાસન કાલાકી બુદ્ધિ ભઇ હે;
સીતા હરી હરી ફોજ હની હની,
રાવનકી કયા બુદ્ધિ ગઇ હે;
કહે કવિ ગંગ સુનો શાહ અક્કબર,
રાજકી–જીવકી હાની ભઇ હે.–

ભાવાર્થ:–લંકા જેવા વાંકા મહા ગઢની ચારે તરફ સમુદ્રની ખાઇ બનાવી છે, રાવણ જેવા રાજાને વિનાશ કરવાની કાળની ઇચ્છા થઇ છે, સીતાનું હરણ થયું, ફોજ મારી ગઇ, રાવણની બુદ્ધિ કયાં ગઇ? કવિ ગંગ કહે છે કે સાંભળો! અકબર બાદશાહ! રાવણના રાજ્ય અને જીવ એ બન્નેને નુકસાન થયું!

કુંજ. ૧૪૭.

નસીબ.

જલો ગરીબકા નસીબ,
નસીબ કહાં તક દોરાવે;
લિખી કરમમેં આધી,
ક્યોંકર આખી પાવે.—૯૬૩

અર્થ:—ગરીબનું નસીબજ ગરીબ હોય છે; ક્યાંસુધી તે બાપડો પોતાનું નસીબ દોડાવતો રહે?

નસીબમાં અડધી રોટલી લખેલી છે તો આખી ક્યાંથી મળશે?

અકમાઈ.

મેંઘે મોતી કરતા ખરીદી,
ચિત્ત દોલત લગાયા;
જૈસા આયા વૈસા જાવે,
સંગ ચલનેકા ન કમાયા.—૯૬૪

અર્થ:—મોંઘા મોંઘા મોતીઓની ખરીદી કરી રહ્યો છે, અને ચિત્ત દોલતમ લગાવી રહ્યો છે, કારણકે—

જેવો આવ્યો તેવો ચાલ્યો જશે અને સાથે લઇ જવાની પુન્ય રૂપી પૂંજી તો કમાયો નથી.

કચ્છી કાવ્ય.

જીનીં તિનીંનું નથીં અં,
કીરંત સંધા કમ્મ;
રાણું રત તદે નિકરે,
જદેં ચીરાજે ચમ્મ.

ભાવાર્થઃ—જેના તેનાથી કીર્તીનાં કામો થતાં નથી. જ્યારે ચામડું ચીરાય છે, ત્યારેજ રાતું લોહી નીકળે છે.

દોહા.

નેકી કરકે નેક કો,
બદલેકી નહી આસ;
દામ ન મિલે કિસીસેં,
ફુલ જો દેવે બાસ.

ભાવાર્થઃ—જેમ ફૂલ બીજાને ખુશબો આપે છે તે કોઇની પાસે તેના

બદલામાં કંઇ પૈસા લેતું નથી તેમ નેક માણુસ બીજાને ભલાઇ કરે છે પણુ તે બદલાની આશા રાખતો નથી.

દોહા.

કુલકો દીપક સપૂત હય,
મુખકો દીપક પાન;
ઘરકા દીપક અસ્તરી,
ધડકો દીપક પ્રાન.

ભાવાર્થ:—કુળને શોભાવનાર સારો પુત્ર છે, તેમજ મોંઢાની શોભા આપનાર પાન છે; ઘરને શોભાવનાર સારી સ્ત્રી હોય છે, તેમજ શરીરને શોભાવનાર જીવ છે.

દોહા. (તુળસી):

બની બનાઈ બનત હય,
ફીર બનનેકી નાંહી;
તુલસી ટાળી નહિ ટળે,
સીતા માઈ હરાઈ !

ભાવાર્થ:—જે બનવાનું હોય તેજ બને છે, નવું કંઇ બનતું નથી. તુળસી દાસજી કહે છે કે—ટાળેલી ટળતી નથી, જેમ કે સીતા માતાનું હરણુ થયું.

દોહા. (સંગતિ.)

કરત કુસંગત ચાહત કુશળ,
યહી બડો અફસોસ;
સમુદ્રકો મહિમા ઘટયો,
રાવન ભયો પડોસ.

ભાવાર્થ:—ખરાબ સોબત કરીને કુશળ ચહાવું, એ મોટો અફસોસ છે; જુઓ કે રાવણુ જેવા દુષ્ટનો પડોશ થવાથી સમુદ્રનો મહિમા ઘટી ગયો.

ભાવી. (તુળસી.)

સુનહુ ભરત ભાવી પ્રબળ,
વિલખી કહે મુનિનાથ;
હાનિ વૃદ્ધિ જીવન મરણ,
યશ અપયશ, વિધી હાથ.

ભાવાર્થઃ—મુનિનાથ કહે છે કે હે, ભરત! તું સાંભળ! ભાવિ બહુ જોરાવર હોય છે, નુકસાન, ચઢતી, જીવવું, મરવું, કીર્તી અને અપકીર્તા વિધીને હાથ છે.

કુંડળીઆ. (નરહર.)

નરહર બિનતી કહા કરે,
જનની સુતા બિખ દેત,
વાડ ખેતકુ જો ચુગે,
સાધુ પરધન લેત—
સાધુ પરધન લેત,
નાંવ ઘર ત્રીયા જો બોરે;
જહાં પેરૂ હોય ચોર,
પ્રીત પ્રીતમ કર તોરે;
નૃપતિ પ્રજાકુ દેત દુઃખ,
કહા શમશેર કર ધર,
જનની સુતા બિખ દેત,
કહા કરે બિનતી નરહર.

ભાવાર્થઃ—નરહર કવિ શું વિનંતી કરે? જ્યાં માતાજ પુત્રને ઝેર દેતી

હોય ? વાડ ખેતરને ગળી જાય, સાધુ પારકું ધન લઇ લે, ઘરની સ્રી નામ બોળે, જ્યાં રખેવાળ ચોર હોય, પ્રીતમજ પ્રીતિને તોડનારો હોય અને રાજાજ રૈયતને દુઃખનો દેનારો હોય; એવા રાજાએ હાથમાં તરવાર પકડેલી શું કામ આવી ?

જ્યાં માતાજ પુત્રીને ઝેર આપે ત્યાં નરહર કવિ શું વિનંતી કરે ?

૧૪૮ કુંજ.

પ્રભુ કૃપા.

દોલત દુનીઆ માલ ખજાના,
યહ હૈ જગ સપના,
પ્રાન પુરૂષ જબ નિકસત લગે,
મુખ પર દિયે ઝપના;
ચાર જન મિલ લેઈ ચલે,
સોર સાર તપના,
તુલસીદાસ જગ સાર વહી હૈ,
રામ નામ જપના.

ભાવાર્થ:—દુનિયાની દોલત અને માલ ખજાનો, એ માત્ર જગતનું સ્વપ્નું છે, પુરૂષના શરીરમાંથી જ્યારે પ્રાણ નીકળવા માંડે છે, ત્યારે મોહું ઢાંકી દે છે;

ચાર જણા મળીને લઇ જાય છે, અને ગરબડ મચાવીને બાળી મુકે છે. તુલસીદાસજી કહે છે કે સૃષ્ટિમાં એજ સાર છે કે પ્રભુનું નામ જપવું.

પ્રભુ કૃપા.

જીતને તારે ગગનમેં,
ઉતને શત્રુ હોય;
કૃપા હોય શ્રી રામકી તો,
બાલ ન પકરે કોય.

ભાવાર્થ:—આકાશમાં જેટલા તારા છે, તેટલા બધા પણ શત્રુ આ જગતમાં કદાચ હોય, પણ જો એક પ્રભુની કૃપા હોય તો આપણો બાલ પણ વાંકો નહીં થાય.

શાંતરસ.

(કમાલ).

જીકર કર જીકર કર ફિકરકું દૂર કર,
બૈઠ ચોગાન બિચ બાંધ નાટી;
અલકને ખલક ફુલ પૈદા કિયા,
અંત હોજાયગી ખાખ માટી.
અમીર ઉમરાવ ઘડી ચારકે પહરમેં,
ઉઠ ચલે દરબાર હાથી;
કહત કમાલ કબીરકા બાલકા,
કરમ ધરમ દો સંગ સાથી.

ભાવાર્થ:—હિંમત રાખી ફીકરને દૂર કરીને ચોગાનમાં તાટી—ટટ્ટી બાંધીને રહે; પ્રભુએ જે દુનિયા પેદા કરી છે તે આખરે ખાખ અને માટી થઇ જવાની.

અમીર અને ઉમરાવો તેમજ દરબાર અને હાથી પણ ચાર ઘડીના પહોરમાં ઉઠીને ચાલ્યા જવાના (મરી જવાના).

કબીરનો સેવક કમાલ કહે છે કે એક કર્મ અને બીજો ધર્મ એ બેજ માત્ર સાથે આવનારાં છે.

સ્ત્રીની શકિત. (કાન)

કુંડળિયા.

મેરી આશક મર્દકું,
　બાંધા મલક મજૂર,
જાગે કે મુખ ચૂરમા,
　ઉંઘેકે મુખ ધૂર;
ઉંઘેકે મુખ ધૂર,
　ડારકે ચલી બજાર,

ઓર શેરમેં રંગ,
પીકૂં મારે પૈંજારા;
કથેસુ કવિયાં કાન,
અકલકી હયે અનેરી,
બાંધા મલુક કે મજૂર,
મર્દપર આશક મેરી.

ભાવાર્થ:—સ્ત્રી મર્દને આશક કરી આખા મુલકને મજૂરની માફક બાંધી લે છે. જે પુરૂષ જાગતો (સાવચેત) રહે છે, તેને ચૂરમું ખવડાવે છે, અને ઉંઘતાના મોઢાંપર ધૂળ નાખીને બજારમાં ચાલી જાય છે; શૂરવીર બની રંગ ખેલે છે, અને ધણીને જોડા મારે છે. કાન કવિ કહે છે કે સ્ત્રી અક્કલની અનેરી હોય છે, કે જે મુલકને મજૂરની માફક બાંધી મર્દપર સરદારી ભોગવે છે.

ગફલત.

નર ગફલતમેં દિન ખોતે,
હરનામ બિસારે જાતે હય;
મુઠી બાંધે આતે હય,
ઔર હાથ પસારે જાતે હય.

ભાવાર્થ:—માણુસ ગફલતમાં રહીને દિવસો પર દિવસો ગુમાવી પ્રભુનું નામ વિસારતો જાય છે; કારણકે જન્મતી વખતે મુઠી બાંધેલી હોય છે, એટલે જન્મતાં તો કંઇ લઇને આવે છે, પણ મરે છે ત્યારે હાથ લાંબા કરીને ચાલ્યો જાય છે.

જોબન થા જબ રૂપ થા,
ગ્રાહક થે સબ કોઇ;
જોબન રૂપ ગમાયાકે,
બાત ન પૂછે કોઇ.

ભાવાર્થ:—જ્યારે જુવાની હતી ત્યારે રૂપ પણ હતું, અને ત્યારે આપણને સર્વ પૂછવા આવતાં હતા. પણ જોબન અને રૂપ ગુમાવ્યા પછી કોઇ પૂછતું નથી.

કુંડળિયા.

(ગિરિધર.)

નયનાં જબ પરવશ ભયે,
 ઉત્તમ ગુણ સબ જાય,
વે ફીરી ફીરી સીરી કરેં,
 ફ્ફ ફીરી ફીરી લપટાય;
ફીરી ફીરી લપટાય,
 નેત્ર બાહુરે ભરી આવે,
ખાનપાન સુખ ત્યાગ,
 રાત દીનહી દુઃખ પાવે;
કહે ગિરિધર કવિરાય,
 સુનો તુમ શ્રવણની બયના,
લોક વેય અકલંક,
 પરજબ પરવશ નયના.

ભાવાર્થ:—જ્યારે આંખો પરવશ થાય છે, ત્યારે સારા ગુણો જતા રહે છે; પારકે વશ નહિ રહેલી આંખો ફરીને

ઠંડક આપે છે, ત્યારે આ આંખો પાછી ને પાછી લપેટાય છે. આંખો ભરાઇ જાય છે, ખાનપાન અને સુખનો ત્યાગ થાય છે, અને રાત દિવસ દુઃખી થાય છે. કવિ ગિરિધર કહે છે કે હે, કાન ! અને જીભ ! તમો સાંભળો ! આંખો પરવશ થઇ ત્યારે લોક તો અકલંક થાય

દોહા.

મુકત કહે મતી મંદ નર,
સંતકે અવગુન ગાત,
જયું બગલા ગંગા ગયે,
તદપી મછલી ખાત.

ભાવાર્થ:—મુકત કવિ કહે છે કે કમ બુદ્ધિનો માણુસ સંત પુરૂષના અવગુણુ ગાય છે; બગલો ભલે ગંગાજી ગયો તો પણુ તે તો ત્યાં પણુ માછલાંજ ખાય છે.

દોહા.

સાહેબકે દરબારમેં,
સાચેકુ શીરપાવ,
જુઠા તમાચા ખાયંગા,
ક્યાં રંક ક્યા રાવ.

ભાવાર્થ:—પ્રભુને ત્યાં માત્ર સાચા નેજ બદલો મળે છે. જુઠાને તો તમાચાજ પડવાના. પછી તે ભલે રાજા કે ગરીબ હોય.

દોહા.

તુલસી આ જુગ આયકે,
કર લીજે દો કામ,
દેનેકા ટુકડા ભલા,
લેનેકા હરી નામ.

ભાવાર્થ:—તુલસીદાસજી કહે છે કે આ દુનીઆમાં આવીને બે કામ તો જરૂર કરવાં. એક તો કોઇને ટુકડો પણ દાન દેવું અને બીજું હરીનું ભજન કરવું.

૧૪૯—કુંજ.

પૈસા વિષે.

સગાં બધાં છે જરના યારો,
જર માતા ને તાત;
ભાઈ બેહેન ને જોરૂ જરના,
જર વણ કશી ન પાત;
જરથી રાજા નવાબ જરથી,
જરથી શેઠ ગણાય;
જર વણ ઠાલા નર જે ભટકે,
લાત બધે તે ખાય;
જરથી મુનીવર ચળે ચુકે છે,
સતી પતિનું ધ્યાન;
જરથી દાના મનાય સઘળે,
હોય કદી નાદાન;
ગુલામ સઘળા જરના ભાઈ,
જર કો'નું ન ગુલામ;

જપે પ્રથમ જર નામ પછીથી,
લેશે રબનું નામ;
જર જગમે પુર જોર હુવા,
જરકી અપુરવ બાત;
જર ખુટયો જરદારકો,
સુજાત હોત કજાત;
પરમેશ્વર પૈસો મને,
દુન્યા મારી ધન;
ધન ગયું દુન્યા ડુબી,
ખાક થયાં તન મન;
માયા મન પૈસા તણી,
પ્રીતજ પૈસા કાજ;
જગ નાટકમાં જર ભલું,
જર સઉનો સરતાજ.

ભાવાર્થ:—તદ્દન સહેલો છે.

(છપ્પય—ચંચળપણા વિષે.)

રાજા ચંચળ હોય,
 મુલ્ક કર નગર બસાવે,
પંડિત ચંચળ હોય.
 ભેદ કર સભા રિઝાવે;
હાથી ચંચળ હોય,
 ફલાંગ નગાર દિખાવે.
ઘોડા ચંચળ હોય.
 ચટક ચોગાન ચલાવે;
ઇતનાતો ચંચળ ભલા,
 રાજા પંડિત ગજ તુરી.
કવિ ગંગ કહે સુન પાદશાહ.
તરૂણી ચંચળ બહુ બુરી.

(લખ્યા લેખ નવ ટળે.)

[illegible]

હુન્નર કરો હજાર,
નર પામે સાહેબી,
મો લખ્યા લેખ કીરતાર;
લખ્યા લેખ કીરતાર બીન,
શાયર કયા પાવે,
ભટકત ફીરે બજાર,
ગાંઠકી લાજ ગમાવે;
ઉત્તર ચઢો ઉતરો પખન,
દસો દીશા દેખ દોડી,
હુન્નર કરો હજાર,
ભાગ્ય બીન મલે ન કોડી.

(પ્રભુ ભજવામાં તત્પર રહો.)

શ્વાસે શ્વાસે રામ ભજ,
મિથ્યા શ્વાસ મત ખોય,
ના જાણું એ શ્વાસકી,
આવત ફીર નહીં હોય;
કાલ કરં તો આજ કર,
આજ કરં તો અબ,
અવસર વીત્યો જાત હે,
ફીર કરેગો કબ;
તુલસી વીલંબ ન કીજીએ,
ભજ લીજે રઘુવીર,
ન તર કસતે જાત હે,
શ્વાસ સારખે તીર;
જો પ્રભુ ભવજલ તરનકું,
દીયો મનુષ્ય તન નાવ,
મુકત કહે ભજ તહીકું,
મત ચુકે અબ દાવ;
રામ નામકી લુટ હે,
લુટ શકે તો લુટ,
અંત કાલ પસ્તાયગા,
પ્રાણ જાયગા છુટ.

(પ્રભુ સ્મરણ વિષે.)

જપ તપ તીરથ જાયા,
જોગ યજ્ઞ વરત દાન;
મુકત નાહી હોવન સદા,
જેહી ઉર શ્રી ભગવાન;
નવધા ભાકત હોત હે,
આઠ પોહોર એક તાર;
મુકત કહે જેહી સંત ઉર,
રહત સદા કીરતાર;
નામ લીયા જીને સબ લીયા,
સકલ શાસ્ત્રકા ભેદ;
બીના નામ નરકે ગયે,
પડપડ ચારો વેદ;
પઢનેકી હદ સમજ હે,
સમજ નકી હદ જ્ઞાન;
જ્ઞાનકી હદ હરી નામ હે,
યહ સાધાંત ઉર આન.

(પતિનો વિયોગ.

પંચી પોંહોંચા દેસકો,
ઓર હમ રહે પરદેશ;
રાખ લગાઉ સીર પાઉં કો,
લઉં જોગનકો બેસ.

(સંપ વિષે.)

સંપ થકી સુખ ઉપજે,
સંપથી જાય કલેશ;
જેના ઘરમાં સંપ નહીં,
લેનેતેહની સુખ શા.

૧૫૦ કુંજ.

(દોહા.)

ચંદ્ર થઈ ક્યાં બાળતો,
કાં ઉપજાવે રોષ;
નાગર રે ! ગાગર થઈ,
સાગરનો શો દોષ.

ભાવાર્થ:—વિરહાનળથી વ્યાકુળ અને મદનના મારથી અસહ્ય બનેલી એવી એક યુવતિ પોતાને દ્રષ્ટિગોચર થતા એક પુરૂષને ચંદ્રવત્ સંબોધી કહે છે કે, હે ચંદ્ર ! તું શીતળ છતાં કેમ બાળે છે? વળી મ્હારા ઉર—મનને રોષ—દિલગીરી—દુ:ખ કાં આપે છે? પ્રત્યુત્તરમાં (તે વચન પુરૂષના કર્ણદ્વારે જતાં) જણાવે છે કે હે નાગર—ચતુર સ્ત્રી? તું ગાગર—હલકી—નાની—ક્ષુદ્ર છે તેમાં સાગરનો શો દોષ છે?

(અર્થાત ગાગર લઘુત્વમય છે, તેથી સાગરનું સમગ્ર જળ તેમાં જેમ સમાતું નથી તેમ હલકી—છિચ્છંખલ સ્ત્રી

ઓમાં સજ્જનનો પ્રેમ સમાતો નથી.) તો ત્હારો મિથ્યા પ્રલાપ મ્હારા પ્રતિ અશકત છે. આવો ઉત્તર મળતાંજ સ્ત્રી નીશાસા નાખતી મુકવત્ નીચું જોઇ પોતાને ધિ:કારવા લાગી.

(દોહા.)

અધર સુધાધર વિષધર 'થાય;
વિભાવરી તુજ બાળે કયાંય.
આત્મ સદનમાં કરતો ક્રિડ;
પોષકને એ કરતો પીડ.

ભાવાર્થ:–એક વિયોગીની–પતિ વિયોગીની યુવતિ પતિને ચંદ્રરૂપે કલ્પી કહે છે કે–હે અધર સુધાધર (અંતરિક્ષ સુધાધર) (ચંદ્ર) તું સુધા (અમૃતને) ધારણ કરનાર છતાં વિષધર–ઝેરને ધારણ કરનાર કેમ થાય છે? અને ત્હારાથી ઉત્પન્ન થતો પ્રકાશ–કિર્ણ વિભાવરા રૂપે થઇ મને કેમ બાળે છે? આ સમયોચિત પ્રસંગે તેની પ્રૌઢા સખી તે સમયાનુસાર તેના અંતર–મનનો ભાવ જાણી

માર્મિકપણે કહે છે કે હે સખી ? એ ચંદ્રનો પ્રભાવ (પ્રતાપ) એવોજ છે કે એનાથી ઉત્પન્ન થતો પ્રેમ જેના અંતઃકરણમાં પ્રવેશે છે અને જેમ જેમ એને ખીલવે છે તેમ તેમ એ પિડાકર થઇ પડે છે.—વિયોગના પ્રસંગમાં.

(દોહા.)

જલજા કરતી કલ્પના,
ઉર ઉપજાવી રોશ;
પુત્રીવત્ એ પોષતો,
અવધિ ! છે સંતોષ !

ભાવાર્થઃ—જળથી જેનો પ્રાદુર્ભાવ થયેલો એવી જલજા—(લક્ષ્મી) પોતે વિચાર તરંગોમાં રોશ કરતી કહે છે કે, અહાહા ! જ્યારે હું ન હતી ત્યારે મ્હને ધારણ—કરનાર મેળવવાને ઉત્કટ પ્રયત્ન કરતો હતો. જ્યારે મ્હારો અવિર્ભાવ થયો ત્યારે મને પુત્રીવત્—છોકરી સમાન પાળે છે—રાખે છે. સ્રીને સ્રી રૂપે ઉપયોગમાં લેવાથી તેને સંતાનોત્પત્તિ થઇ

દરેક આશા—ઇચ્છાઓને વધારે છે. અને પુત્રી રૂપે સંગ્રહી રાખવાથી તેના યોવનનો અને જીવનનો હેતુ ફળિત થતો સચવાતો નથી. એવું જાણે છે છતાં મ્હને આવી રીતે સંગ્રહી રાખે છે. તો એના આવા સંતોષને ખરેખર અવધિ છે!!!

(અર્થાત)—લક્ષ્મી (પૈસા) ને સન્માર્ગે વ્યય થવોજ જોઇએ.

(ઉપજાતિ વૃત્ત.)

ઉરે ખરે સદ્ય ગમાર!
ચેત બની રહ્યો શું બહુધા અચેત;
શિરે ફરે કાળ કરાળ વેરી,
જેની ખરે જાળ અત્યંત ઝેરી.
વિચારી જો ને દિલમાંહી તારા,
વૃથા સુતા પુત્ર કુટુંબ દારા;
લુબ્ધા તજી દામ તમામ કેરી,
ભજે ન કાં શામ્બ સુખાબ્ધી લેરી.

ભાવાર્થ:—હે ગમાર! ખચીત તું તરત ચેત, તદ્દન અચેત (જડ) શું બની રહ્યો છે? મ્હારા શીરે ઉપર ત્રિકાળ કાળ

રૂપ દુશ્મન ભમી રહ્યો છે, કે જેની ઝાળ અત્યંત ઝેરી છે, તું વિચારીને મનમાં જો કે ત્હારી છોકરી, છોકરો, સ્ત્રી અને કુટુંબ તે સર્વે વૃથા છે. તો એવી દામ વિગેરેની તમામ લુબ્ધા (પીડા) તજીને સુખના સમુદ્રની લ્હેરીરૂપ શામ્બ (શીવ) કાં ભજતો નથી?

(છપ્પય.)

શરમ બહી જગ માંહી,
શરમસેં બડે કહાવે;
શરમ બિના કુછ નાંહિ,
શરમ સબકે મન ભાવે;
શરમ બનિજ બેપાર,
શરમ જા રનમેં ઝૂંઝે;
શરમ શુભાકર દાન,
શરમ બિનુ બાત ન બૂઝે;
મેં હે શરપુરૂષ ધન જીવનો,
ઔર બાત દેખી નરમ;
યો ગુન બિચાર કવિ ગંગ કહિ,
ધન! ધન! જામે હે શરમ!

ભાવાર્થ—જગત્માં શરમ વસ્તુ મ્હોટી છે. શરમ વિના સંસાર નહિ જેવો છે. શરમ સર્વને ગમે છે. એજ શરમથી વણીકો (વાણીઆઓનો) વેપાર ચાલે છે. એજ શરમથી રણમાં શત્રુ સામે લડવું પડે છે. એજ શરમ પુરૂષ જીવનનું ધન છે. એ વિનાની બીજી સર્વ વસ્તુ એ નરમ—(દમ) વિનાની છે. એવા એવા ગુણોનો વિચાર કરતાં ગંગકવિ કહે છે કે એ શરમ જેમાં જામી રહે છે અર્થાત—જેનામાં શરમ છે ત્હેનેજ ધન્ય છે ! !

(કુંડલિયા.)

બિના બિચારે જો કરે,
સો પીછે પસ્તાય;
કામ બગારૈ આપનો,
જગમેં હોત હસાય;
જગમેં હોત હસાય,
ચિત્તમેં ચૈન ન પાવે;